પાનાં : ૩૨ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૬ નવેમ્બર ૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

સાપ્તાહિક વિશેષ ચિત્રલોક

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૨ વર્ષ : ૯૪, અંક : ૩૦૨ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4



indriya.com

ADITYA BIRLA
JEWELLERY

INDRIYA
ADITYA BIRLA | JEWELLERY

આ ધનતેરસે, ઈન્દ્રિય સ્ટોરમાં આવો અને
ઈન્દ્રિયના નવા કેરિયર કલેક્શનની ખૂબસૂરતી નિહાળો.

મૂલ્ય આપવાની ઉમદાવૃત્તિની શોભા વધારો
અનમોલ ક્ષણોની યાદગાર સ્મૃતિઓ માણો.

આવો, કે જ્યાં આવો અનંત સમૃદ્ધિ જોવા,
દીપ પ્રકટે પોતાપોતામાં એટલી હસતી અનોખી દિવાળીના ઘરો,
જે જોઈને નમતું દિવ્ય અજવાળું
દિવ્ય બની જાય ધરી

INDRIYA
ADITYA BIRLA | JEWELLERY

સ્પેશિયલ ધનતેરસ ઑફર્સ

ગોલ્ડ જ્વેલરી મેકિંગ ચાર્જિસ પર 8% સુધીની છૂટ*

30% સુધીની છૂટ
સોનાના ઘરેણાંના મેકિંગ ચાર્જિસ પર (બિલ પર પ્રતિ ગ્રામ ₹100 સુધી બચત કરો)*

50% સુધીની છૂટ
ડાયમંડ જ્વેલરી પર*
(બિલમાં લાગેલી ગોલ્ડ જ્વેલરીની ડાયમંડ ઇક્વિવેલન્ટ)

ડબલ ગોલ્ડ રેટ ઓફરકામ
25% એડવાન્સ ચૂકવો અને બિલવાળો ગોલ્ડ રેટ*
બાકીનું બિલ જ્યારે તમે ચૂકવો ત્યારે ચૂકવો.
તમે કિંમત જ્યારે ચાહો ત્યારે ગોલ્ડ આપો.

HDFC BANK FESTIVE TREATS

Transaction Amount*	₹50,000 to ₹1,00,000	>₹1,00,000
Discount*	2% of swiped amount	₹5,000 Off

*નિયમ અને શરતો લાગુ

સ્ટોર્સ જિરાફ સર્કલ, મણિનગર • પંચવટી સર્કલ, સી.જી.રોડ • જોધપુર ક્રોસ રોડ, સેટેલાઇટમાં

પાનાં : ૩૨ કિંમત : રૂા. ૫-૦૦ * * તા. ૬ નવેમ્બર ૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૨ વર્ષ : ૯૪, અંક : ૩૦૨ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

બાંગ્લાદેશની કોર્ટે તેમને મૃત્યુ દંડની સજા ફટકારી છે

હું ડિસેમ્બરમાં ગમે તે ભોગે બાંગ્લાદેશ પરત ફરીશ : હસીના

(પીટીઆઈ) ઢાકા, તા. ૫

૨૦૨૪માં થયેલા જનવિદ્રોહ પછી સત્તામાંથી હટાવવામાં આવેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ પત્રકારોને જણાવ્યું છે કે તે આગામી મહિને

(અનુસંધાન ૧૩મે પાને)

સત્તા છોડ્યા પછી હસીના ભારત આવી ગયા હતાં અને ત્યારથી અહીં જ છે







Pigeon

મૅક્સિમમ
પ્યાર
મૅક્સિમમ
તહેવાર

આ તહેવારોની સિઝનમાં, Pigeon સાથે વધુ રાંધો, વધુ ઉજવો.

STOVEKRAFT

Follow us on

Ahmedabad, Gandhinagar: Western Marketing: 9727753665 Madhuvan Sales: 8488813396 Deyan Sales: 9925223260 Keya Digitronics Pvt Ltd.: 9586092451
Anand, Nadiad: Essen Marketing: 9998868703 Sales: 9998030231, 7801990513 Mehsana, Patan, Palanpur, Himmatnagar: Sadguru Plast: 9512123764 Sales: 9909917350
Surendranagar: Monali Kitchenware: 8347489999 For Corporate and Bulk Enquiries: 9898233440

Pigeon Exclusive Stores: Ahmedabad: Bhimjipura: 9875289815 Naroda: 9601399039 Kubernagar: 8866218041 New Naroda: 8490078880
Bapunagar: 9537670294 Tragad: 7862805406 Memnagar: 6351420151 Nikol: 7567333692 Anandnagar: 9712557799 Parimal Garden: 9898759143
Himmatnagar: 9714700579 Nana Chiloda: 07984487031 New CG Road: 9374072740 Gota: 6351705621

For franchise enquiries and corporate/bulk orders, contact: 9904257426

For any service related queries, please contact: 6364914202

Locate your nearest
Pigeon Exclusive Store

અમદાવાદ સીટી માટે

પાનાં : ૩૨ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૬ નવેમ્બર ૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૨ વર્ષ : ૯૪, અંક : ૩૦૨ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

મસ્કે રિપબ્લિકનો માટે ખર્ચેલા ૪૪.૫ કરોડ ડોલર પાણીમાં

ડેમોક્રેટ્સની બ્લૂ વેવની લહેરમાં મસ્કના ૧૩૦ અબજ ડોલર ડૂબ્યા

ન્યૂયોર્ક, તા.૫

અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કે અમેરિકાની કોંગ્રેસ પર નિયંત્રણ માટે મિડટર્મ ચૂંટણીમાં પ્રમુખ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના વિજય માટે ૪૪.૫

(અનુસંધાન ૧૩મે પાને)

મિડટર્મ ચૂંટણીના પરિણામોથી ટેસ્લાના શેરોમાં ૩.૩ ટકા, સ્પેસએક્સના શેરોમાં ૩.૮ ટકાનો કડાકો

પ્રમુખ ટ્રમ્પની સત્તા પર કાપથી વિશ્વ શાંતિની અપેક્ષા, ક્રુડ ઓઈલના ભાવમાં કડાકાની અસર

ધનતેરસ પૂર્વે ધનવર્ષા શેરબજાર ૩. ૫૦૨ લાખ કરોડની ટોચે

(વાણિજ્ય પ્રતિનિધિ)

મુંબઈ, તા.૫

વિશ્વ શાંતિની વાતો અને અમેરિકા ફર્સ્ટનો નારો આપનારા અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે શાસન સંભાળ્યા બાદ વિશ્વને યુદ્ધના ખપ્પરમાં હોમતા અને ટેરિફનો આતંક ફેલાવતા અમેરિકનોએ જ મિડ-ટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને જાકારો આપતાં વિશ્વએ રાહતનો શ્વાસ લીધો છે. અમેરિકન સેનેટ અને રિપબ્લિકન હાઉસમાં હવે ડેમોક્રેટનું વર્ચસ્વ વધતા ગુરુવારે વૈશ્વિક બજારોમાં હર્ષોલ્લાસ સાથે તેજીનું તોફાન આવ્યું હતું. ભારતીય શેર બજારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ઘટાડા તરફી રહેલા શેરોના ભાવો ટૂંકાગાળામાં જ તીવ્ર વધી આવતાં અને ધનતેરસ પૂર્વે ગુરુવારે વિદેશી ફંડોએ શેરોમાં અઢળક ધનવર્ષા કરીને સંવત ૨૦૮૨ના અંતિમ દિવસોમાં ભારતીય રોકાણકારોના નિરાશ ચહેરા પર રોનક લાવી દીધી છે.

શેરબજાર દિવાળી પહેલાં રોકેટ બન્યું : સેન્સેક્સ ૨૦૦૯ પોઈન્ટની છલાંગે ૭૯૩૧૦ : નિફ્ટી સ્પોટ ૫૭૬ પોઈન્ટ ઉછળીને ૨૪૫૩૭

ફોરેન ફંડોએ આજે રૂ.૧૫,૦૦૦ કરોડ જેટલા શેરોની જંગી ખરીદી કરીને રોકાણકારોની એક્ત્રિત સંપત્તિના આંકને રૂ.૫૦૦ લાખ કરોડની સપાટી પાર કરાવી દીધી હતી. આ સાથે સેન્સેક્સ ૨૦૦૮.૬૧ પોઈન્ટ ઉછળીને ૭૯૩૧૦.૦૧ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સને ૫૭૬ પોઈન્ટના ઉછાળે ૨૪૫૩૬.૬૦ની સપાટીએ લાવી દીધા હતા. રોકાણકારોની સંપત્તિમાં આજે એક જ દિવસમાં રૂ.૮.૧૮ લાખ કરોડનો જંગી વધારો થતાં સંપત્તિનો આંક પ્રથમ વખત રૂ.૫૦૧.૬૮ લાખ કરોડની ઊંચાઈએ પહોંચી ગયો હતો.

વિશ્વ હવે યુદ્ધ અને જીઓપોલિટીકલ ટેન્શનની અનિશ્ચિતતા, અસ્થિરતાની પરિસ્થિતિમાંથી મુક્ત બનવાની વિશ્વની અપેક્ષાએ અને વિદેશી ફંડો માટે ભારતમાં લાલજાજમ બિછાવવાની મોદી સરકારની તૈયારીના ભાગરૂપ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ (એલટીસીજી) નાબૂદ કરવાની ઘડી ગણાઈ રહી હોઈ આ સપ્તાહમાં ફોરેન ફંડોએ શેરોમાં સતત નેટ ખરીદદાર બનીને શેરો અસાધારણ તેજી કરી હતી.

ભારતીય શેર બજારોમાં ટૂંકાગાળામાં શેરોમાં મોટી તેજી જોવાઈ છે. છ દિવસની તેજીમાં સેન્સેક્સમાં ૬૦૬૩.૯૮ પોઈન્ટનો જંગી ઉછાળો નોંધાયો છે. જ્યારે નિફ્ટી-૫૦ ૧૮૩૭.૭૫ પોઈન્ટનો વધારો થયો છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ શેરોમાં પાંચ દિવસમાં રૂ.૩૫,૮૧૦ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે.


ટ્રમ્પ સરકારને પછડાટ અને તેમની ટેરિફ નીતિ અને યુદ્ધના નિર્ણયોની ચોમેર અમેરિકામાં ટીકા થવા લાગતાં હવે ટ્રમ્પ સરકાર ટેરિફ રિવર્સલ કરે એવી શકયતાના અહેવાલોએ એડવાન્ટેજ ઈન્ડિયા બનવાની અપેક્ષાએ અને ક્રુડના ભાવમાં ગઈકાલે

(અનુસંધાન ૧૩મે પાને)

FII/FPISની પાંચ દિવસમાં રૂ.૩૫,૮૧૦ કરોડની ખરીદી

તારીખ	ચોખ્ખી ખરીદી (રૂ.કરોડમાં)
૩૦,ઓકટો	રૂ.૩૫૯૯
૨,નવેમ્બર	રૂ.૩૧૧૫
૩, નવેમ્બર	રૂ.૬૮૩૭
૪,નવેમ્બર	રૂ.૭૨૮૪
૫,નવેમ્બર	રૂ.૧૪,૯૭૫

વિદેશી ફંડો માટે એલટીસીજી દૂર થવાની અપેક્ષાએ FIIએ પાંચ દિવસમાં રૂ. ૩૫,૮૧૦ કરોડની ખરીદી કરી



અમેરિકન શેર બજારોમાં કડાકો : નાસ્ડેક ૧૧૬૯, ડાઉ જોન્સ ૧૩૪૨ પોઈન્ટ તૂટ્યા

મોડી સાંજે અમેરિકી શેર બજારોમાં આજે કડાકો બોલાયો હતો.

ચાલુ બજારે અમેરિકામાં ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૩૪૨ પોઈન્ટનો ઘટાડો અને નાસ્ડેક ઈન્ડેક્સ ૧૧૬૯ પોઈન્ટનો કડાકો બતાવતા હતા. આ પૂર્વે એશિયા-પેસેફિક દેશોના બજારોમાં જાપાનનો નિક્કી ૧૧૧૧ પોઈન્ટ તૂટ્યો હતો. તાઈવાન વેઈટેજ ૧૩૭૪ પોઈન્ટ, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩૦૦ પોઈન્ટ તૂટ્યા હતા. જો કે યુરોપના બજારોમાં સુધારો રહ્યો હતો.











દિલ્હીની વાત

અહો આશ્ચર્યમ, ખડગેના પુત્રએ આરએસએસના વખાણ કર્યા !

નવીદિલ્હી, તા. ૫

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે અને કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયાંક ખડગેએ એકાએક આરએસએસના વખાણ કર્યા છે. થોડા દિવસો પહેલા સુધી પ્રિયાંક ખડગે આરએસએસના મોટા ટીકાકાર હોવાથી પ્રિયાંક ખડગેના નિવેદનને કારણે ઘણાને આશ્ચર્ય થયું છે.

એમણે કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના લોકો સારા હોય છે. કર્ણાટકમાં મોરચા કાઢવા માટે જરૂરી તમામ માહિતી સંગઠને આપી દીધી છે.

સરકારને પહેલા જાણકારી નહોતી કે માર્ચનું આયોજન કોણ કરી રહ્યું છે, પરંતુ આરએસએસએ હવે પોતાની શાખાઓમાં સામેલ લોકોના નામ સહિત તમામ માહિતી સત્તાધીશોને આપી છે.

મીડિયાએ મને ડરાવી દીધો હતો કે, આરએસએસ મંજૂરી નહીં માગે અને જાણકારી પણ નહીં આપે. કોઈક જગ્યાએ એમને મંજૂરી નથી આપવામાં આવી તો પણ આરએસએસએ સહકાર આપ્યો છે.


(અનુસંધાન ૧૩મે પાને)

બોધડક -મંજુલ



એક આદર્શ પુત્ર, યુવરાજ અને રાજા બધું જ હતું... પણ મને તો વીએફએક્સ જ ગમ્યું !





આજે નાની ચાની કિટલીથી લઈને મોટી ઓફિસો તેમજ ઘરે-ઘેર મોંઘવારી અને મંદીની ચર્ચા થઈ રહી છે. પરંતુ વાસ્તવમાં તેનાથી તદન વિપરિત સ્થિતિ જોવા મળી રહી છે. દિવાળી નજીક આવતા લોકો મનમૂકીને ખરીદી કરવા નીકળી પડ્યા છે. જૂની-નવી તમામ બજારોમાં ગ્રાહકોની હકડેઠઠ ભીડ નજરે પડે છે. જેના લીધે કોટ વિસ્તારના રસ્તાથી હોય કે નવા અમદાવાદના રોડ-રસ્તા હોય, બધે જ ટ્રાફિકજામ જોવા મળે છે. વાહનોથી ધમધમતા એસજી હાઈવે પર પીક અવર્સમાં મિનિટો સુધી ટ્રાફિકજામ રહેવો એ સામાન્ય બની ગયું છે. અમદાવાદ શહેરની વસતી વધીને ૮૦થી ૯૦ લાખે પહોંચી ગઈ છે. વ્યક્તિ દીઠ વાહનો વસાવવામાં આવી રહ્યા છે. એક ઘરમાં બે-ત્રણ ટુ વ્હીલર સામાન્ય બની ગયા છે. પરિણામે શહેરમાં કુલ વાહનોની સંખ્યા આશરે ૬૫ લાખ વટાવી ગઈ છે. પરંતુ વાહનોની સંખ્યા મુજબ ટ્રાફિકની વ્યવસ્થા કરાતી નથી. આટલા બધા ફ્લાયઓવર બ્રિજ, અંડરપાસ બન્યા હોવા છતાં શહેરમાં ઠેર-ઠેર ટ્રાફિકજામ હવે રોજિંદો પ્રશ્ન બની ગયો છે. (તસવીરઃ સુરેશ મિસ્ત્રી)

ભાવ ઘટ્યાં, પરંતુ બજારમાં મંદીનો માહોલ યથાવત

આજે ધનતેરસ : અમદાવાદમાં ૧૫૦ કરોડથી વધુની કિંમતનું સોનું-ચાંદી શહેરીજનો ખરીદશે

અમદાવાદ, ગુરુવાર

દિવાળીના તહેવારને લઈ બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે. તેમાં પણ ધનતેરસના દિવસે સોના- ચાંદીની ખરીદી શુકનિયાળ મનાતી હોય છે. પરંતુ આસમાને પહોંચેલા ભાવના કારણે બજારમાં ખરીદીનો માહોલ બે વર્ષની સરખામણીએ અડધો થયો છે. એક સમયે સોનાના ભાવ વધીને પોણા બે લાખ રૂપિયા પ્રતિ તોલા સુધી પહોંચી ગયા હતા.જે હાલમાં ઘટીને રૂ.૧.૪૮ લાખ થઈ ગયા છે. આમ ભાવમાં ઘટાડો થયો છે, પરંતુ અમદાવાદની બજારમાં અત્યારની ખરીદીમાં તેના કારણે કોઈ વધારો થયો નથી. દિવાળીના તહેવારો દરમિયાન શહેરમાં સોના-ચાંદીનું લોકલ માર્કેટ ૧૫૦ કરોડ રૂપિયા આસપાસ રહેવાની ચર્ચા બજારમાં છે.

દિવાળીના તહેવારને હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલાં દિવસો બાકી રહ્યાં છે. જેને લઈ અમદાવાદ શહેરની વિવિધ બજારોમાં ખરીદીની રોનક જોવા મળી રહી છે. જોકે સોની બજારમાં અપેક્ષા મુજબ માહોલ જોવા મળતો નથી. સોના- ચાંદીના ભાવમાં સતત થઈ રહેલી વધઘટની સીધી અસર ઘરાકી પર પડી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, બે વર્ષ પહેલાંની સરખામણીએ સોની બજારોમાં વેપાર હાલ ૫૦થી ૬૦ ટકા જેટલો જ રહ્યો છે. સોનાના ભાવમાં સતત વધારો અને બજારમાં અનિશ્ચિતતાના પગલે ગ્રાહકો મોટા દાગીના ખરીદવાનું ટાળી રહ્યાં છે. સામાન્ય રીતે દિવાળી સમયથી જ લગ્નસરાની ખરીદી શરૂ થઈ જાય છે. ધનતેરસના દિવસે સોનું- ચાંદી લેવું શુભ ગણાતું હોય પરંતુ ભીડને ધ્યાને રાખી લોકો પહેલાંથી જ પોતાના દાગીના બૂક કરાવી છે. પરંતુ આ વર્ષે ખરીદીની વાત કરીએ તો લોકો મોટાભાગે જૂનું સોનું આપી તેની સામે નવું સોનું ખરીદી રહ્યાં છે. ધનતેરસના રોજ શુકનનું સોનું-ચાંદી ખરીદવું શુભ માનવામાં આવતું હોવાથી લોકો શુકન પુરતી ખરીદી તરફ વળ્યા છે. તેમાં પણ ૯થી ૧૮ કેરેટના હળવા વજનના દાગીનાની માંગ જોવા મળી રહી છે. તેમાં પણ ૧૫થી ૨૫ હજારના સોના- ચાંદીના દાગીના અને ભેટની માંગ વધુ છે. ઓછા બજેટમાં સોનાની ખરીદીનું શુભ મૂહુર્ત સાચવી શકાય તેવા વિકલ્પો ગ્રાહક પસંદ કરી રહ્યાં છે.અત્રે ઉલ્લેખનિય છે કે, વર્ષની શરૂઆતમાં સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂ.૧.૭૬ લાખ અને ચાંદીનો એક કિલોનો ભાવ રૂ.૩.૮૬ લાખ સુધી પહોંચ્યો હતો. જે અત્યારે ઘટીને અનુક્રમે રૂ.૧.૪૮ લાખ અને રૂ.૨.૧૦ લાખ થઈ ગયો છે. છતાં બજારમાં ખરીદીમાં વધારો થયો નથી.

૮૦ ટકા લોકો જૂના સોના સામે નવી ખરીદી કરે છે

સોનાના ગગનચૂંબી ભાવના કારણે મધ્યમ વર્ગીય પરિવારો માટે પીળુ ધાતુ ખરીદવું એક સ્વપ્ન બન્યું છે. જોકે લગ્નસરાની ખરીદી શરૂ થવા છતાં નવી ખરીદીએ જોર પકડ્યું નથી. સોની વેપારીના જણાવ્યા અનુસાર, ૮૦ ટકા ખરીદદારો પોતાના જૂના દાગીના આપી તેની સામે નવું સોનું લઈ રહ્યાં છે. જ્યારે માત્ર ૨૦ ટકા જેટલાં લોકો નવું સોનું ખરીદે છે.

લાઈટ વેઈટ દાગીનાની માંગ વધુ, સોનાનો ભાવ વધતા બે વર્ષ પહેલાંની સરખામણીએ માત્ર ૫૦-૬૦ ટકા જ વેપાર રહેશે

ડેરીમાં ભ્રષ્ટાચાર, મામકાઓની ભરતી સહિતના મુદ્દા છવાયાં

ભાજપમાં બળવાના ડરથી આખરે સાબર ડેરી, સાબરકાંઠા બેંકની ચૂંટણી છેલ્લી ઘડીએ મોકૂફ

હિંમતનગર,ગુરુવાર

હિંમતનગરમાં સાબર ડેરી અને સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને વાઇસ ચેરમેનની અઢી વર્ષની મુદત માટે આજે શુક્રવારે યોજાનારી ચૂંટણી છેલ્લી ઘડીએ મુલતવી રાખવી પડી છે. ડેરીમાં ચેરમેન પદ મેળવવા માટે આંતરિક બળવો થાય, એટલુ જ નહીં, ડિરેક્ટરોની સોદાબાજી થાય તેવી સંભાવનાને પગલે ચૂંટણી હાલ પુરતી સ્થગિત રાખવા નક્કી કરાયુ હતું. સાબરડેરીમાં વર્તમાન ચેરમેન શામળ પટેલ સામે વિરોધનો બુંગિયો ફુંકાયો હોઇ તેમની રવાનગી લગભગ નક્કી મનાઈ રહી હતી. સાથે સાથે મૂળ કોંગ્રેસી ડો.વિપુલ પટેલને ચેરમેનપદ મળે તેવા ઉજળા સંકેત હતાં.

ચેરમેન પદ માટે આંતરિક ખેંચતાણથી ભાજપની નેતાગીરી ફફડી ડિરેક્ટરોને ગાંધીનગરનું તેડું મોકલાયું, પ્રદેશ મહામંત્રીએ કલાસ લીધાં

બળવો થવાની શક્યતાને જોતાં આખીય ચૂંટણી મોકુફ રાખવી પડી હોવાનું સહકારી ક્ષેત્રે ચર્ચાઇ રહ્યુ છે. નોંધનીય છેકે, સાબરડેરીની ચૂંટણીમાં આ વખતે ડેરીમાં ભ્રષ્ટાચાર, ડિરેક્ટરોની સોદાબાજી, મામકાઓની ભરતી સહિતના મુદ્દા છવાયાં હતાં જેના પગલે ગયો હતો. ત્યારથી ડિરેક્ટરોનો હોર્સ ટ્રેડિંગનો મામલો ગરમાયો હતો અને ચેરમેન પદ માટે વિપુલ પટેલને સમર્થન આપતા કેટલાક ડીરેક્ટરોની એકજૂથતા સામે આવ્યા બાદ ભાજપની નેતાગીરી સ્તબ્ધ થઈ ગઈ હતી. સાબરડેરીના આગામી અઢી વર્ષના ચેરમેન-વાઈસ

ડેરીમાં ચેરમેન માટે ડો. વિપુલ પટેલને સમર્થન કરવું ડિરેકટરોને ભારે પડ્યું

સાબર ડેરીમાં ચેરમેન અને વાઇસ ચેરમેન માટે શુક્રવારે યોજાનારી ચૂંટણી માટે હાઈવોલ્ટેઝ ડ્રામા સર્જાયો હતો અને ડો. વિપુલ પટેલને ચેરમેન બનાવવા માટે મોટાભાગના ડિરેકટરોને સેન્સ પ્રક્રિયામાં નિરીક્ષકો સમક્ષ સમર્થન જાહેર કર્યું હતું. જેના કારણે પ્રદેશ નેતાગીરીને જૂથબંધી હોવાનો અણસાર આવી ગયો હતો ડિરેક્ટરોને ગાંધીનગર બોલાવીને ઠપકો પણ અપાયો હોવાની ચર્ચા થઈ રહી છે. તેમ છતાં મામલો થાળે નહીં પડતા છેલ્લી ઘડીએ ચૂંટણી મોકુફ રાખવામાં આવી હતી. હવે આગામી દિવસોમાં ડેરીમાં નવાજુની થાય તેવી સંભાવના છે.

ચૂંટણી વધુ રસપ્રદ અને કશ્મકશભરી બની રહી છે.

સાબરડેરીમાં ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જોકે, આજે શુક્રવારે યોજાનારી ચૂંટણી આકસ્મિક રીતે મુલતવી રાખવામાં આવતા સહકારી આલમમાં ખળભળાટ મચ્યો છે. પ્રદેશ કક્ષાએથી ભાજપના ત્રણ નિરીક્ષકો સેન્સ લેવા માટે આવ્યા હતા.ત્યારે જ ડીરેક્ટરોના જૂથબંધીનો અંદાજ આવી ચેરમેન માટે ચૂંટણી યોજાય તે પહેલાં હાઈવોલ્ટેજ ડ્રામા શરૂ થયો હતો. ડેરીમાં ઉમેદવારોને હંગામી નોકરી આપી છે અને રૂ. ૨૫થી ૩૦ લાખ ઉમેદવાર દીઠ ખંખેર્યા પછી કાયમી નિમણૂંકો બાકી છે જેથી પોતાનો કહ્યાઘરો ડિરેક્ટર ચેરમેન પદે આવે તેવા સમીકરણ ગોઠવવામાં આવ્યા હતા.

જો કે, પ્રદેશ નેતાગીરીને સાબરડેરીમાં ચાલતી ખેંચતાણનો અંદાજ આવી જતાં તા.૪ના રોજ રાત્રે ગાંધીનગર બોલાવવામાં આવ્યા હતા. જ્યાં અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રીના બંગલે પ્રદેશ સંગઠન મહામંત્રી અને ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારીએ સાબરડેરીમાં ચાલતા કાવા-દાવા સહિતની વિગતોનો ઉલ્લેખ કરી પક્ષની છબી ખરડી નાખી છે તેમ કહી ડિરેક્ટરોનો રીતસરનો ઉધળો લઈ નાખ્યો હતો અને સર્વસંમતિથી જે પણ ચેરમેન-વાઈસ ચેરમેન તરીકે મેન્ડેટ અપાય તેને સ્વીકારી લેવા સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેવાયાની વિગતો બહાર આવી રહી છે.

ડેરીમાં ભ્રષ્ટાચાર, રૂ. ૨ કરોડમાં ડિરેક્ટરોની સોદાબાજીની ચર્ચા અને ઉમેદવારોની ભરતીમાં લાખો રૂપિયા ઉઘરાવવાની બાબતે મામલો ગુંચવાયો હતો. પરંતુ સાબરડેરીમાં ચેરમેન પદ માટે ખેંચતાણ અને અસંતોષ ઊભો થતાં અને ઇડર માર્કેટયાર્ડ વાળી ન થાય તે માટે આગમચેતીથી ઉચ્ચ કક્ષાએથી સૂચના મળતાં ચૂંટણી મુલતવી રખાઈ હોવાનું મનાઈ રહ્યું છે. બંને સહકારી સંસ્થામાં ચૂંટણીનો નવો કાર્યક્રમ નવેસરથી જાહેર કરવામાં આવશે.

તંત્રને અલર્ટ રહેવા સ્થાયી સમિતિની બેઠકમાં તાકીદ

અમદાવાદમાં દિવાળીમાં રાત્રે જ ફટાકડાના કચરાની સફાઈ કરાશે

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્થાયી સમિતિની આજે મળેલી બેઠકમાં જુદા જુદા વિભાગોને દિવાળીના તહેવારો સંદર્ભે અલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને રાત્રિના સમયે જ માર્ગો પરથી ફટાકડા સહિતના કચરાની સફાઈ અને નિકાલ કરાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

ફાયર બ્રિગેડના કર્મચારીઓની રજા કેન્સલ, મ્યુનિ. હોસ્પિટલોમાં તબીબો ૨૪ કલાક હાજર રાખવા સૂચના

અમદાવાદમાં ધન તેરસથી દિવાળી સુધીના ત્રણ દિવસ દરમિયાન લોકો મોટા પ્રમાણમાં ફટાકડા ફોડે છે. ફટાકડા ફોડવાથી ઉત્પન્ન થયેલા કચરાની માર્ગો પરથી રાત્રિના સમયે જ સફાઈ કરી દેવામા આવશે. આ ઉપરાંત સ્થાયી સમિતિ દ્વારા ફાયર બ્રિગેડના તમામ કર્મચારીઓની રજા કેન્સલ કરીને સ્ટેન્ડ બાય રહેવા અને મ્યુનિ. સંચાલિત અસવીપી, એલજી, શારદાબેન, વીએસ સહિતની તમામ હોસ્પિટલોમાં ૨૪ કલાક તબીબો હાજર રાખવા પણ સૂચના અપાઈ છે. આ સિવાય સોલા એસટીપીની ઘટનામાં ભોગ બનનાર લોકોના બાળકોના શિક્ષણની જવાબદારી પણ કોન્ટ્રાક્ટરને આપવામાં આવી છે. સાથે સાથે રૂ.૫૦ લાખની પેનલ્ટી જમા કરાવવા તાકીદ કરાઈ છે.

અમદાવાદ મ્યુનિ. દ્વારા ભદ્ર અને વોટર ફેસ્ટિવલ યોજાશે

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરિટેજ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભદ્ર અને વોટર ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. જે અંતર્ગત જે અંતર્ગત ૧૯ નવેમ્બરના રોજ ભદ્ર પરિસર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જ્યારે ૨૪ નવેમ્બરના રોજ વોટર હેરિટેજ સિરિઝ અંતર્ગત સવારે ઈસનપુર સ્થિત જેઠાભાઈની વાવ તથા બપોરે પાંચ કૂવાની અમૃત વર્ષિણી વાવ અને અસારવાની દાદા હરિની વાવ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે.

મંદિરો અને ધર્મસ્થળોને પાણીથી ધોઈ સાફ રખાશે

મ્યુનિ.ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા દિવાળીના આગલા દિવસથી જ શહેરના તમામ મુખ્ય મંદિરો અને ધર્મસ્થળોની સઘન સફાઈ કરીને આસપાસના પાકા વિસ્તારને પાણીથી ધોઈને સાફ કરવામાં આવશે. આ ઉપરાંત દિવાળી અને બેસતા વર્ષે સવારે તથા સાંજે વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરાશે. દિવસે અને રાત્રે બે પાળીમાં સ્વીપર મશીનો તૈનાત રખાશે, કોમ્પેક્ટર વાહનો દ્વારા કચરો ઉપાડવામાં આવશે.

અમદાવાદમાં ચોમાસા બાદ હવે રૂ.૧૦ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈન સાફ કરાશે!

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદમાં આમ તો લોકો હેરાન થયા બાદ મ્યુનિ. કોર્પોરેશન કામગીરી કરવા માટે દોડતું હોય છે. હવે ચોમાસા બાદ સાબરમતી નદીની પૂર્વ તરફ શાહીબાગ ડફનાળાથી ડો.આંબેડકર બ્રિજ સુધી ૯૦૦થી ૨૨૦૦ મીમી ડાયાની ઈન્ટરસેપ્ટર ડ્રેનેજ અને ડક્ટ લાઈન ડિસિલ્ટિંગ કરવાનું રૂ.૧૦.૪૬ કરોડનું કામ આજે વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટીમાં મંજૂર કરાયું છે. અંદાજ કરતા ૧૬ ટકા વધુ ભાવથી આ કામ અરૂણ કુમાર ગોયલ નામના કોન્ટ્રાક્ટરને આપવામાં અવ્યું છે. હકીકતમાં ચોમાસા પહેલાં આ લાઈન ડિસિલ્ટિંગ કરવાની હોય છે. જેના કારણે માર્ગો પર વરસાદી પાણી ભરાય નહીં.

ચોમાસામાં જળબંબાકાર થયા બાદ મ્યુનિ. જાગ્યું

બોપલ, ઘુમા અને હેબતપુરમાં સ્ટોર્મ વોટર નેટવર્કના ૮૫ કરોડના કામ કલાકમાં મંજૂર

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરમાં ગત જુલાઈ માસમાં વરસેલા વરસાદમાં બોપલ-ઘુમા, હેબતપુર સહિતના વિસ્તારો રીતસર બેટમાં ફેરવાઈ ગયા હતા. જેના પગલે મુખ્યમંત્રી અને પછી કેન્દ્રીય ગૃહમંત્રી પણ આ વિસ્તારમાં દોડી આવ્યા હતા. પરિણામે સફાળા જાગેલા મ્યુનિ. દ્વારા આજે એક જ કલાકમાં આ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નેટવર્કના રૂ.૮૫.૫૮ કરોડના કામ મંજૂર કરાયા છે. વોટર સપ્લાય કમિટીમાં ત્રણ કામ તો તાકીદના કામ તરીકે ઉમેરવામાં આવ્યા છે.

હેબતપુર અને ઘુમામાં રૂપિયા ૨૭.૫૪ કરોડના ખર્ચે બે સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન બનશે, ધડાધડ ફાઈલ પાસ

સ્ટોર્મ વોટરના એક દિવસમાં મંજૂર થયેલા કામ

કામગીરી	રકમ	એજન્સી
વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી		
બોપલ-ઘુમામાં સ્ટોર્મ વોટર લાઈન નેટવર્ક	૩૨.૦૭ કરોડ	વ્રજ કન્સ્ટ્રક્શન કંપની
હેબતપુરમાં સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન	૮.૫૯ કરોડ	શિવમ બિલ્ડર્સ
બોપલ-ઘુમામાં સ્ટોર્મ વોટર લાઈન નેટવર્ક	૨૫.૯૭ કરોડ	યોગી કન્સ્ટ્રક્શન કંપની
સ્થાયી સમિતિ		
રત્ના તળાવ પાસે સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન	૧૮.૯૫ કરોડ	યોગી કન્સ્ટ્રક્શન કંપની

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટીની આજે મળેલી બેઠકમાં બોપલ-ઘુમામાં સ્ટોર્મ વોટર લાઈન નેટવર્ક ઉભુ કરવાના બે જુદા જુદા રૂ.૩૨.૦૭ કરોડ અને રૂ.૨૫.૯૭ કરોડના કામ તાકીદના કામ તરીકે મંજૂર કરાયા છે. સાથે સાથે હેબતપુરમાં રૂ.૮.૫૯ કરોડના ખર્ચે પમ્પિંગ સ્ટેશનનું કામ પણ આવી રીતે જ એજન્ડામાં લેવાયું છે.

બીજી તરફ આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં ઘુમાના રત્ના તળાવ પાસે સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન બનાવવાનું રૂ.૧૮.૯૫ કરોડનું કામ પણ મંજૂર કરાયું છે. આમ બોપલ-ઘુમા અને હેબતપુરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધારે મજબૂત બનાવવા કુલ રૂ.૮૫.૫૮ કરોડના કામ આજે મંજૂર કરાયા છે.

અલબત, આ કામો પૂરા થવામાં એક વર્ષ કરતા વધારે સમય ચોક્કસ થશે. એટલે આવતા ચોમાસામાં બોપલ-ઘુમા અને હેબતપુર, થલતેજ સહિતના વિસ્તારના લોકોએ વરસાદી પાણી ભરાવાના પ્રશ્નનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રી સિધ્ધાર્થભાઈ અંબાલાલ દવે, રહેવાસી- અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી.પી. સ્કીમ નંબર-૩૭ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૫૮ (જુના સર્વે નંબર-૩૮૫/૨) ની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "ગીતગોવિંદ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ" ના ટેનામેન્ટ નંબર-૨૩ ની કુલ ૨૦૦ ચોરસવાર જમીન તથા તેમાંની ૧૫૦ ચોરસવારના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત તેમની માલીકી અને કબજાભોગવટાની બોજારહીત છે, તેમ જણાવેલુ છે. સદરહુ ટેનામેન્ટ નંબર- ૨૩ ની મિલકત તેના આગાઉના મિલકતમાલીક-શ્રી ચંદ્રકાંતભાઈ નંદલાલ ભટ્ટે તારીખ ૦૧-૦૫-૧૯૯૭ ના રોજ શ્રી સિધ્ધાર્થભાઈ અંબાલાલ દવેને વેચાણ આપેલી હતી, જે વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૩ (મેમનગર)ના સબ- રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં તારીખ ૦૧- ૦૫-૧૯૯૭ ના રોજ અનુક્રમ નંબર- ૧૪૯૬ થી નોંધણી કરવા સારૂ રજુ કરવામાં આવેલો હતો તથા તેની નોંધણી નવા અનુક્રમ નંબર-૩૩૯૦ ઉપર પૂર્ણ કરવા સારૂ અમદાવાદ-૩ (મેમનગર) સબ-રજીસ્ટ્રારશ્રીએ તારીખ ૨૨-૦૬- ૨૦૦૪ ના રોજ હુકમ કરેલો હતો. ઉપરોકત તારીખ ૦૧-૦૫-૧૯૯૭ (હુકમની તારીખ ૨૨-૦૬-૨૦૦૪) ના રોજનો અસલ વેચાણ દસ્તાવેજ નંબર- ૩૩૯૦ (જુનો નંબર-૧૪૯૬), તથા તે વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ ઉપરોકત મિલકતમાલીકથી આડાઅવળી મુકાઈ ગયેલી છે અને હાલમાં તે મળી આવતી નથી. પરંતુ તે અસલ વેચાણ દસ્તાવેજ તથા પહોંચ ઉપર ઉપરોકત મિલકતમાલીકે કોઈ બોજો કે ચાર્જ કરેલો ન હતો અને નથી તથા કોઈપણ બેંક, સંસ્થા, પેઢી, વ્યકિતને ગીરોમાં આપેલી કે મુકેલી ન હતી અને નથી કે તેના ઉપર કોઈ લોન લીધી નહતી કે નથી. તો સદરહુ મિલકત કે ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા પહોંચ ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન કે અન્ય હકક પોષાતો આવેલો હોય કે પોષાતો હોય, તો તેઓએ દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમાં કસૂર થશે, તો સદરહુ મિલકત કે ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા પહોંચ ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન કે અન્ય હકક પોષાતો હોય, તો તે તમામ જતા (વેવ) કરેલા છે, તેમ સમજવામાં આવશે તથા ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૦૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોનનંબર:૨૯૭૧૦૧૦૦,૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદનાં તાલુકા વેજલપુરનાં મોજે સરખેજની સીમનાં સર્વે નં. ૩૯/૧, ૩૯/૩ તથા ૩૯/૪ ની વાણિજય હેતુસારુની બીનખેતીની જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૮૯ (સરખેજ-ઓકાફ- ફતેહવાડી) મા થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૧/૧ ની બીનખેતીની જમીન ઉપર વિકસાવવામાં આવેલ ''અશ્વમેધ વેરહાઉસ'' નામની યોજનાના જુદા જુદા સબ-પ્લોટો પૈકી ટાઈપ-એ માં આવેલ સબ-પ્લોટ નં.૧૨ ની ૫૯૭ ચો.મી. જમીન તથા તેના ઉપર આવેલ આશરે ૭૬૦૦ ચો.ફુટના બાંધકામ સહીતની મીલકત તથા સદર યોજનામાં રહેલ વગર વહેંચાયેલ હક્કો સહીતની મીલકત હીતાબેન તે નગીનભાઈ પટેલના દિકરીએ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સીવાય અન્ય કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ મીલકતનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત મીલકતમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ મીલકતનાં માલીકની તરફેણમાં જતાં 'વેઈવ' કરેલ છે, તેમ સમજી સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્, "દામાણીસ્"
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે "DPC DEVELOPERS PRIVATE LIMITED", ઠેકાણું-ચાંગોદર, અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે નવાપુરાના સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે ઓફિસ-સાણંદના સીટી સર્વે વોર્ડ- નવાપુરા (બીનખેતી) માં શીટ નંબર- એનએ૯૯ ના સીટી સર્વે નંબર-NA313 ની કુલ ૬૯૮૭ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) ના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન સદરહુ કંપનીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન પરત્વેના ઉપરોકત કંપનીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૦૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોનનંબર:૨૯૭૧૦૧૦૦,૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રી ભલાભાઈ કાળાભાઈ ભરવાડ, ઠેકાણુ- ગાજણ, તા. મોડાસા, જી. અરવલ્લીનાએ જીલ્લા અરવલ્લીના તાલુકા મોડાસાના ગામ મોજે ગાજણના નવા બ્લોક/સર્વે નંબર-૩૫૬ (જુના સર્વે/ બ્લોક નંબર-૩૨૮ પૈકી) ની ખાતા નંબર-૪૬૯ ધરાવતી કુલ ૧૫૩૮૩ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબના સીટી સર્વે ઓફિસ : મોડાસાના સીટી સર્વે વોર્ડ ગાજણ (બીનખેતી) ના શીટ નંબર-NA99 માં સીટી સર્વે નંબર- NA356 આપવામાં આવેલો છે, તે બીનખેતી થયેલી જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોનનંબર:૨૯૭૧૦૧૦૦,૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી મેલેન્દ્રકુમાર ગણેશભાઈ રબારી ઉર્ફે દેસાઈ (વગર વહેંચાયેલી ૨૪૩૨ ચોરસમીટર), (૨) શ્રી પીયુષભાઈ દશરથભાઈ પટેલ તથા (૩) શ્રી હર્ષદકુમાર બાલકૃષ્ણ ઠાકર (નંબર-૧ તથા ૨ ની વગર વહેંચાયેલી ૫૬૭૭ ચોરસમીટર), સર્વે ઠેકાણું-કાંઝ (તા.દેત્રોજ- રામપુરા) નાએ જીલ્લા અમદાવાદના તાલુકા દેત્રોજ-રામપુરાના ગામ મોજે કાંઝના રી-સર્વે મુજબ મળેલા નવા બ્લોક/સર્વે નંબર-૧૭૭૫ (જુના સર્વે નંબર-૪૨) ની ખાતા નંબર-૧૭૬૪ ધરાવતી ૮૧૦૯ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી હર્ષદકુમાર બાલકૃષ્ણભાઈ ઠાકર (વગર વહેંચાયેલો ૬૦% હિસ્સો) તથા (૨) શ્રી પિયુષકુમાર દશરથભાઈ પટેલ (વગર વહેંચાયેલો ૪૦% હિસ્સો), બન્ને રહેવાસી-કાંઝ (તા.દેત્રોજ- રામપુરા) નાએ જીલ્લા અમદાવાદના તાલુકા દેત્રોજ-રામપુરાના ગામ મોજે કાંઝના રી-સર્વે મુજબ મળેલા (૧) નવા બ્લોક/ સર્વે નંબર-૧૭૭૪ (જુના સર્વે નંબર- ૪૧/૨) ની ૧૧૨૮૮ ચોરસમીટર તથા (૨) નવા બ્લોક/સર્વે નંબર-૧૭૮૧ (જુના સર્વે નંબર-૪૧/૧) ની ૧૦૦૬૮ ચોરસમીટર મળી બન્ને નવા બ્લોક/ સર્વે નંબરોની ખાતા નંબર-૧૬૬૯ ધરાવતી કુલ ૨૧૩૫૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

ચૂંટણી આવતાં સરકારને આદિવાસીઓ પ્રત્યે પ્રેમ ઉભરાયો

આદિવાસી મતદારો ભાજપના નિશાને રૂપિયા ૧૫૦૦ કરોડના લાભોની લ્હાણી

અમદાવાદ,ગુરુવાર

આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ખાસ કરીને આદિવાસી પટ્ટામાં ભાજપ વિરોધી માહોલ ઉભો થાય. એટલુ જ નહીં, મતોનું ધોવાણ થવાની ભીતિ સેવાઈ રહી છે. આ વાતની જાણ થતાં જ ભાજપ સરકારે અત્યારથી જ ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરી છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણીના બહાને ૧૪ આદિવાસી જિલ્લાઓની ૫૫ વિધાનસભા બેઠકો પર આદિવાસી મતોનું પ્રભુત્વ જળવાઈ રહે તે રાજકીય હેતુ સાથે સરકાર મેદાને ઉતરી છે. એટલુ જ નહીં, આ રાજકીય કાર્યક્રમો સાથે આદિવાસી મતદારોને રૂા.૧૫૦૦ કરોડના સરકારી લાભો આપી રિઝવવવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ટૂંકમાં, વિધાનસભાની ચૂંટણી આવતાં જ સરકારને ગરીબ આદિવાસીઓની યાદ આવી છે.

દુધાળા પશુનું વિતરણ સહિત અન્ય સરકારી લાભો આપી આદિવાસી મતદારોના ખીસ્સા-ઘર સુધી પહોંચવા રણનીતિ

આદિવાસી વિસ્તારોમાં ભાજપને વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય આવકાર મળે તેવા સંજોગો રહ્યાં નથી તેમાં ધારાસભ્ય ચૈતર વસાવાને જેલમાં ધકેલાતાં આદિવાસી મતદારો ભાજપ સરકારથી ભારોભાર ખફા છે. હાલ આ વિસ્તારમાં આપની રેલી-જાહેર સંભાને જંગી પ્રતિસાદ મળી રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં આદિવાસી વિસ્તારોમાં ભાજપ માટે મુશ્કેલી સર્જાય તેમ છે.આ જોતાં ભાજપ સરકારે તા.૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન સમગ્ર રાજ્યમાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણીના નામે સરકારી તંત્રને કામે લગાડી દેવાયું છે.

રાજકીય વિશ્લેષકોના મતે, આ કોઈ સામાજિક ઉજવણી નથી પરંતુ ચૂંટણી વૈતરણી પાર કરવાનો સીધો એજન્ડા છે. એક સપ્તાહમાં ૩૨ હજારથી વધુ આદિજાતિ લાભાર્થીઓને અંદાજે રૂા.૧૫૦૦ કરોડના વિવિધ લાભો વહેંચીને સરકાર આદિવાસી મતદારોની નારાજગી ઠારવાનો પ્રયાસ કરશે.૧૪ આદિવાસી જિલ્લાની ૫૫ બેઠકો પર 'યુવા સંવાદ સંમેલનો' યોજી નવયુવાન મતદારોને આકર્ષવામાં આવશે.આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓની સફાઈ-પૂજા અને સ્થાનિક સાધુ-સંતોના સન્માન દ્વારા પરંપરાગત વોટબેંક મજબૂત કરાશે.ભગવાન બિરસા મુંડાની આરતી, દીપોત્સવ અને સ્થાનિક ભીલી કે આદિવાસી બોલીઓમાં ઈતિહાસ વાંચન કરીને સમાજની લાગણીઓ જીતવાનો પ્રયાસ થશે.ડાક્ટર્સ, વકીલો અને સી.એ. જેવા પ્રતિષ્ઠિત અગ્રણીઓ માટે 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાશે.તીરંદાજી, ગિલ્લીદંડા અને કબડ્ડી જેવી દેશી રમતો યોજીને ગ્રામીણ સ્તરે જનમેદની ભેગી કરાશે.

દૂધાળા પશુઓનું વિતરણ અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના પ્રથમ હપ્તાની ફાળવણી જેવા કાર્યક્રમો યોજી ભાજપે આદિવાસી મતદારોના ખિસ્સા અને ઘર સુધી પહોંચવા રણનીતિ ઘડી છે. હવે જોવાનું એ રહેશે કે, હાંસિયામાં ધકેલાયેલા આદિવાસીઓ ચૂંટણી ટાણે સરકારી પ્રેમથી ભોળવાય છે કે પછી બેલેટ બોક્સમાં સરકારને પોતાની અસલી શક્તિનો પરચો બતાવે છે.

વિધાનસભાની ચૂંટણીમાં ગાબડું પડવાના ડરથી સરકાર દોડી ચૂંટણી વૈતરણી પાર કરવાના એજન્ડા સાથે તંત્ર કામે લાગ્યું

દિવાળી સુધી પણ પ્રવેશ પ્રક્રિયાનો અંત નહીં

પીટીસીમાં ૧૯૭૬ ખાલી બેઠકો માટે આજથી રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા

અમદાવાદ,ગુરુવાર

ધો.૧૨ પછીના પીટીસી-ડીએલએડ કોર્સમાં સરાકર દ્વારા આ વર્ષે ઓનલાઈ કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામા આવી છે ત્યારે ત્રણ ઓનલાઈન રાઉન્ડ પુરા થઈ ગયા બાદ પણ ૧૯૭૬ બેઠકો ખાલી રહી છે.આ બેઠકો માટે હવે ચોથો રાઉન્ડ ઓફલાઈન એટલે કે રૂબરૂ પ્રવેશ પ્રક્રિયાથી હાથ ધરાશે.જે આવતીકાલે ૬ઠ્ઠીથી શરૂ થશે.

હાજર ન રહી શકનાર વિદ્યાર્થીઓના ઓથોરિટી લેટર સાથેની અન્યની હાજરી હવે માન્ય રહેશે

પીટીસીમાં આ વર્ષે ૧૫ સરકારી, ૩૫ ગ્રાન્ટેડ અને ૧૬૧ ખાનગી સહિત ૨૧૧ કોલેજોની ૧૯ હજારથી વધુ બેઠકો છે.જેમાં ખાનગી કોલેજોની ૧૫ટકા મેનેજમેન્ટ કવોટા બેઠકોને બાદ કરતા બાકીની ૧૬૮૦૦ બેઠકો માટે ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં ત્રણ રાઉન્ડ પુરા થઈ ગયા છે. ત્રણ રાઉન્ડ બાદ ૧૯૭૬ બેઠકો ખાલી પડી છે. જેથી હવે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી હેઠળની પીટીસી પ્રવેશ સમિતિએ ચોથો રાઉન્ડ ઓફલાઈન ધોરણે કરવાનું જાહેર કર્યું છે.

આવતીકાલે ૬ઠ્ઠી બે દિવસ માટે ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા થશે.જેમાં આજે સાંજ સુધીમાં ઓનલાઈન વિકલ્પ આપનારા વિદ્યાર્થીઓને રૂબરૂ ગાંધીનગર પ્રવેશસમિતિ ખાતે બોલાવવામા આવ્યા છે. રૂબરૂ પ્રવેશમાં હાજર રહેવા માટે ચોઈસ આપનારા વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ પણ જાહેર કરી દેવાયુ છે અને મેરિટ મુજબ રૂબરૂ હાજર રહેવા માટેનું સમયપત્રક પણ જાહેર કરાયુ છે.દિવાળી ટાણે વિદ્યાર્થીઓ દૂર-દૂરથી રૂબરૂ હાજર રહેવુ પડતા આ મુદ્દે વિરોધ પણ થયો છે.જો કે હવે પ્રવેશ સમિતિએ રૂબરૂ હાજર ન રહી શકનારા વિદ્યાર્થીઓની સહી સાથેનો ઓથોરિટી લેટર પણ માન્ય રાખવાની મંજૂરી આપીછે.

આગામી ઓગસ્ટ સુધીમાં હોટલ શરૂ કરવાનું લક્ષ્ય

કાલપુર રેલવે સ્ટેશનમાં ૩૩૧ રૂમની હોટલ પણ બનાવાશે

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના પુનર્વિકાસની કામગીરી સાથે સાઉથ મલ્ટી મોડલ ટ્રાન્ઝિટ હબનું સમગ્ર માળખું તૈયાર થઈ ગયું છે. ૧૬ માળની ઈમારતની નીચે બે વધારાના માળ બનાવવામાં આવ્યાં છે. જેમાં નીચેના ભાગે પાર્કિંગ અને ઉપરના ભાગે ૩૩૧ રૂમની હોટલ બનાવવામાં આવશે. આગામી ઓગસ્ટ સુધીમાં હોટલ ઉપરના માળે આશરે ૩૩૧ રૂમની હોટલ બનાવવામાં આવશે. અને તેને આગામી ઓગસ્ટ સુધીમાં સંપૂર્ણ કાર્યરત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

સાઉથ તરફ બિલ્ડિંગનું કામ પૂર્ણ, નોર્થ તરફનું કામ દિવાળી બાદ ઝડપી કરાશે

સંપૂર્ણ રીતે કાર્યરત કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસના કામગીરીની અમદાવાદ રેલવેના ડીઆરએમ એ મુલાકાત લઈને સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે મલ્ટી મોડલ ટ્રાન્ઝિટ હબ બિલ્ડિંગની કામગીરી બાબતે જણાવ્યું હતુંકે, બિલ્ડિંગમાં સાઉથ તરફનું સ્ટ્રક્ચર પૂર્ણ થઈ ગયું છે. નોર્થ તરફ બિલ્ડિંગ માટે જૂના સ્ટેશનના બાંધકામ તોડવાની કામગીરી પણ શરૂ કરાઈ છે. આ બિલ્ડિંગમાં હોટલ સહિતની સુવિધાઓ વિકસાવામાં આવશે. બિલ્ડિંગના નીચેના માળમાં પાર્કિંગની વ્યવસ્થા કરાશે. જ્યારે

યુપીએસસી મેઈન પરીક્ષા રિઝલ્ટ જાહેર : ૨૫૨૬ ઉમેદવાર પાસ

અમદાવાદ,ગુરૂવાર

યુપીએસસી દ્વારા આજે મેઈન પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામા આવ્યુ છે.જેમાં ગુજરાત સહિત દેશભરના ૨૫૨૬ ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે અને જેઓ ઈન્ટરવ્યુ-પર્સનલ ટેસ્ટ પ્રક્રિયામાં ભાગ લેશે.જે ફેબ્રુઆરી-માર્ચમાં હાથ ધરાશે. જે પહેલા ૧૧થી ૨૫ નવેમ્બર સુધી સીલેકટેડ ઉમેદવારો પાસેથી ફોર્મ સબમીટ કરાવાશે. ગુજરાતમાંથી અંદાજે ૮૫થી વધુ ઉમેદવારો મેઈનમાં ક્વોલિફાઈ થયા હોવાની શક્યતા છે.

આ વર્ષે સ્પીપા-ગુજરાતના અંદાજે ૨૩૫ જેટલા ઉમેદવારોએ પ્રીલિમ પાસ કરી હતી અને મેઈન પરીક્ષા આપી હતી. આ વર્ષે સ્પિપામાં ૪૩૮ ઉમેદવારોના નવા પ્રવેશ થયા છે. જેમાં અંદાજે ૩૦ ટકા જેટલા અગાઉ પ્રીલિમ પાસ કરી ચુક્યા છે અને ૧૦ ટકા મેઈન પાસ કરી ચુક્યા છે.

સરકાર દ્વારા જાહેર રજાની યાદી જારી કરાઈ

વર્ષ ૨૦૨૭માં ૨૭માંથી ૬ જાહેર રજા રવિવારના દિવસે

અમદાવાદ,ગુરુવાર

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૭ દરમિયાન રાજ્ય સરકારની તમામ સરકારી કચેરીઓમાં પાળવામાં આવનારી જાહેર રજાઓ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૭માં ઓક્ટોબરમાં સૌથી વધુ ૬ જ્યારે ઓગસ્ટમાં પાંચ અને માર્ચ-એપ્રિલમાં ચાર-ચાર જાહેર રજા છે. જેમાં ૬ જાહેર રજા બીજા-ચોથા શનિવાર અથવા રવિવારના આવે છે.

વર્ષની શરૂઆતમાં ૧૪ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ અને ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની રજા રહેશે. માર્ચ મહિનામાં ૬ માર્ચે મહાશિવરાત્રિ, ૧૦ માર્ચે રમઝાન ઈદ, ૨૩ માર્ચે ધૂળેટી અને ૨૬ માર્ચે ગુડ ફ્રાઈડેની રજા જાહેર કરવામાં આવી છે. એપ્રિલમાં ૭મીએ ચેટીચાંદ, ૧૪મીએ ડૉ. આંબેડકર જયંતિ, ૧૫મીએ રામનવમી અને ૧૯મીએ મહાવીર જન્મકલ્યાણકની રજા રહેશે.ત્યારબાદ ૧૭ મેના રોજ બકરી ઈદ અને ૧૬ જૂને મોહરમની રજા રહેશે.

વર્ષ ૨૦૨૭ની જાહેર રજાઓ

રજા	તારીખ	વાર
મકરસંક્રાંતિ	૧૪જાન્યુઆરી	ગુરુવાર
પ્રજાસત્તાકદિવસ	૨૬જાન્યુઆરી	મંગળવાર
મહાશિવરાત્રિ	૬ માર્ચ	શનિવાર
રમજાનઈદ	૧૦માર્ચ	બુધવાર
ધૂળેટી	૨૩માર્ચ	મંગળવાર
ગુડફ્રાઇડે	૨૬માર્ચ	શુક્રવાર
ચેટીચાંદ	૭એપ્રિલ	બુધવાર
ડૉ.આંબેડકરજયંતિ	૧૪એપ્રિલ	બુધવાર
રામનવમી	૧૫એપ્રિલ	ગુરુવાર
મહાવીરજન્મકલ્યાણક	૧૯એપ્રિલ	સોમવાર
બકરીઈદ	૧૭મે	સોમવાર
મોહર્રમ	૧૬જૂન	બુધવાર
રક્ષાબંધન	૧૭ઓગસ્ટ	મંગળવાર
જન્માષ્ટમી	૨૫ઓગસ્ટ	બુધવાર
સંવત્સરી	૪સપ્ટેમ્બર	શનિવાર
ગાંધીજયંતિ	૨ઓક્ટોબર	શનિવાર
દિવાળી	૨૯ઓક્ટોબર	શુક્રવાર
બેસતુંવર્ષ	૩૦ઓક્ટોબર	શનિવાર

બીજા-ચોથા શનિવાર, રવિવારના જાહેર રજા

રજા	તારીખ	વાર
પરશુરામ જયંતિ	૮ મે	શનિવાર
સ્વતંત્રતા દિવસ	૧૫ ઓગસ્ટ	રવિવાર
પતેતી	૧૫ ઓગસ્ટ	રવિવાર
દશેરા	૯ ઓક્ટોબર	શનિવાર
સરદાર જયંતિ	૩૧ ઓક્ટોબર	રવિવાર
ભાઇ બીજ	૩૧ ઓક્ટોબર	રવિવાર

ઓક્ટોબરમાં સૌથી વધુ ૬, ઓગસ્ટમાં પાંચ જ્યારે માર્ચ-એપ્રિલમાં ચાર-ચાર જાહેર રજા

ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલો શાળા મેનેજમેન્ટ કમિટીની રચના નહીં કરે

અમદાવાદ,ગુરૂવાર

રાજ્ય શાળા સંચાલક મહામંડળે તમામ ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોને પત્ર મોકલીને શાળા વ્યવસ્થાપન સમિતિ એટલે કે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી(એસએમસી) ન રચવા માટે સ્પષ્ટતા આપી છે. મહામંડળે જાહેર કર્યુ છે કે ટ્રસ્ટ-સોસાયટી હેઠળની સંસ્થાઓ હોવાથી આ કમિટી રચવાની કોઈ જરૂર રહેતી નથી.જો કે સરકારના આદેશ મુજબ તમામ સ્કૂલોએ ફરજીયાત કમિટી રચવાની હોય છે.જે સરકારી-કોર્પોરેશન સ્કૂલોમાં ફરજીયાત આ કમિટીઓ રચાયેલી છે.

આમજનતા પર મોંઘવારીનો વધુ એક ડામ

દિવાળી વખતે જ ખાંડ મોંઘી થઈ મહિનામાં ચાર રૂપિયાનો વધારો

અમદાવાદ,ગુરુવાર

દિવાળી પર્વને આડે હવે બે-ત્રણ દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે બજારમાં મોંઘવારીનો જાણે વિસ્ફોટ થયો છે. અમૂલ ઘી-બટરની સાથે સાથે સીએમજીના ભાવ વધ્યાં ત્યાં સામાન્ય વર્ગના ખિસ્સા પર વધુ એક સીધો આ થક બોજ પડ્યો છે. છેલ્લા એક મહિનાના ટૂંકા ગાળામાં જ ખાંડના ભાવમાં પ્રતિ કિલો રૂા.૪નો વધારો ઝીંકાયો છે. મોં મીઠા મોં કરવાના દિવસોમાં આમજનતાને ખાંડના કડવા ઘૂંટડા ગળવાનો વારો આવ્યો છે.

છુટક બજારમાં કિલો ખાંડનો ભાવ ૬૫ રૂપિયા થયો, એક વર્ષમાં ખાંડના ભાવમાં રૂ.૧૫ વધ્યા

છેલ્લાં કેટલાંક દિવસોમાં રોજીંદી વપરાશની ચીજવસ્તુઓ જેવી કે ઘી,દાળ,ચોખા સહિત રાંધણગેસના ભાવમાં કમરતોડ વધારો નોંધાયો છે આ ઉપરાંત પેટ્રોલ,ડિઝલના પણ ભાવ વધ્યાં છે જેથી આ વખતે દિવાળીની ઉજવણી ફિક્કી બની છે.

સ્થાનિક કક્ષાએ છુટક બજારોમાં સ્થિતિ વધુ ગંભીર છે, જ્યાં કેટલીક જગ્યાએ ગુણવત્તાના આધારે ખાંડનો ભાવ રૂા.૬૫ પ્રતિ કિલોના આંકડા સુધી પહોંચી ચૂક્યો છે. બીજી તરફ, મુખ્ય જથ્થાબંધ બજારોમાં પણ સરેરાશ ભાવ રૂા.૫૫.૪૦ પ્રતિ કિલોની સપાટીએ જોવા મળી રહ્યો છે.

તહેવારોમાં મીઠાઈઓ, ચોકલેટ અને પારંપરિક પકવાનોની અતિશય માંગ વચ્ચે બજારમાં ખાંડનો પુરવઠો ઓછો થવાના લીધે આર્કિમતો સતત ઊંચકાઈ રહી છે.છેલ્લા એક વર્ષના બજારના વલણ પર નજર કરીએ તો ખાંડના ભાવમાં નોંધપાત્ર અને ચિંતાજનક વધારો સ્પષ્ટપણે જોઈ શકાય છે. બરાબર એક વર્ષ પહેલાં છૂટક બજારમાં ખાંડનો સરેરાશ ભાવ રૂા.૪૬ પ્રતિ કિલો આસપાસ હતો. આમ, માત્ર બાર મહિનાના ગાળામાં જ ખાંડ રૂા.૧૫ જેટલી મોંઘી થઈ ગઈ છે. તહેવારોના ટાણે જ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સ્થાનિક હોલસેલ વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષે મિલસ્તરેથી સપ્લાય મર્યાદિત રહ્યો છે અને તેની સામે તહેવારોના કારણે અચાનક માંગ બમણી થઈ ગઈ છે.

ઉદ્યોગો માટે સરકાર દ્વારા જીઈપીસીની રચના કરાઈ

અમદાવાદ, ગુરુવાર

રાજ્યમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુને વ્યાપક ઓળખ મળે તે માટે ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ નામની વિશેષ હેતુવાળી સંસ્થા સ્થાપવાની મંજૂરી આપવામાં આવેલી છે. નાના-મધ્યમ ઉદ્યોગો ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરતાં હોવા છતાં વિદેશી બજારની માંગ, નિકાસની પ્રક્રિયા, આંતરરાષ્ટ્રીય નિયમો-જરૂરી પ્રમાણપત્રોના અભાવે નિકાસની પૂરતી તક મેળવી શકતા નથી. ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ આ ઉદ્યોગોને બજારની ઓળખ, આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પ્રવેશવાની વ્યૂહરચના, મેન્ટરિંગ, હેન્ડહોલ્ડિંગ જેવી સેવા પૂરી પાડશે. પ્રારંભિક અધિકૃત મૂડી અને પેઠેડ અપ મૂડી ૧ લાખ નક્કી કરાઈ છે.

૧૩ દિવસમાં બીજી વખત ભાવ વધારો

સીએનજીના ભાવમાં ફરી વધારો કિંમત હવે રૂપિયા ૧૦૦ને પાર

અમદાવાદ,ગુરુવાર


ફૂદકેને ભૂસકે વધતી જતી મોંઘવારી વચ્ચે મધ્યમ વર્ગ માટે એક સાંધો ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ છે. હવે અદાણી સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂપિયા ૨.૩૦નો વધારો કરાતાં મધ્યમ વર્ગ માટે મોંઘવારીનો વધુ કડવો ઘૂંટ પીવો પડશે.


એક વર્ષ અગાઉ સીએનજીની કિંમત ૮૨.૩૮ હતા, જેની સરખામણીએ હવે ૨૨ ટકાનો વધારો

છેલ્લા ૧૩ દિવસમાં અદાણી સીએનજી દ્વારા કરવામાં આવેલો આ બીજો ભાવ વધારો છે. આ સાથે જ હવે પ્રતિ કિલોએ સીએનજીના દર રૂપિયા ૯૮.૪૭થી વધીને રૂપિયા ૧૦૦.૭૭ પહોંચી ગયા છે. દિવાળીના તહેવારો શરૂ થઈ ગયા છે ત્યારે જ કરવામાં આવેલા આ વધારાથી સામાન્ય નાગરિકો, દૈનિક અપડાઉન કરતાં વાહનચાલકો, રિક્ષાચાલકોને મોટો ફટકો પડ્યો છે.

બરાબર એક વર્ષ અગાઉ પ્રતિ કિલોએ સીએનજીનો ભાવ રૂપિયા ૮૨.૩૮ હતો. આમ, એક વર્ષમાં સીએનજીની કિંમતમાં ૨૨.૩૦ ટકાનો વધારો થયેલો છે. આ વર્ષે જ સીએનજીના ભાવમાં ૯ વખત વધારો થઈ ચૂક્યો છે.







<u>મેગા સિટીમાં કુલ ૧૫,૫૦૦માંથી ૧૨,૫૦૦ પોલીસ મેદાનમાં</u>

અમદાવાદમાં ૧૪ વર્ષમાં ૧૫ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયાં

અમદાવાદ, ગુરૂવાર

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદની સુરક્ષા સુદ્રઢ બનાવવા માટે વધુ ત્રણ પોલીસ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યાં છે. અમદાવાદમાં વિતેલા ૧૪ વર્ષમાં ૧૫ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયાં છે તેની સાથે જ જરૂરી સ્ટાફની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. કાગળ ઉપર મજબૂત ગણાતી સ્થિતિ વાસ્તવિક દ્રષ્ટિએ થોડી ઉણી ઉતરતી જણાય છે. અમદાવાદમાં કુલ ૧૫૫૦૦ પોલીસની સ્ટ્રેન્થ છે તેમાંથી ૧૨૫૦૦ પોલીસ કર્મચારીઓ ઉપયોગમાં આવે છે. પોલીસ સ્ટેશનોમાં સત્તાવાર રીતે ૧૫૦થી ૧૮૦નો સ્ટાફ ફાળવાયાનું રેકર્ડ ઉપર છે પરંતુ ખરેખર ઉપયોગમાં તો ૧૦૦ પોલીસ કર્મચારી આવે છે. ત્રણ શિફ્ટમાં ૧૦૦ પોલીસ કર્મચારીઓની ફરજ ફાળવણીની કામગીરી ઉપરાંત ખાસ કરીને તહેવારોમાં કાયદો-વ્યવસ્થા જાળવણી પોલીસ તંત્ર માટે પરીક્ષારૂપ બને છે.

પોલીસ સ્ટેશનોમાં સત્તાવાર રીતે ૧૫૦થી ૧૮૦નો સ્ટાફ પણ ખરેખર ઉપયોગમાં ૧૦૦ પોલીસ કર્મચારી આવે છે

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી-ગાંધીનગર વચ્ચે મોટેરા પોલીસ સ્ટેશન ઉપરાંત પૂર્વના છેવાડાના વિસ્તારોમાં વસ્ત્રાલ અને હંસપુરા પોલીસ સ્ટેશનો કાર્યરત કરીને કાયદો- વ્યવસ્થા જાળવણીની દ્રષ્ટિએ દિવાળી ગિફ્ટ આપવામાં આવી છે. વધુ ત્રણ નવા પોલીસ સ્ટેશનો ખુલતાં અમદાવાદ શહેરના બે સેક્ટર અને આઠ ઝોનમાં કુલ બાવન પોલીસ સ્ટેશનો થયાં છે. વિતેલા દોઢ દશકામાં અમદાવાદ જે રીતે વિસ્તર્યુ છે તે સાથે જ પોલીસ સ્ટેશનો વધારવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૨માં અમદાવાદમાં કુલ ૩૭ પોલીસ સ્ટેશનો હતાં. આમ, છેલ્લા ૧૪ વર્ષમાં અમદાવાદમાં ૧૫ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયાં છે. વર્ષ ૨૦૧૨માં સ્ટેશનો કાર્યરત કરાયા પછી જરૂરિયાત મુજબ વધુ નવ પોલીસ સ્ટેશનો કાર્યરત થયાં છે. એ બાબત અલગ છે કે, અનેક પોલીસ સ્ટેશનોમાં પૂરતી સુવિધા નથી.

પશ્ચિમમાં મોટેરા અને પૂર્વમાં વસ્ત્રાલ અને હંસપુરા પોલીસ સ્ટેશનને ૫૪૦ પોલીસ કર્મચારી ફાળવ્યાં

અમદાવાદમાં એકસાથે છ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયાં હતાં તેમાં બોડકદેવ, પાલડી, વાડજ ઉપરાંત પૂર્વમાં ખોખરા, નિકોલ અને કૃષ્ણનગરનો સમાવેશ થાય છે. એકસાથે છ પોલીસ પણ, સમયાંતરે બજેટ ફાળવાતું જાય તેમ પોલીસ સ્ટેશનોના નવા બિલ્ડીંગ બનાવાય છે.શહેર પોલીસ અમદાવાદના ૪૬૬ ચોરસ કિલોમીટર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જાળવે છે.

આ માટે કુલ ૧૫૫૦૦ પોલીસકર્મી ફાળવાયેલાં છે તેની સામે ખરી રીતે ઉપયોગમાં આવી શકે તેટલા પોલીસ કર્મચારીઓની સંખ્યા ૧૨૫૦૦ થવા જાય છે. શહેરના પોલીસ સ્ટેશનોમાં વિસ્તાર મુજબ સરેરાશ ૧૫૦થી ૧૮૦નો સ્ટાફ હોય તેવું આયોજન કરાયેલું છે. પરંતુ, સ્ટાફની અછત વચ્ચે અનેક પોલીસ સ્ટેશનોમાં પોલીસ કર્મચારીઓને માથે કાર્યબોજ વધુ રહે છે. અમદાવાદમાં એક પોલીસકર્મીએ સરેરાશ સવા ચોરસકિલોમીટર વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા જાળવવા સક્રિય રહેવું પડે છે જે દેશની સરેરાશની આસપાસ છે.

પોલીસ-પબ્લિકના ૨૫૦૦૦ સીસીટીવીથી અમદાવાદમાં ગુનાખોરી ઉપર અંકુશનો વ્યૂહ


શહેરમાં ગુનાખોરી ઉપર અંકુશ મેળવવા માટે અમદાવાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સમયાંતરે વિકસાવતાં રહે છે તેવી સીસીટીવી સિસ્ટમ સાથે જ કોમ્પલેક્સો, એપાર્ટમેન્ટો, દુકાનો અને રહેણાંક મકાનોમાં લગાવવામાં આવેલા સીસીટીવી ઉપયોગી બની રહ્યાં છે. અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ પછી સીસીટીવીથી મોનિટરીંગની દિશામાં પોલીસે પહેલું કદમ માંડ્યું હતું. હવે, સરકારી અને ખાનગી મળી કુલ પચ્ચીસ હજાર સીસીટીવીથી અમદાવાદમાં ગુનાખોરી ઉપર અંકુશ મેળવવાનો વ્યૂહ ઘણાંખરા અંશે સફળ જણાય છે. નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત અમુક રકમની ગ્રાન્ટ આપી ખાનગી સીસીટીવી લગાવવાની યોજના પણ ખાસ્સી સફળ રહી છે અને વર્ષ ૨૦૨૫માં અમદાવાદને દેશના સૌથી સુરક્ષિત શહેરોની યાદીમાં સામેલ કરાયું છે.

વાત વાતમાં

ધનતેરસનાં કિંમતી સુવાક્યો !

આજે ધનતેરસ છે. આપણી તકલીફ એ છે કે જ્ઞાનીબાબાઓ, ચિંતનકારો અને ધર્મ-ધૂરંધરો રૂપિયા-પૈસા વગેરેને 'માયા' કહીને એનાથી દૂર રહેવાની જ સલાહો આપે છે. પણ ધન વિશે અમુક 'કિંમતી જ્ઞાન' આપતા જ નથી ! જેમ કે...

* * *



જ્ઞાન (૧)

તમારા સગાં વ્હાલાં તથા મિત્રોને કદી રૂપિયા ઉધાર આપશો નહીં.

કેમકે એ પછી એમની યાદદાસ્ત નબળી પડી જાય છે !

* * *

જ્ઞાન (૨)

જો પૈસા ઝાડ ઉપર નથી ઉગતા, તો આ બધી બેન્કો 'શાખા' શા માટે રાખે છે ?

* * *

જ્ઞાન (૩)

ત્રીસ વરસ પહેલાં સોનાનો ભાવ માત્ર ૬૦૦૦ રૂપિયા હતો ત્યારે તમે સોનું કેમ ના ખરીદ્યું ? કેમકે તે વખતે તમારો આખા વરસનો પગાર ૬૦૦૦ રૂપિયા હતો !

* * *

જ્ઞાન (૪)

'પૈસો તો હાથનો મેલ છે' એવું કહેનારા લોકો પણ શૌચક્રિયા કર્યા પછી સાબુ વડે જ હાથ ધોતા હોય છે !

* * *

જ્ઞાન (૫)

'જીવનમાં પૈસા કરતાં પ્રેમ, દોસ્તી અને સંબંધો વધુ કિંમતી હોય છે'.... આવું કહેનારા કદી કોઈને પૈસા ઉધાર આપતા નથી ! કેમકે આપતાંની સાથે જ પ્રેમ, દોસ્તી અને સંબંધોની કશી કિંમત રહેતી નથી !

* * *

જ્ઞાન (૬)

પૈસા કમાવામાં બન્ને બાજુથી મરો છે. વ્હાઈટ મની કમાવા અઘરા હોય છે અને બ્લેક મની છૂપાવવા અઘરા હોય છે !

* * *

જ્ઞાન (૭)

દૂધવાળા હડતાલ કરે છે તો સડક પર દૂધ રેડી દે છે... ટામેટાંવાળા હડતાલ કરે છે તો સડક પર ટામેટાં ફેંકી દે છે...

શી ખબર, આ બેન્કવાળાઓને ક્યારે અક્કલ આવશે ?

* * *

જ્ઞાન (૮)

જો તમે વિદેશ જવા માટે દસ લાખની લોન માગશો તો તમારી પાસે ભારતનો પાસપોર્ટ માગશે. પણ જો તમે ૧૦ અબજની લોન માગશો તો તમને વિદેશ જતા રહેવા માટેનો પાસપોર્ટ આપોઆપ મળી જશે ! પૂછી જોજો માલ્યાને...

- મન્નુ શેખચલ્લી

<u>મળેલ પ્રવેશ કન્ફર્મ ન કરવાના લીધે</u>

મેડિકલ સહિતના ચાર કોર્સમાં વધુ ૨૭૦ વિદ્યાર્થીની રૂ. ૨૭ લાખ ડિપોઝિટ જપ્ત

અમદાવાદ,ગુરૂવાર

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસ મેડિકલ,ડેન્ટલ,આયુર્વેદ અને હોમિયોપેથીમાં વધુ ૨૭૦ વિદ્યાર્થીઓની ૨૭ લાખ રૂપિયાની ડિપોઝિટ નિયમ મુજબ જપ્ત કરવામા આવી છે.જેમાં મેડિકલ અને ડેન્ટલમાં ચાર રાઉન્ડના અંતે ૮૮ અને આયુર્વેદ-હોમિયોપેથીમાં ૧૮૨ વિદ્યાર્થીઓની ત્રણ રાઉન્ડના અંતે નોન રિપોર્ટિંગના કારણોસર રૂ.૧૦-૧૦ હજાર ડિપોઝિટ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામા આવી છે.

મેડિકલ-ડેન્ટલમાં ૮૮ અને આયુર્વેદ-હોમિયોપેથીમાં ૧૮૨ વિદ્યાથીર્ઓની રૂ.૧૦-૧૦ હજાર ડિપોઝિટ જપ્ત કરાઈ

એમબીબીએસ અને બીડીએસમાં પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યની સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ચાર ઓનલાઈન રાઉન્ડ કેન્દ્રિય ધોરણે પૂર્ણ કરી દેવામા આવ્યા છે.ચોથા રાઉન્ડમાં ૮૮ વિદ્યાર્થીઓ મળેલ પ્રવેશ જતો કર્યો હતો એટલે કે હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવ્યો ન હતો.જેથી નિયમ મુજબ આ ૮૮ વિદ્યાર્થીઓએ અગાઉ ભરેલી ૧૦ હજાર રૂપિયાની ડિપોઝિટ જપ્ત કરવામા આવી છે. જ્યારે આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યની સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ચાર ત્રણ ઓનલાઈન રાઉન્ડ કેન્દ્રિય ધોરણે પૂર્ણ કરવામા આવ્યા છે.

ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓમાંથી ૧૮૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી. જેથી નિયમ મુજબ ૧૮૨ વિદ્યાર્થીઓએ અગાઉ ભરેલી ૧૦ હજાર રૂપિયાની સિક્યુરિટી ડિપોઝિટ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરાઈ છે.

આમ કુલ મળીને ૨૭૦ વિદ્યાર્થીઓની ૨૭ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત થઈ છે.અગાઉ પણ બે રાઉન્ડ સુધીમાં પ્રવેશ કન્ફર્મ ન કરનારા અને ત્રણ રાઉન્ડ સુધીમાં પ્રવેશ કન્ફર્મ ન કરનારા ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓની ડિપોઝિટ જપ્ત થઈ ચુકી છે.મહત્વનું છે કે મેડિકલમાં અગાઉ ચોથા રાઉન્ડમાં કેટલાક વિદ્યાર્થીઓ ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવી શક્યા ન હતા.પરંતુ ફી ભરવા મુદત વધારાઈ ન હતી કે ચોથા રાઉન્ડ બાદ ખાસ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં પણ તેઓને ભાગ લેવા દેવા માટે તક અપાઈ નથી. જે વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી અને ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે તેઓને નિયમ મુજબ મેરિટ

<u>દિવાળીના તહેવારોમાં રાજ્યની મોટી સાયબર ઠગાઈ</u>

ગાંધીધામની લોજિસ્ટિક્સ કંપનીનું બેંક ખાતુ હેક કરી રૂ.૮.૪૬ કરોડ ટ્રાન્સફર

ગાંધીધામ, ગુરૂવાર

ગાંધીધામની ખાનગી લોજિસ્ટિક્સ કંપનીના યસ બેંકના ખાતામાંથી રૂ. ૮.૪૬ કરોડથી વધુની રકમ બારોબાર ઉપાડી લેવામાં આવતાં સાયબર છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. કંપનીના બેંક ખાતામાંથી ઓ.ટી.પી વિના જ ૨૧૧ ટ્રાન્ઝેક્શન મારફતે નાણાં ઉપાડી લેવાયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવવામાં આવી છે.

ઓ.ટી.પી. વિના જ ૨૧૧ ટ્રાન્ઝેક્શન મારફતે સાયબર ઠગોએ ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા

ગાંધીધામના શિણાયમાં રહેતા અને લોજિસ્ટિક્સનો વ્યવસાય કરતા દિલીપભાઈ કરશનભાઈ મોકરીયાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ વર્ષ ૨૦૦૪થી પોતાના નાના ભાઈ સાથે ગાંધીધામમાં શ્રી મારુતિનંદન લોજિસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની ચલાવે છે. કંપનીનું યસ બેંકની ગાંધીધામ શાખામાં સીસી-ઓડી ખાતું છે, જેનું નેટ બેન્કિંગ પણ કાર્યરત છે. ગત બુધવારે સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં ફરિયાદી પોતાના બંને ભાઈઓ સાથે ગાંધીધામની ઓફિસે હાજર હતા, ત્યારે કંપનીના બેંક ખાતા સાથે લિંક મોબાઈલ પર અચાનક ટ્રાન્ઝેક્શનના અલગ અલગ ૨૫ જેટલા મેસેજનો મારો આવ્યો હતો. તપાસ કરતાં કંપનીના બેંક ખાતામાંથી મોટા પાયે નાણાકીય વ્યવહારો થયાનું સામે આવ્યું હતું. એકાઉન્ટન્ટે કોઈ ટ્રાન્ઝેક્શન કર્યું ન હોવાનું જણાવતાં બેંક મેનેજરનો સંપર્ક કરી ખાતું તાત્કાલિક ફ્રીઝ કરવા જણાવાયું હતું, જોકે ત્યાં સુધીમાં વધુ રકમ કપાઈ ગઈ હતી. બાદમાં બેંક સ્ટેટમેન્ટ તપાસતાં કુલ ૨૧૧ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. ૮,૪૬,૦૭,૮૪૯ની રકમ ઉપડી ગયાનું જણાયું હતું. ફરિયાદીનો દાવો છે કે આ વ્યવહારો માટે તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર કોઈ ઓ.ટી.પી આવ્યો ન હતો કે તેમની જાણકારી અને સંમતિ પણ લેવામાં આવી ન હતી. નિર્ધારિત ઓથેન્ટિકેશન પ્રક્રિયા વિના જ વ્યવહારો થઈ ગયા હોવાની ફરિયાદના આધારે પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

<u>એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે ફરિયાદ નોંધાવી</u>

ગઠિયાએ ભાજપના ધારાસભ્યના નામે ફોન કરી ડ્રગ્સ ઈન્સ્પેક્ટરને ધમકી આપી

અમદાવાદ,ગુરૂવાર

એલિસબ્રીજના ધારાસભ્ય અમિત શાહની ઓળખ આપીને કોઇ વ્યક્તિએ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરને એક હેલ્થકેર કંપનીના લાયસન્સની મંજૂરી બાબતે ધમકાવ્યાની ફરિયાદ વાસણા પોલીસ મથકે નોંધવામાં આવી છે. ગાંધીનગર સ્થિત ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના આસિસ્ટન્ટ કમિશનરે ધારાસભ્યને કોઇ શંકાસ્પદ કોલ અંગે જાણ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરને હેલ્થ કેર કંપનીના લાયસન્સ મંજૂર કરવા માટે ફોન કર્યો હતો

વાસણા ખાતે રહેતા એલિસબ્રીજના ધારાસભ્ય અમિત શાહને થોડા દિવસ પહેલા ગાંધીનગરથી ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના આસિસ્ટન્ટ કમિશનર એસ એન ગઢવીએ ફોન કર્યો હતો કે ધારાસભ્યએ અમદાવાદ ગ્રામ્ય વર્તુળ કચેરીમાં ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા પાર્થ પટેલને ફોન ફોન કરીને પલ્સ હેલ્થ કેર કંપનીના લાયસન્સની મંજૂરી બાબતે વાત કરી હતી? આ બાબતને લઈને ધારાસભ્ય અમિત શાહને નવાઈ લાગી હતી કે કારણ કે તેમણે આ પ્રકારનો ફોન કર્યો નહોતો. ત્યારે આ બાબતને ગંભીરતાથી લઈને તેમણે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે કોઈ અમિત શાહનું નામ ધારણ કરીને કંપનીનું લાયસન્સ કેમ મંજૂર કરતા નથી? તેમ કહીને રીતસરની ધમકી આપી હતી. જે અનુસંધાનમાં તેમણે વાસણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી છે.

<u>આરોપી કરીમ સિપાઈ વિરૂધ્ધ આ પ્રકારના અન્ય ગુનાઓ પણ નોંધાયેલા</u>

હિન્દુ નામ ધારણ કરીને યુવતીઓને ફસાવનારા મુસ્લિમ યુવકને જામીન નહીં

અમદાવાદ, ગુરૂવાર

મેટ્રિમોનિયલ વેબસાઈટ મારફતે હિન્દુ યુવતીનો સંપર્ક કેળવી, મુસ્લિમ હોવા છતાં હિન્દુ નામ ધારણ કરીને લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા બાદ શારીરિક સંબંધ બાંધવા અને ત્યારબાદ અંગત પળોના વીડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપી નાણાં પડાવ્યા હોવાના ચકચારભર્યા કેસમાં આરોપી મુસ્લિમ યુવક કરીમ રસૂલભાઇ સિપાઇને જામીન આપવાનો અત્રેની સેશન્સ કોર્ટે સાફ ઈન્કાર કરી દીધો છે. એડિશનલ સેશન્સ જજ વી.એ.ધાધલે જણાવ્યું હતું કે, આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અન્ય બે ગુનાઓ પણ નોંધાયેલા છે. એટલું જ નહીં, આરોપી ઈન્સ્ટાગ્રામ આઈડી પર પણ આ જ પ્રકારે હિન્દુ નામ ધારણ કરીને અન્ય મહિલાઓ સાથે મિત્રતા કેળવી ગુનાહિત કૃત્યો કરવાની ટેવવાળો હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

મેટ્રિમોનિયલ વેબસાઈટ પર હિન્દુ નામ ધારણ કરી લગ્નની લાલચ આપી યુવતીઓને દુષ્કર્મનો ભોગ બનાવતો અને બાદમાં બ્લેકમેઈલ કરતો

કોર્ટે વધુમાં અવલોકન કર્યું હતું કે, ગુનાની ગંભીરતા અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં લેતાં આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો તે ફરીથી આવા ગુનાઓ આચરે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. આવી પ્રવૃત્તિ કરનારાઓને જો ગુનો કર્યા બાદ સરળતાથી જામીન મળી જાય તો સમાજમાં એવો સંદેશ જાય કે ગુનો કરીને પકડાઈ ગયા પછી પણ સરળતાથી મુક્ત થઈ શકાય છે. આથી સમાજમાં દાખલો બેસાડવા અને ન્યાયના હિતમાં આરોપીને હાલના તબક્કે જામીન પર મુક્ત કરવો યોગ્ય જણાતો નથી.

આરોપી કરીમ રસુલભાઇ સિપાઇ દ્વારા કરાયેલી જામીન અરજીનો સખત વિરોધ કરતાં સરકારપક્ષ તરફથી અદાલતનું કેટલીક સંવેદનશીલ બાબતો પરત્વે ધ્યાન દોરતાં જણાવાયું કે, આરોપીએ જીવનસાથી મેટ્રિમોનિયલ વેબસાઈટ પર પોતાની ઓળખ કરીમ સિપાઈ મુસ્લિમ હોવા છતાં ખોટું હિન્દુ નામ આદિત્ય પટેલ ધારણ કર્યું હતું. આ રીતે ફરિયાદી મહિલા તથા અન્ય મહિલાઓનો વિશ્વાસ સંપાદિત કરી લગ્ન કરવાની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આરોપ છે. ત્યારબાદ લગ્ન નહીં કરી બંને વચ્ચેની અંગત પળોના વીડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી પાસેથી અલગ અલગ સમયે ઓનલાઈન તથા રોકડ મારફતે કુલ રૂ.૧૫,૦૦૦ મેળવ્યા હતા અને આ પ્રકારે યુવતીઓને, મહિલાઓને બ્લેકમેઈલ કરતો હતો.

સરકારપક્ષે વધુમાં જણાવ્યું કે, આરોપી પોતે મુસ્લિમ હોવાછતાં હિન્દુ યુવતીઓ અને મહિલાઓને માત્ર વાસના અને પૈસા ખાતર ફસાવી તેમને ભોગ બનાવતો હતો અને તેમને બદનામીની ધમકી આપી બ્લેકમેઈલ કરતો હતો. આમ, આરોપી પહેલેથી જ આવા ગંભીર અને ઘૃણાસ્પદ કરવાની ટેવવાળો છે. તેની વિરૂધ્ધ આ પ્રકારના અન્ય બે ગુનાઓ પણ નોંધાયેલા છે.

<u>પોલીસની શંકાસ્પદ ભૂમિકાને લઈ હાઈકોર્ટે સવાલો ઉઠાવ્યા</u>

દીવાની વિવાદમાં પોલીસ દ્વારા કેમ ફોજદારી કાર્યવાહીનો રંગ અપાય છે?

અમદાવાદ, ગુરૂવાર

દીવાની દાવાની તકરારોમાં પોલીસના વધુ પડતા રસ અને દખલગીરીને લઈ ગુજરાત હાઈકોર્ટે ગંભીર નારાજગી વ્યકત કરી પોલીસ તંત્રની ભૂમિકાને લઈને ગંભીર સવાલો ઉઠાવ્યા છે. જસ્ટિસ જે.સી.દોશીએ જણાવ્યું હતું કે, ખુદ રાજયના પોલીસ વડા(ડીજીપી) દ્વારા આવા સિવિલ પ્રકારના વિવાદો કે તકરારમાં એફઆઈઆર દાખલ નહીં કરવા અંગેના સ્પષ્ટ પરિપત્ર હોવાછતાં પોલીસ કયા કારણસર આવા કિસ્સાઓમાં એફઆઈઆર નોંધે છે તે બાબત શંકા જન્માવે છે.

હાઈકોર્ટની વારંવારની ચેતવણી, ડીજીપીનો પરિપત્ર છતાં સિવિલ પ્રકારના વિવાદમાં FIR દાખલ કરવાનું પોલીસનું વલણ શંકાસ્પદ

હાઈકોર્ટે પોલીસની ટીકા કરતાં જણાવ્યું કે, આવા દિવાની વિવાદો કે તકરારમાં પોલીસ દ્વારા ગુનાહિતતાનો રંગ આપીને એફઆઈઆર દાખલ કરવામાં આવે છે. હાઈકોર્ટે ઉમેર્યું કે, અત્રે એ નોંધવું જરૂરી છે કે, એફઆઈઆર કરનારને છેતરપીંડીનો અનુભવ થાય એટલે તે, બાકી રકમની વસૂલાત માટે સિવિલ દાવો દાખલ કરી શકે છે પરંતુ તે તેમ કરવાને બદલે એફઆઈઆર દાખલ કરાવે છે અને નોંધનીય વાત એ છે કે, પ્રસ્તુત કેસમાં પણ પોલીસના અધિકારીઓએ પણ સત્તાનો દૂરપયોગ કર્યો છે અને વાણિજ્યિક વ્યવહારમાં બાકી રકમની વસૂલાત માટેની આઈપીસીની કલમ-૪૦૯ અને ૪૨૦ ઉમેરી છે.

હાઈકોર્ટે પોલીસ તંત્રને ફરી એકવાર ચેતવણી આપતાં જણાવ્યું કે, હાઈકોર્ટે વારંવાર પોલીસ અધિકારીઓના આ પ્રકારની એફઆઈઆર દાખલ કરવાના અભિગમની નિંદા કરી છ, કે જેમાં દિવાની વિવાદને ફોજદારી કાર્યવાહીમાં રૂપાંતરિત કરવામાં આવ્યો હોય. ખુદ રાજયના પોલીસ મહાનિર્દેશક દ્વારા પોલીસ કર્મચારીઓને આવા પ્રકારના કેસોમાં એફઆઈઆર નહી નોંધવા અંગે પરિપત્ર જારી કર્યો હોવાછતાં સિવિલ વિવાદને ફોજદારી કાર્યવાહીનો રંગ આપવામાં આવે છે પરંતુ તે પરિપત્રનું પાલન કર્યા વિના સંબંધિત પોલીસ અધિકારીઓ આવા પ્રકારની એફઆઈઆર નોંધવામાં આવે છે, એ તો તેમને જ ખબર.

<u>ભોગ બનનાર યુવક ગાંધીનગર જતો હતો</u>

રિક્ષામાં પેસેન્જરને બંધક બનાવીને ખંડણી માંગનાર ત્રણ શખ્સ ઝડપાયા

અમદાવાદ,ગુરૂવાર

મુળ મધ્યપ્રદેશના વતની કિશનગીરી ગોસ્વામી સરખેજ બાવળા રોડ પર આવેલી એક ફેક્ટરીમાં નોકરી કરે છે. દિવાળીની રજા હોવાથી મધ્યપ્રદેશ જવા માટે તે બુધવારે સાંજે સારંગપુર એએમટીએસ બસ સ્ટેશન થી એક રીક્ષામાં ગાંધીનગર રેલવે સ્ટેશન જવા માટે બેઠો હતો. જેમાં અગાઉથી જ બે યુવકો મુસાફર તરીકે હતા. ગાંધીનગર જવાના રસ્તા પર આવતા રીક્ષામાં બેઠેલા યુવકોએ કિશનગીરીને મારી નાખવાની ધમકી આપીને એક હજારની રોકડ કાઢી લીધી હતી અને ગુગલ પેથી બેંક એકાઉન્ટમાં રહેલા નાણાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં તેને સુમસાન જગ્યા પર લઈ ગયા હતા અને કિશનગીરીના પિતા અને ભાઈને ફોન કરાવીને ધમકી આપી હતી કે તમારો ભાઈ અમારી પાસે બંધક છે. જો જીવતો જોઈતો હોય તો ૫૦ હજાર રૂપિયા મોકલો. પરંતુ, બે કલાક સુધી નાણાં ન મળતા કિશનગીરીનો મોબાઈલ લૂંટીને તેને રઝળતો મુકીને નાસી ગયા હતા. બાદ હનીફ શેખ (રહે. કુમારવાડા, જમાલપુર), પ્રેમ પરમાર અને રેહાન પઠાણને ઝડપી લીધા હતા.

<u>૨૦૦૮માં ૮ કરોડના ખર્ચે વિદેશથી ટ્રેન લવાઈ હતી!</u>

કાંકરિયાની પાળે હવે બે સ્વદેશી ટ્રેન દોડશે, ખર્ચ માત્ર ૩.૫૯ કરોડ

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદનું કાંકરિયા તળાવ કાયમી ધોરણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. ત્યારે તળાવની પાળે હવે બે નવી સ્વદેશી ટ્રેન લોકોને કાંકરિયાની સફર કરાવશે. જેનું ટ્રાયલ રન લેવાઈ ગયું છે. પોલીસ વેરિફિકેશન સહિતની પ્રક્રિયાઓ બાદ આગામી દસેક દિવસમાં નવી ટ્રેન શરૂ કરી દેવામાં આવશે.

બોટિંગ શરૂ કરાયા બાદ વધુ એક નવું નજરાણું : ટ્રાયલ રન પૂર્ણ, દસેક દિવસમાં નવી ટ્રેન ફરતી કરી દેવાશે

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં કાંકરિયા તળાવની પાળે બે નવી ટોય ટ્રેન શરૂ કરવાના નિર્ણય પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી. સમિતિના ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા અનુસાર આ ટ્રેન ફક્ત રૂ.૩.૫૯ કરોડના ખર્ચે લાવવામાં આવી છે અને તેની બનાવટ સંપૂર્ણ સ્વદેશી છે. વર્ષ ૨૦૦૮માં જ્યારે અહીં ટ્રેન શરૂ કરવામાં આવી ત્યારે વિદેશથી ટ્રેન આયાત કરાઈ હતી. જેનો ખર્ચ રૂ.આઠ કરોડ થયો હતો. એટલે આ વખતે સ્વદેશી ટ્રેન શરૂ થવાની સાથે ખર્ચમાં પણ મોટી રકમની બચત થઈ છે. ટ્રેનનું ટ્રાયલ રન સફળતાપૂર્વક થઈ ચૂક્યું છે. કાંકરિયા તળાવની પાળે પોણા ત્રણ વર્ષે બોટિંગ શરૂ કરાયા બાદ વધુ એક નજરાણું નવી સ્વદેશી ટોય ટ્રેન લોકોને મળશે.

<u>પાંચ દિવસ બાદ તાપમાન ૨૦થી નીચે જશે</u>

અમદાવાદમાં દિવસે ગરમી-રાત્રે ઠંડીના ચમકારાથી મિશ્ર સિઝન

અમદાવાદ,ગુરુવાર

અમદાવાદમાં હાલ દિવસે તાપ અને મોડી રાત્રિના ઠંડીના ચમકારાથી મિશ્ર સિઝન અનુભવાઈ રહી છે. ૧૦ નવેમ્બર બાદ અમદાવાદમાં લઘુતમ તાપમાન નો પારો ૨૦ ડિગ્રીથી નીચે જવાની સંભાવના છે.

નલિયા, વડોદરા, અમરેલી અને જૂનાગઢમાં ૨૦ ડિગ્રીથી નીચું લઘુત્તમ તાપમાન નોંધાયું

અમદાવાદમાં ગત રાત્રિના ૨૧.૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૮ ડિગ્રીનો વધારો થયો હતો. બીજી તરફ આજે દિવસ દરમિયાન ૩૫.૬ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧.૧ ડિગ્રી વધારે નોંધાયું હતું. હજુ આગામી એક સપ્તાહ મિશ્ર સિઝન યથાવત્ રહે તેવી સંભાવના છે.

ગત રાત્રિના નલિયામાં ૧૭.૫ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. રાજ્યમાંથી અન્યત્ર વડોદરામાં ૧૯.૫, અમરેલીમાં ૧૯.૬, જુનાગઢમાં ૧૯.૭, ડીસામાં ૨૦, રાજકોટમાં ૨૦.૨, સુરેન્દ્રનગરમાં ૨૧.૮, ભુજમાં ૨૨, પોરબંદરમાં ૨૨.૫, ભાવનગરમાં ૨૨.૬, સુરતમાં ૨૪.૫ ડિગ્રીએ સરેરાશ લઘુતમ તાપમાનનો પારો હતો.

<u>વર્ષ ૨૦૨૫ના સરખામણીમાં ૨૪૦ ટકા વધુ કેસ નોંધાયા</u>

અમદાવાદ પોલીસે ૧૦ મહિનામાં રૂપિયા ૪૨ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યુ

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદ શહેરમા ડ્રગ્સના નેટવર્કને રોકવા માટે શહેરના ૪૮ પોલીસ સ્ટેશનોમાં એન્ટી નોર્કોટીક્સ સેલ અને સ્પેશીયલ નાર્કોટીક્સ વિંગ દ્વારા વર્ષ ૨૦૨૬માં છેલ્લાં દશ મહિના દરમિયાન રૂપિયા ૪૨ કરોડના ડ્રગ્સ સાથે ૨૮૬ આરોપીઓની ધરપકડ કરી હતી.

શહેરના ૪૮ પોલીસ સ્ટેશનોમાં એન્ટિ નાર્કોટિક્સ સેલ અને સ્પેશિયલ નાર્કો. વિંગ અને એસઓજીની કામગીરી

અમદાવાદમાં એમડી, ગાંજા સહિતના ડ્રગ્સના નેટવર્કને સ્થાનિક સ્તરે તોડવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા શહેરના ૪૮ પોલીસ સ્ટેશનોમાં એન્ટી નાર્કોટીક્સ સેલ શરૂ કરવામાં આવ્યા હતા. જે સેલમાં એક પીએસઆઇ અને ચાર પોલીસ કર્મીઓ મળીને ૪૮ સેલમાં કુલ ૨૪૦ જેટલા સ્ટાફને કાર્યરત કરાયો હતો.

સાથેસાથે સેક્ટર-૧ અને સેક્ટર-૨માં પણ અલગથી એન્ટી નાર્કોટીક્સ વિંગની સાથે એસઓજીની ટીમ પણ સક્રિય હતી. વર્ષ ૨૦૨૬માં ઓક્ટોબર માસ સુધીમાં પોલીસે કુલ ૪૨ કરોડનું ડ્રગ્સ જપ્ત કરીને કુલ ૨૮૬ આરોપીઓ વિરૂદ્ધ ૧૮૮ કેસ નોધ્યા હતા. સાથેસાથે ૨૦૦ જેટલા નશો કરતા યુવકોને પુનઃવસન માટે પણ મોકલવામાં આવ્યા હતા.

અમદાવાદથી બિહારની વધુ એક અનારક્ષિત વિશેષ ટ્રેન દોડાવાશે

અમદાવાદ, ગુરૂવાર

દિવાળી અને છઠ પુજાના તહેવારોમાં વતન જતા મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ દ્વારા અમદાવાદથી બિહાર તરફની વધુ એક અનારક્ષિત તહેવાર વિશેષ સાપ્તાહિક ટ્રેન શરૂ કરવા નિર્ણય કર્યો છે. જે મુજબ, ટ્રેન નં.૦૯૪૩૭ અમદાવાદ-ઝંઝારપુર તા.૬ અને ૧૩ નવેમ્બરના રોજ શુક્રવારે રાત્રે ૧૧.૫૫ કલાકે અમદાવાદથી ઉપડીને બિહાર તરફ જશે. તેવીજ રીતે, તા.૮ અને ૧૫ના રોજ સોમવારે સાંજે પાંચ કલાકે ઝંઝારપુરથી ટ્રેન ઉપડીને બીજા દિવસે અમદાવાદ પહોંચશે. બંને દિશામાં આ ટ્રેન આણંદ, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, પ્રયાગરાજ છિવકી, બક્સર, દાનાપુર, મુઝફ્ફરપુર, દરભંગા સહિતના સ્ટેશનો પર ઉભી રહીને આગળ વધશે.

<u>સોસાયટીના સ્થાનિક લોકોએ આરોપીને ઝડપી લીધો</u>

બોપલમાં કૌટુંબિક જમાઈએ કાકા સસરા-સાસુ પર જીવલેણ હુમલો કર્યો

અમદાવાદ,શુક્રવાર

બોપલમાં ડીપીએસ સ્કૂલ પાસે આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા દંપતિ પર તેમના કૌટુંબિક જમાઈએ પારિવારિક મામલે તકરાર કરીને છરીથી ઘાતકી હુમલો કરીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે બોપલ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

પારિવારીક પ્રશ્નને લઈને ધમકી આપ્યા બાદ અચાનક છરી કાઢીઃ ઈજાગ્રસ્ત કાકા સસરાની હાલત ગંભીર

બોપલમાં આવેલી ડીપીએસ સ્કૂલ નજીક આવેલા હર્ષ પ્રાઈમ એપાર્ટમેન્ટમાં વિનોદભાઈ ચૌહાણ તેમના પત્ની ભાવનાબેન સાથે રહે છે. ગુરૂવારે બંને ઘરે હતા ત્યારે વિનોદભાઈના મોટાભાઈ અરવિંદભાઈનો જમાઈ મનીષ સોલંકી (રહે. વરસોડા, તા. માણસા,જી. ગાંધીનગર) આવ્યો હતો. તેણે વિનોદભાઈને કહ્યું હતું કે તમે મારૂ ઘર શા માટે ચાલવા દેતા નથી? બાદમાં તેણે અચાનક છરી કાઢીને વિનોદભાઈના પેટમાં ઘુસાડી હતી અને તેમને બચાવવા વચ્ચે આવેલા ભાવનાબેન પર પણ હુમલો કર્યો હતો.

આ સમયે બુમાબુમ થતા આસપાસના લોકો અને સિક્યોરિટી ગાર્ડ દોડી આવ્યા હતા અને મનીષને પકડીને બંનેને બચાવ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે આરોપીની ધરપકડ કરીને કાર્યવાહી કરી છે.

અવસાન નોંધ

પંચોલી : સ્વ. જયંતિલાલ શામળદાસ પંચોલીનું બેસણું, કામેશ્વર મહાદેવ હોલ, નારણપુરા ખાતે, સવારે ૮:૩૦થી ૧૦:૩૦.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

THE ORIGINAL SINCE 1864

ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી

AS UNIQUE AS YOU

*શરતો લાગુ.

આ ધનતેરસ, 24 કેરેટના શુદ્ધ સોનાના સિક્કા ઘરે લાવો – માત્ર ₹199 પ્રતિ ગ્રામના ફ્લેટ મેકિંગ ચાર્જ સાથે.

ગોલ્ડ જ્વેલરી ના મેકિંગ ચાર્જ પર 60% સુધીની છૂટ

સોના ના રેટ પર ફ્લેટ ₹500 પ્રતિ ગ્રામની છૂટ

ડાયમંડ જ્વેલરી પર કોઈ મેકિંગ નથી

ડાયમંડ જ્વેલરીની ખરીદી પર ફ્રી ગોલ્ડ કૉઈન

0 કપાત | ગોલ્ડ રેટ પ્રોટેકશન | HDFC BANK

અમદાવાદઃ સેટેલાઈટ અને સી.જી. રોડ । ભાવનગર । ગાંધીધામ । રાજકોટ । સુરત । વડોદરા । વાપીઃ ચલા અને જીઆઈડીસી

6 નવેમ્બર 2026 ના રોજ શોરૂમ સવારે 8:00 વાગ્યે ખુલશે.

બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાવવા માટે

ધો.૧૦-૧૨માં આપેલા વધુ પ્રવેશની માહિતી સ્કૂલોએ આપવી પડશે

અમદાવાદ,ગુરૂવાર

ગુજરાત બોર્ડની આગામી ધો.૧૦ અને ૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે ગુજરાત બોર્ડે તમામ ડીઈઓને પરિપત્ર કરીને સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો.૧૦-૧૨માં આ વર્ષે થયેલા વધુ પ્રવેશની માહિતી મંગાવી છે. વધુ પ્રવેશની મંજૂરી બોર્ડના ચેરમેન દ્વારા જ અપાશે.જેથી ડીઈઓએ સ્કૂલો પાસેથી દરખાસ્તો મંગાવીને ૧૬ નવેમ્બર સુધીમાં બોર્ડને મોકલવાની રહેશે.

બોર્ડે તમામ ડીઈઓને પરિપત્ર કરી સરકારી સ્કૂલોના પ્રવેશની માહિતી મંગાવી : ચેરમેન મંજૂરી આપશે

સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલ તેમજ સરકારના વિભાગો સંચાલિત સ્કૂલોમાં ધો.૧૦ અને ૧૨માં નિયત સંખ્યા કરતા વધુ પ્રવેશ થયા હોય તેની મંજૂરી બોર્ડમાંથી લેવાની હોય છે. બોર્ડ દ્વારા મંજૂરી આપવામા આવ્યા બાદ જ વધારાના વિદ્યાર્થીઓના બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાતા હોય છે.નિયમ મુજબ સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ ડીઈઓને દરખાસ્ત મોકલવાની હોય છે અને ડીઈઓ દ્વારા વધુ પ્રવેશની દરખાસ્ત બોર્ડમાં મોકલવામા આવે છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આજે તમામ ડીઈઓને પરિપત્ર કરીને વધુ પ્રવેશની મંજૂરી બાબતની દરખાસ્તો ૧૬ નવેમ્બર સુધી જમા કરવા આદેશ કર્યો છે.બોર્ડના પરિપત્ર મુજબ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી સ્કૂલોના નામ, જિલ્લો, ઈન્ડેક્ષ નંબર,સ્કૂલનો પ્રકાર, ધો.૧૦-૧૨માં થયેલ વધુ પ્રવેશની સંખ્યા, માન્ય વર્ગની સંખઅયા, માન્ય વર્ગ મુજબ ભરવા પાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ પ્રવેશ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની તમામ માહિતીબોર્ડમાંજમાકરવાનીરહેશે.

વતન પરત ફરતી વખતે શ્રમિક રહસ્યમય રીતે ગુમ

લોકશક્તિ એક્સપ્રેસમાં સુરતથી બેઠેલો યુવક અમદાવાદ આવતા જ લાપતા

અમદાવાદ, ગુરુવાર

સુરતથી મધ્યપ્રદેશ પોતાના વતન જવા માટે બે મિત્રો સાથે લોકશક્તિ એક્સપ્રેસમાં બેઠેલો ૨૨ વર્ષીય શ્રમિક મુસાફરી દરમિયાન ગુમ થઈ જતા ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, સુરતથી બે મિત્રો સાથે વતન જવા નિકળેલો યુવક ટ્રેન અમદાવાદ સ્ટેશન પહોંચી ત્યારે તેની સીટ પર તે જોવા મળ્યો ન હતો. મિત્રોએ પહેલાં ટ્રેનના ટોઈલેટ અને આસપાસના કોચમાં શોધખોળ કરી હતી. પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે બંને મિત્રોએ મધ્યપ્રદેશ પહોંચીને તેના પરિવારને જાણ કરી હતી.

બે મિત્રો સાથે મધ્યપ્રદેશ જવા નીકળ્યો હતો, અમદાવાદ સ્ટેશન આવતાં સીટ પર ન હતો,અપહરણની ફરિયાદ

મધ્યપ્રદેશનો મહેશ તેના મિત્રો મુકેશ અને દેવીલાલ સાથે ગત ૬ ઓગસ્ટના રોજ રોજગારીની શોધમાં સુરત આવ્યો હતો. પરંતુ પૂરતું કામ ન મળતા ત્રણેયે વતન પરત જવાનું નક્કી કર્યું હતું. અને ૧૧ ઓગસ્ટે રાત્રે સુરત સ્ટેશન પહોંચી મોડી રાતની ૧૨.૪૦ વાગ્યાની લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેન નં.૨૨૯૨૭માં બેસીને મધ્યપ્રદેશ જતાં હતાં. અંકલેશ્વર સુધી ત્રણેય જાગતા હતાં. બાદમાં ત્રણેય પોત પોતાની સીટ પર ઊંઘી ગયાં હતાં. અમદાવાદ સ્ટેશન આવતા દેવીલાલ જાગીને જોયું તો મહેશ તેની સીટ પરથી ગાયબ હતો. એટલું જ નહીં યુવકનો ફોન પણ બંધ આવતો હતો. યુવકના મિત્રો મધ્યપ્રદેશ પહોંચી યુવકના પિતાને આ બાબતે વાત કરી હતી. ૨૦થી વધુ દિવસો વીતી ગયાં બાદ પણ યુવકની કોઈ ભાળ ન મળતાં આખતે યુવકના પિતા ભૂરાલાલ મહિડાએ ગત તા.૦૪ના રોજ અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

એસ. જી. હાઈવે પર બનાવટી નંબર પ્લેટ વાળી કારમાંથી વિદેશી દારૂ જપ્ત કરાયો

અમદાવાદ, ગુરૂવાર

વૈષ્ણોદેવી સર્કલ બ્રીજ પાસેથી બુધવારે રાતના સમયે બાતમીના આધારે એક શંકાસ્પદ ક્રેટા કારને ઝડપીને કારમાંથી રૂપિયા સાડા ચાર લાખની કિમતની ૧૮૦૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કરીને કારચાલક ચેતન માલી (રહે. ડીસા, સાબરકાંઠા)ને ઝડપી લીધો હતો. ડ્રાઈવર ચેતન માલીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેને રાણીપમાં રહેતા જીતુ રાવળે શામળાજી બોર્ડરથી દારૂ ભરેલી કાર આપી હતી અને ગુલબાઈ ટેકરામાં રહેતી સોનલ નામની મહિલા બુટલેગરને આપવાનું કહ્યું હતું. આ અંગો સોલા પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.



અવસાન નોંધ

અમારા પરમ પૂજ્ય સ્વ. શ્રી સુનીલભાઈ બંસિભાઈ તેલી તા. ૦૫/૧૧/૨૦૨૬, ગુરૂવાર ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

[illegible]

જાહેર નોટિસ

મોજે- દાલોદ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ માંડલ તાલુકાના મોજે - દાલોદ ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૮૯૫ (જુના બ્લોક નં. ૭૭૪) ની હે.આરે.ચો.મી. ૧-૮૫-૮૦ની ખેતીની જમીન (૧) આરતી અશોકભાઈ વાઘરી ઉર્ફે ચુનારાના દીકરી તે કૃણાલભાઈ વાઘેલાના પત્ની, (૨) પાંચાભાઈ લક્ષ્મણભાઈ પાટડીયા તથા (૩) અરવિંદભાઈ મંગળભાઈ સોલંકીની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૬-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર,
એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

મોજે - વડસર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે - વડસર ગામની સીમના રી-સર્વે મુજબ નવા બ્લોક નં.૧૧૦૯ (જુના બ્લોક નં. ૯૯૭) ની હે.આરે.ચો.મી. : ૦-૭૩-૨૮ ની ખેતીની જમીન (૧) ઠાકોર શીવીબેન તે ચતુરજી સારજીની દિકરી, (૨) ઠાકોર ગણપતજી ચુંથાજી, (૩) ઠાકોર રમતુજી ચુંથાજી, (૪) ઠાકોર રામસંગજી ચુંથાજી, (૫) બબલીબેન ઈશ્વરજી ઠાકોર, (૬) ભીખીબેન જયંતીજી ઠાકોર, (૭)કાન્તીજી ઈશ્વરજી ઠાકોર, (૮) પંકજ જયંતીજી ઠાકોર, (૯) કાજલબેન જયંતીજી ઠાકોર તે કનુજી ઠાકોરના પત્ની, (૧૦) રાકેશ જયંતીજી ઠાકોર તથા (૧૧) નિકિતાબેન જયંતીજી ઠાકોર તે વિજયજી જાદવના પત્નીની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૬-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર,
એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડી. અમદાવાદ સબ ડી. અમદાવાદ-૩ (મેમનગર) માં સાબરમતી તાલુકાના મોજે શેખપુર-ખાનપુરની સીમમા ટી.પી.સ્કીમનં.૧૯ ના ફા.પ્લોટનં. ૧૯+૨૦ ની જમીન ઉપર શ્રી સરદાર પટેલ કોલોની કો.ઓ.હા.સો.લી. આવેલ છે તેમાં આવેલ બંગલા નંબર, ૨૯ કે જેનો સમાવેશ સીટી સર્વે વોર્ડ ટી.પી.૧૯ મેમનગર, ફા.પ્લોટનં. ૧૯+૨૦ માં થતાં સીટી સર્વે નંબર, ૧૯૪૯ ચો.મી. ૬૦.૮ તમામ તથા સીટી સર્વે નંબર, ૧૯૪૮ ચો.મી. ૩૯૯.૮૧૨૫ પૈકી બીજી નોંધમાં લખ્યા મુજબ સી.સ.નં. ૧૯૪૯, ૧૮/૧૨૮ તથા ૧૯૫૦, ૧૮/૧૨૯ નું સંયુકત દર્શાવેલ છે તે જમીનમાંથી અમદાવાદ મ્યુ.કો.માં ચો.મી. ૫૭.૦૩ રોડલાઈનમાં બાદ જતાં બંગલાનં. ૨૯ ની આશરે કુલ ચોરસવાર, ૨૬૧ ના પ્લોટ એરીયાવાળી જમીન તથા તેમાં આવેલ મ્યુ.ટેક્ષ બીલ મુજબ વપરાશી ક્ષેત્રફળ ચો.મી. ૧૫૫.૭૬ ના બાંધકામવાળી આકાશથી તે પાતાળ સુધીની મીલકત સદરહુ સોસાયટીના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હકકો સહીતની ૧). ઉષાબેન તે મધુકાન્ત જેઠાલાલ તકતાવાલાના પુત્રી અને રમણલાલ પટેલના પત્ની ૨). સુરભી તે મધુકાન્ત જેઠાલાલ તકતાવાલાના પુત્રી અને મહેન્દ્રકુમાર પરીખના પત્ની હાલ ઠે. યુએસએનાએ સદરહુ મીલકત તેમની પોતાની આગવી કુલ સ્વતંત્ર માલીકીપણા અને કબજા ભોગવટાની તથા સદરહુ મીલકત અંગે અસલ શેર સર્ટીફીકેટનું ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટનં. ૨૮ મેળવેલ તે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટનં. ૨૮ વાળું પણ તેમનાથી ખોવાઈ ગયેલ છે અથવા તો ગુમ થયેલ છે અથવા તો નાશ પામેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતું નથી તેમ જણાવી સર્વે પ્રકારના બોજા મુકતવાળી આવેલી હોવાનું જણાવી સદરહુ મીલકત તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે ને અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલકતના મજકુર માલીકોના ટાઈટલ કલીયર હોવાના સર્ટીફીકેટ/અભિપ્રાયની માંગણી કરેલ છે. સબબ સદર તમામ મિલકતના ઉપર તથા તેના અસલ કે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઉપર બીજા કોઈનાં કોઈપણ જાતનાં લાગભાગ, હકક, દાવા, વાંધા, તકરાર, ગીરો, લીયન, ચાર્જ, ઈઝમેન્ટ, વારસાઈ હકકો, બાનાખતના હકકો, વેચાણ લેવાના હકકો કે બીજી કોઈપણ રીતે હકક દાવો કે અલાખો વિગેરે આવેલા હોય કે પોષાતા હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમોને તે બદલના આધાર પુરાવાની પ્રમાણિત નકલ સાથે લેખિત જાણ રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો મજકુર મિલકત ઉપર કે તેના શેર સર્ટીફીકેટ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, દાવા, વાંધા, તકરાર, ગીરો, લીયન, ચાર્જ, ઈઝમેન્ટ, વારસાઈ હકકો વિગેરે નથી અને હોય તો તેમણે મજકુર માલિકોની તરફેણમાં જતા (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વીતે સદરહુ મિલકતનું અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપી દઈશું તેમજ અમારા અસીલ સદરહુ મિલકતની વેચાણની કાર્યવાહી પૂર્ણ કરશે ને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા. ૫/૧૧/૨૦૨૬

શાહ જીતેન્દ્રકુમાર આર. (ભાઉ)
એડવોકેટ
ઓફીસઃ-૩૧૧, લીલામણી કોર્પોરેટ હાઈટસ્ ઓઝન આગન એપાર્ટમેન્ટ પાસે, રામદેવપીર ટેકરા બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે, (ન્યુ આશ્રમરોડ) નવા વાડજ, અમદાવાદ-૧૩
મોઃ ૯૮૨૫૦૬૧૭૩૩

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી) નાં વેજલપુર તાલુકાના મોજે ગામ જોધપુર ની સીમનાં નવો સર્વે નં.૩૦૭/૧/અ પૈકી, ૩૦૭/૧બ, ૩૦૭/૨ (વેજલપુરનો જુના સર્વે નં.૪૦૨/૧/પૈકી, ૪૦૨/૨, ૪૦૨/૧ એ, ૪૦૨/૧ બી,૪૦૨- એ/અ) ટી. પી. નં . ૫, એફ. પી. ૨૬૪ ની જમીન ઉપર 'આત્મારામપાર્ક કો. ઓ. હા . સો . લી.' આવેલ છે અને તેમાં આવેલ ટેનામેન્ટ નં.૧૨ ની આશરે ૧૦૭ ચો. મી. નાં પ્લોટ એરીયામાં ૭૯. ૨૭ ચો. મી. નાં બાંધકામ વાળી મિલક્ત હેમન્તકુમાર ભાઈચંદભાઈ મહેતા નાઓની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાથી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સદરહું મીલકત ઉપર કોઈપણ સરકારી અર્ધ સરકારી સંસ્થા, બેંક, નાણાકીય સંસ્થા કે કોઈપણ વ્યક્તિ-શખ્સ કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, હિત સંબંધ કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે લેખિત પુરાવા સહિત જાણ કરવી. અન્યથા મુદત વીતે મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત સંબધ કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર છે નહિં અને હોય તો જતા કરેલ છે તેવું માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધા કે તકરાર ચાલશે નહિ.

તા. ૦૬/૧૧/૨૦૨૬

મારી સુચના અને ફરમાઈશથી

આનંદ એમ. સોયંતર,
એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ નં. એફ/૧૭, મીરા મંગલ કોમ્પલેક્ષ ટાઈમ્સ ઈન્ડીયા પ્રેસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
મો નં.૯૮૭૯૫૦૬૮૦૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે શીલજની સીમના (એ) બ્લોક નંબર-૮૫૧ ની ૧૧૮૩૬ ચોરસમીટર જમીન તથા (બી) બ્લોક નંબર-૮૬૨ ની ૮૪૯૮ ચોરસમીટર જમીન (સી) બ્લોક નંબર-૮૫૨ ની ૫૭૬૭ ચોરસમીટર જમીન તથા (ડી) બ્લોક નંબર-૮૫૩ ની ૬૩૭૪ ચોરસમીટર જમીન તથા (ઈ) બ્લોક નંબર-૮૫૫ ની કુલ ૫૦૫૯ ચોરસમીટર જમીન પૈકી ૧૮૮ ચોરસમીટર જમીન એમ મળીને કુલ્લે ૩૨૬૬૩ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૪૦૫ (શીલજ-આંબલી) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ એકત્ર ફાઈનલ પ્લોટ નંબર-૧૨૮/૧+૧૨૮/૩/૨+૧૨૮/૪+૧૨૮/૫ ની કુલ ૧૯૫૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન 'SHALIGRAM BUILDSPACE LLP' એ નામની લિમિટેડ લાયબિલિટીઝ પાર્ટનરશીપ ફર્મ એ તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૯૩૪૩, ૯૩૪૪, ૯૩૪૫
તારીખ : ૦૬-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી (એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) રામી ઉમાકાંત નારણભાઈ તથા (૨) ડોડીયા ઉષાબેન ઉમાકાંતભાઈ બંન્ને રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૦(વેજલપુર)ના તાલુકા વેજલપુરના ગામ મોજે વેજલપુરની સીમના ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર ૩ ના ફાઈનલ પ્લોટ નંબર -૨૭૨, ૨૮૨ તથા ૨૮૩ (જુના સર્વે નંબર ૪૩૪, ૪૩૯/૨ તથા ૪૪૦/૧) બિનખેતીની જમીન ઉપર આવેલ અલોક કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડના સબપ્લોટ નંબર ૨૭ની ૩૨૯.૩૭ ચોરસમીટર બિનખેતીની જમીન સોસાયટીના સભાસદ તરીકે તેઓ ધારણ કરે છે સદરહુ પ્લોટની જમીન ઉપર 'શીલ્પ સિધ્ધી ડુપ્લેક્ષ' ના નામથી ફલેટોનુ બાંધકામ કરવામાં આવેલ છે. સદરહુ સબ પ્લોટ નંબર- ૨૭ ના ફલેટોના રહીશોએ અમારા અસીલ શીવ શકિત રીયાલીટી એ નામની ભાગીદારી પેઢીને સદરહુ સ્કીમ રીડેવલપમેન્ટ કરવા સારૂ નિમણુક કરેલ છે સદરહુ સબપ્લોટ નંબર -૨૭ ની જમીનના ઉપરોકત માલીકોના સોસાયટીના સભાસદ તરીકેના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તથા અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ સબપ્લોટ નંબર-૨૭ ની જમીન ઉપર ફલેટોના રહીશોના એલોટી હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ સબપ્લોટ નંબર -૨૭ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય તેમ કરવામાં નહી આવે તો સબપ્લોટ નંબર-૨૭ની જમીનના ઉપરોકત માલીકોના સોસાયટીના સભાસદ તરીકેના હકકો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ સબપ્લોટ નંબર-૨૭ ની જમીનના ઉપરોકત માલીકોના સોસાયટીના સભાસદો તરીકેના ફલેટના રહીશો નોમીનલ સભાસદો તરીકેના હકકો સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનુ પ્રમાણપત્ર આપીશું તથા ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૦૫-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે બીલેશ્વપુરાની સીમના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર. ૯૮ (જુના બ્લોક નંબર.૨૩૨), ખાતા નંબર. ૫૬૪, હે.આરે.ચો.મી. ૦-૮૦-૩૩ ની જુની શરતની ખેતીની જમીન ૧) પટેલ પરેશભાઈ કાનજીભાઈ, ૨) પટેલ અમૃતાબેન પરેશભાઈ, ૩) પટેલ જાવન્ય પરેશભાઈ, સર્વે ઠે. તા. કલોલ, જી. ગાંધીનગરનાંએ તેઓની કુલ સ્વતંત્ર માલિકીપણા અને કબજા ભોગવટાની આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. એ રીતેની ઉપરોક્ત જમીન ઉપર કોઈનો વેચાણ હક્કોનો, ખેડહક્કોનો, વારસાઈનો કે કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હીત, સંબંધ, બોજો, ચાર્જ હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલના લેખિત પુરાવાઓ સહીત રજી. પોસ્ટથી નીચેના સરનામે જાણ કરવી તેમજ પુરાવા સીવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મજકુર જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

વિજય પટેલ એન્ડ એસોસીએટસ
વિજય પટેલ, જયેશ પટેલ, જયરાજ પટેલ
રાધિકા પટેલ, જેનીશા પટેલ એડવોકેટસ,
૨૦૨, સોલીટેર, સનરાઈઝ પાર્ક, બોડકદેવ, અમદાવાદ,
ફોન નં. ૪૦૦૭૬૦૦૮

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૯ (બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ થલતેજની સીમમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૨૩ ની બીનખેતીની જમીન ઉપર ''સુવિધાનગર કો.ઓ.હા.સો.લી વિ-૨'' દ્વારા બાંધવામાં આવેલ ઈન્દ્રપ્રસ્થ'' ના નામથી ઓળખાતી સ્કીમમાં આંઠમા માળ ઉપર આવેલ ફ્લેટ નં.ડી - ૮૦૧ કે જેનું ક્ષેત્રફળ ૯૧.૫૧ ચો.મી ના બાંધકામવાળી મિલકતના માલિક કબજેદાર સુનીતિ બાબુરાવ અદુલકર તથા બાબુરાવ રામાજી અદુલકર નાઓ હોવાનું જણાવી તેઓએ અમો પાસેથી ઉપરોક્ત મિલકત(ફ્લેટ) ના માલિક કબજેદાર હોવા અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ મિલકત ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હક્કે કે બીજી કોઈપણ રીતે હક્ક, દાવો કે અલાખો ધરાવતો હોય તો તેમણે તેની લેખીત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 માં નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતમાં અન્ય કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, હિસ્સા, દાવા, બોજા કે અન્ય કોઈ જાતના હક્કો આવેલા નથી અને હોય તો તે જતા યાને કે વેવ કરેલ છે તેમ માની મુદ્દત વિતે સદરહુ મિલકત (ફ્લેટ) અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

અમદાવાદ તા. ૦૬/૧૧/૨૦૨૬

R.Jayram – unjha vala
(Advocate)
Office Address:-
26,Shreeji Complex,Gurukul road, Memnagar, Ahmedabad – 380 052
Mo. 9227233711

જાહેર નોટિસ

મોજે ગામ-ગરોડીયા

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ સાણંદના સાણંદ તાલુકાના મોજે ગામ-ગરોડીયા સિટી સરવે નં. NA ૨૦૨, વોર્ડ - ગરોડીયા (બીનખેતી), સત્તા પ્રકાર - સી, (રેવન્યુ બ્લોક/સર્વે નં.૨૦૨, જુનો બ્લોક/સર્વે નં.૬૫) જેનું કુલ ક્ષેત્રફળ ૬૯૯૬ ચો.મીટર બીનખેતીની જમીન પૈકી ૨૫૩૪ ચો.મીટર જમીનના હાલના માલિકો (૧) જયેશકુમાર તલકશીભાઈ કોટક (વ.વહે. ૨૫ ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૩૩૨૫, લેન-૧૭, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ તથા (૨) તરંગ પરિમલકુમાર પરીખ (વ.વહે. ૩૫ ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૫૯, વર્ધમાન, લાવણ્ય બંગલોઝ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ તથા (૩) જયેશકુમાર ચંદુભાઈ પ્રજાપતિ (વ.વહે. ૧૦ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૨૭, રોનક સોસાયટી, રામદેવનગર ચાર રસ્તા પાસે, આંબાવાડી વિસ્તાર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ તથા (૪) ઠક્કર સ્મિત સુરેશભાઈ (વ.વહે. ૩૦ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૧૩, નિરાંત પાર્ક, સન એન સ્ટેપ ક્લબ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯ નાઓની પોતાની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની બિન બોજાની ન દાવા વાળી હક્ક, હિસ્સા સહીતની ચોખ્ખી મિલકત હોવાનું જણાવી અમો પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો પણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો હોય તો તેની જાણ પ્રમાણિત નકલ સાથે અમોને દિન-૭ (સાત) માં રજીસ્ટર્ડ એ.ડી. થી કરવી, જો તેમ કરવામાં નહી આવે, અગર કસુર થશે તો તેવા તમામ હક્કો જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપી દઈશું. ત્યારબાદ કોઈપણ વ્યક્તિઓનો વાંધો, વિરોધ કે તકરાર ચાલશે નહિ, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :- અમદાવાદ
તારીખઃ-૦૫/૧૧/૨૦૨૬

દિપક બી. પટેલ,
એડવોકેટ એન્ડ નોટરી
નિકુંજ પી. સાધુ, એડવોકેટ
રાજ પી. પટેલ, એડવોકેટ
ઓફિસ :- ૨૪૧, સેકન્ડફ્લોર, શુકન મોલ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મોબાઈલ નં.- ૯૮૨૫૭૭૭૮૮૫

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) કૈલાસબેન અરવિંદભાઈ તથા (૨) અરવિંદભાઈ ગોવિંદભાઈ બંન્ને રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના(૧) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૯(જુના સર્વે/બ્લોક નંબર-૫૭૦/પૈકી૧)ની ૫૦૫૯ ચોરસમીટરની જમીન તથા (૨) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૨૯(જુના સર્વે/બ્લોક નંબર-૫૭૪ પૈકી૩) ની ૫૭૨૫ ચોરસમીટરની જમીન મળી કુલ ૧૦૭૮૪ ચોરસમીટરનીજમીનો તેમની સંપૂર્ણ, સંયુકત, સહીયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીન માલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીનો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૫-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૪ (દશક્રોઈ) ના તાલુકા દશક્રોઈ ના મોજે ગતરાડ ની સીમના ખાતા નં.૪૫૯ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૫૪ (જુના સર્વે નં. ૧૧૩૨) ની ૪-૫૯-૬૯ હે.આરે.ચો.મી., આકાર રૂા.૩૪.૨૧ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન મૂળજીભાઈ સોમાભાઈ, ભાવનાબેન અનીલભાઈ, હસુમતીબેન પ્રવિણભાઈ, હસીલકુમાર અનીલકુમાર, મધુબેન મુળજીભાઈ, અનીલકુમાર મુળજીભાઈ, પ્રવિણભાઈ મુળજીભાઈ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા બાવળાનાં મોજે ગામ ગાંગડની સીમનાં ખાતા નં.૨૦૮૭ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે નં.૨૦૮૬ (રી-સર્વે અગાઉનાં જુના સ નં.૧૯૨૫) વાળી હે.આરે.ચો.મી. : ૧-૫૧-૫૪, આકાર રૂા.૬-૧૧ પૈસાવાળી ખેતરની ખેતીની જમીન, (૧) રાજેન્દ્રભાઈ છોટાલાલ દલવાડી, (૨) દેવ્યાની રાજેશ દલવાડી તથા (૩) કુશ રાજેશ દલવાડીએ તેઓની સહિયારા માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક-દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે રજી.એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૬-૧૧-૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસ :
૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેક્ટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮/૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ :
વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત-૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

મોજે ગામ-ગરોડીયા

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ સાણંદના સાણંદ તાલુકાના મોજે ગામ-ગરોડીયા સિટી સરવે નં. NA૨૦૩/૨, વોર્ડ - ગરોડીયા (બીનખેતી), સત્તા પ્રકાર - સી, (રેવન્યુ બ્લોક/સર્વે નં. ૨૦૩/૨, જુનો બ્લોક/સર્વે નં. ૬૪) જેનું કુલ ક્ષેત્રફળ ૭૮૮૩ ચો.મીટર બીનખેતીની જમીનના હાલના માલિકો (૧) જયેશકુમાર તલકશીભાઈ કોટક (વ.વહે. ૨૫ ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૩૩૨૫, લેન-૧૭, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ તથા (૨) તરંગ પરિમલકુમાર પરીખ (વ.વહે. ૩૫ ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૫૯, વર્ધમાન, લાવણ્ય બંગલોઝ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ તથા (૩) જયેશકુમાર ચંદુભાઈ પ્રજાપતિ (વ.વહે. ૧૦ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૨૭, રોનક સોસાયટી, રામદેવનગર ચાર રસ્તા પાસે, આંબાવાડી વિસ્તાર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ તથા (૪) ઠક્કર સ્મિત સુરેશભાઈ (વ.વહે. ૩૦ટકા જમીનના હિસ્સેદાર), રહેવાસી :- ૧૩, નિરાંત પાર્ક, સન એન સ્ટેપ ક્લબ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯ નાઓની પોતાની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની બિન બોજાની ન દાવા વાળી હક્ક, હિસ્સા સહીતની ચોખ્ખી મિલકત હોવાનું જણાવી અમો પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો પણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો હોય તો તેની જાણ પ્રમાણિત નકલ સાથે અમોને દિન-૭ (સાત) માં રજીસ્ટર્ડ એ.ડી. થી કરવી, જો તેમ કરવામાં નહી આવે, અગર કસુર થશે તો તેવા તમામ હક્કો જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપી દઈશું. ત્યારબાદ કોઈપણ વ્યક્તિઓનો વાંધો, વિરોધ કે તકરાર ચાલશે નહિ, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :- અમદાવાદ
તારીખઃ-૦૫/૧૧/૨૦૨૬

દિપક બી. પટેલ,
એડવોકેટ એન્ડ નોટરી
નિકુંજ પી. સાધુ, એડવોકેટ
રાજ પી. પટેલ, એડવોકેટ
ઓફિસ :- ૨૪૧, સેકન્ડફ્લોર, શુકન મોલ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મોબાઈલ નં.- ૯૬૨૪૪૦૯૨૧૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૮(સોલા), તાલુકા ઘાટલોડીયાના મોજે ભાડજની સીમના ડ્રાફ્ટ ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર ૪૦૬ (ભાડજ) ના ફાઈનલ પ્લોટ નંબર ૭૭/૧+૭૭/૩/૨ ની ૨૨૪૬ ચોરસમીટરની જમીન કે જે (૧) બ્લોક નંબર ૧૬૧/અ ની ૨૪૯૫ ચોરસમીટર તથા (૨) બ્લોક નંબર ૧૬૧/ક/૨ ની ૧૨૪૮ ચોરસમીટર એમ કુલ ૩૭૪૩ ચોરસમીટરની જમીનો સામે ફાળવવામાં આવેલ છે. તેવી ફાઈનલ પ્લોટની બહુહેતુક બિનખેતીની જમીન શ્રી બાલાજી લોટસ બિલ્ડકોન એલએલપી ધરાવે છે. સદરહુ જમીન ઉપર બાંધકામ અંગેની પરવાનગી અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા તારીખ ૨૧-૧૦-૨૦૨૬ ના રોજ મેળવેલ છે. તેઓએ સદરહુ જમીન મજકુર લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓથી મુકત હોવાનું જણાવી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોપેલ છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા, અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે અગાઉ ગુજરનારના વારસદાર તરીકે કે મજકુર જમીનના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય અને જતા (waive) કરેલા છે તેવું ગણી સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯ ફાઈલ નંબર ૫૧/૨૦૨૫/HHD/KHD

સીબીઆઈએ બ્રિટનની કંપનીને આરોપી બનાવી

એક્ઝિમ બેંકમાં એક કરોડ ડોલરની છેતરપિંડીમાં એફઆઈઆર દાખલ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૫

સીબીઆઈએ ઇન્ડિયા એક્ઝિમ બેંકમાં ૧ કરોડ ડોલરની છેતરપિંડી અંગે એક કેસ દાખલ કર્યો છે. તેમાં બ્રિટનની એક કંપની, તેના પૂર્વ ડાયરેક્ટર અને સહયોગીને આરોપી બનાવવામાં આવ્યા છે.

મશીનરી ખરીદવા માટે બેંકમાંથી લેવામાં આવેલી લોનની રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરાયો

સીબીઆઈએ ઇન્ડિયા એક્ઝિમ બેંકનાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર જી સેલ્વા કુમારની ફરિયાદ પર એફઆઈઆર દાખલ કરી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે બેંકની સાથે છેતરપિંડી થઈ છે અને તેને ૧ કરોડ ડોલર (૯૩ કરોડ રૂપિયા)નું નુકસાન થયું છે. આ એ બાકી રકમ છે જે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ સુધીની છે. તે સમયે લોન એકાઉન્ટને નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ) જાહેર કરવામાં આવ્યું હતું.

એફઆઈઆરમાં બ્રિટનની કંપની હંજર બાયોટેક લિમિટેડને આરોપી બનાવવામાં આવી છે. આ ઉપરાંત કંપનીનાં પૂર્વ ડાયરેક્ટર અને ગેરંટર નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરિંગ પ્રાઇવેટ લિમિટેડ (એનઆઈઈપીએલ), હ્યુમ સિંથેસિસ પ્રાઇવેટ લિમિટેડ અને કેટલાક અજ્ઞાત સરકારી કર્મચારીઓને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. આરોપ છે કે હંજર બાયોટેકે બ્રિટનમાં પોતાના રિસાઇક્લિંગ પ્રોજેક્ટ માટે મશીનરીની સપ્લાય અંગે નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એક સમજૂતી કરી હતી. એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે ઉધાર લેનારી કંપનીએ આ પ્રોજેક્ટ માટે બેંક પાસેથી લોન માંગી હતી. કંપનીએ પ્રોજેક્ટનો ખર્ચ ૧.૫૯ કરોડ ડોલર બતાવ્યો હતો. તેમાં ૫૦.૯૦ લાખ ડોલર પ્રમોટરોને આપવાનાં હતાં.

મુંબઈ એરપોર્ટ દ્વારા કેન્દ્ર સમક્ષ દરખાસ્ત

વિદેશનાં ૧૪ શહેરોની ફ્લાઈટનું મુંબઈને બદલે નવી મુંબઈથી સંચાલન

મુંબઈ,તા.૫

વિદેશના ૧૪ શહેરોમાં જતી ફ્લાઈટસનું આગામી માર્ચથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સંચાલન થશે તેમ મુંબઈ એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા કેન્દ્ર સરકારને જણાવાયું હોવાનું જાણવા મળે છે.

ભારતીય કંપનીઓની સંમતિ બાદ આગામી માર્ચથી તમામ વિદેશી કંપનીઓને પણ ફરજ પડાશે

૨૦૨૭ના સમર શિડ્યુલની આ ૧૪ શહેરોની કોઈપણ વિમાની કંપનીનની કોઈપણ ફ્લાઈટનું સંચાલન મુંબઈ એરપોર્ટથી થશે નહીં તેમ સાફ સાફ સાફ મુંબઈ એરપોર્ટના ચીફ ઓફિસરે સિવિલ એવિયેશન સેક્રેટરીને પત્ર લખીને જણાવ્યું છે.

આ ૧૪ શહેરો માટે દરખાસ્ત

બહેરીન, દમામ, ઢાકા, દોહા, ફૂજાશહ, જાકાર્તા, જેદ્દાહ, કાઠમંડુ, કુવૈત, મદીના, મસ્કત, રાસ અલ ખૈમાહ, રિયાધ અને શારજાહ

બહેરીન, દમામ, ઢાકા, દોહા, ફૂજાશહ, જાકાર્તા, જેદ્દાહ, કાઠમંડુ, કુવૈત, મદીના, મસ્કત, રાસ અલ ખૈમાહ, રિયાધ અને શારજાહની ફ્લાઈટસની તમામ ફ્લાઈટ્સ નવી મુંબઈ જ ખસેડાશે તેમ જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ એર ઈન્ડિયા, ઈન્ડિગો તથા આકાશા એર આ માટે સંમતિ આપી ચૂક્યાં છે. આ ભારતીય કંપનીઓ નવી મુંબઈથી જ આ સ્થળોની ફ્લાઈટ્સ ઉપાડવાનું નક્કી કરે અને વિદેશી કંપનીઓની આ શહેરોની ફ્લાઈટ્સ મુંબઈ એરપોર્ટથી ઉપડે તો ભારતીય કંપનીઓ તેમનો પેસેન્જર ટ્રાફિક ગુમાવી શકે છે. આથી, ભારતીય કંપનીઓએ એરપોર્ટ સત્તાવાળાઓ પાસે એવી ખાતરી માગી છે કે ફક્ત તેમની જ નહીં પરંતુ આ શહેરોએ જતી તમામ વિદેશી એરલાઈન્સની ફ્લાઈટ્સ પણ નવી મુંબઈથી જ સંચાલિત થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

તમામ એરલાઈન્સને ત્રીજી નવેમ્બર સુધીમાં નવી મુંબઈ એરપોર્ટના સ્લોટ્સ જણાવવા કહેવાયું છે. જો એરલાઈન્સ આ માટે પ્રતિભાવ નહીં આપે તો બે એરપોર્ટ વચ્ચે વહેંચણીને બદલે તમામ ફ્લાઈટ નવી મુંબઈ એરપોર્ટથી જ રવાના થશે તેમ એરપોર્ટ દ્વારા જણાવાયું છે.

એસ-૪૦૦ની વધુ પાંચ સ્કવોડ્રન ખરીદવી પડશે

ભારતને એસ-૫૦૦ ટેકનોલોજી આપવા રશિયાની શરતી ઓફર

મોસ્કો, તા.૫

રશિયાએ ભારતને અત્યાધુનિક એસ-૫૦૦ ડિફેન્સ સિસ્ટમની ટેકનોલોજી ટ્રાન્સફર કરવાની અનોખી ઓફર આપી છે. જો કે, આ માટે ભારત સમક્ષ વધુ પાંચ એસ-૪૦૦ સ્કવોડ્રન ખરીદવાની શરત રાખવામાં આવી છે. આ સોદો થાય તો ભારતને સંયુક્ત અથવા સ્થાનિક ઉત્પાદનની તક પણ મળશે. આ ઓફર માત્ર ભારતને આપવામાં આવી હોવાનું કહેવાય છે, જે ભારત-રશિયા સંરક્ષણ સંબંધોની વિશેષતા દર્શાવે છે.

દૂરથી જ લક્ષ્યાંક તોડી પાડવાની ક્ષમતા ધરાવતી એસ-૫૦૦ વિશ્વની શ્રેષ્ઠ હવાઈ સંરક્ષણ પ્રણાલી હોવાનો મત

ડિફેન્સ સિક્યોરિટી એશિયાના અહેવાલ મુજબ, આ સહયોગથી ભારતની સંરક્ષણ ક્ષમતા વધવાની સાથે સ્વદેશી સંરક્ષણ ઉદ્યોગને પણ મોટો વેગ મળી શકે છે. ઓપરેશન સિંદૂર દરમ્યાન એસ-૪૦૦ના પ્રભાવશાળી પ્રદર્શન પછી ભારત વધુ પાંચ સ્કવોડ્રન ખરીદવા ઈચ્છે છે એવા અહેવાલો છે. જો કે વધારાના એસ-૪૦૦ની ખરીદી અંગે બંને દેશો વચ્ચે હજી અંતિમ કરાર નથી થયા.

ભારત હાલમાં એસ-૪૦૦ની ચાર સ્કવોડ્રન કાર્યરત કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૮ના કરારની પાંચમી અને છેલ્લી સ્કવોડ્રન જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મળવાની ધારણા છે. તેના એસેમ્બલી માટે એન્જિનીયરો ભારત આવશે. આ સિસ્ટમના કેટલાક ઘટકોની ડિલિવરી ડિસેમ્બરથી શરૂ થવાની છે. યુક્રેન યુદ્ધને કારણે અગાઉ નક્કી કરાયેલા સમયપત્રકમાં વિલંબ થયો છે. ૫૫આરઙએમ ટ્રાયમ્ફેટર-એમ તરીકે ઓળખાતી એસ-૫૦૦ રશિયાની સૌથી આધુનિક હવાઈ સંરક્ષણ પ્રણાલી છે. અલ્માઝ-એન્ટેઈ કંપનીએ વિકસાવેલી આ સિસ્ટમ બેલિસ્ટિક મિસાઈલોને ૬૦૦ કિ.મી. અને અન્ય હવાઈ લક્ષ્યોને ૪૦૦થી ૫૦૦ કિ.મી. સુધી નિશાન બનાવી શકે છે. તે ૧૮૦થી ૨૦૦ કિ.મી.ની ઊંચાઈએ આવેલા લક્ષ્યો અને પૃથ્વીની નીચલી કક્ષાના ઉપગ્રહોને પણ તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.

મણિપુરમાં કટ્ટર વિરોધી જૂથો વચ્ચે હિંસક અથડામણ : ત્રણનાં મોત

(પીટીઆઈ) ઈમ્ફાલ, તા. ૫

મણિપુરના નોની જિલ્લામાં હરિફ જૂથો વચ્ચે થયેલા ગોળીબારમાં ત્રણ ત્રાસવાદી માર્યા ગયા છે. જેલિયાંગરોંગ યૂનાઈટેડ ફ્રન્ટ સહિત નાગા ઉગ્રવાદી સંગઠનો અને તેમના કટ્ટર વિરોધી જૂથો વચ્ચે સવારે ૪ વાગે ભારે ગોળીબાર થયો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે આ ગોળીબાર નાગા પ્રભાવિત જિલ્લાના ખૌપમ વિસ્તારના તાઓદાઈજાંગ ગામમા થયો હતો. સ્થાનિક લોકોએ મૃતકોના શબ એકત્રીત કર્યા હતાં. આ ઘટના બાદ મહિલાઓના નેતૃત્વમાં સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોચ્યા હતા જેથી જૂથો વચ્ચે વધુ હિંસા ન ફેલાય. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ લાઉડસ્પીકરનો ઉપયોગ કરીને ત્રાસવાદીઓને ગોળીબારી બંધ કરવા અપીલ કરી હતી.

vedanta
transforming for good

Expression of Interest

Inviting EOI for

Sale of Copper Sulphate and Nickel Sulphate

Vedanta Limited is a leading global producer of metals, critical minerals and technology, that powers the industries of today and incubating the industries of tomorrow. The Company has a strong track record of identifying opportunities in sunrise sectors and scaling them into world-class businesses that become the industries of tomorrow. With operations across India, Africa, the Middle East and East Asia, Vedanta is embedded in high-growth regions shaping the next era of global development.

Vedanta invites Expression of Interest (EOI) from reputed and experienced from manufacturers, distributors, and authorized buyers for the for Sale of Copper Sulphate and Nickle Sulphate.

Product Details

Sale of Copper Sulphate:
• Material Description - Copper Sulphate
• Purity (WMT) 23.50 % to 24.5%
• Packing 1 MT (Jumbo Bag)

Sale of Nickel Sulphate:
• Material Description - Crude Nickel Sulphate
• Purity (DMT) - 25% to 30%
• Packing - 1 MT (Jumbo Bag)

Submission Details

Interested suppliers may submit their interest by email to
Vikas.Basare@vedanta.co.in;
Procurement.SC@vedanta.co.in by 15th Nov'2026.

Please Note: Submission of EOI does not guarantee qualification or award of business.
The company reserves the right to accept or reject any or all EOIs without assigning any reason.

We look forward to receiving your response and exploring opportunities for long-term business collaboration!

@ Aapke Sapne, hamara Sankalp

सेन्ट्रल बैंक ऑफ इंडिया Central Bank of India

महिलाओं के लिए विशेष आवास ऋण योजना

Special Housing Loan Scheme for Women

सेन्ट गृहलक्ष्मी 7.25%*

Cent eeZ Ab Life Aasaan

शून्य (NIL) प्रोसेसिंग शुल्क* HIL PROCESSING CHARGES*

विलम्ब 31.12.2026 तक TILL 31.12.2026

Call us

ABHISHEK SAINI - +91 79846 49207 | DRASHTY - +91 96625 35151

www.centralbank.bank.in | Follow us on | CentralBankofIndia | Toll-free no.: 1800 30 30 | 790 122 123

FESTIVE EXCHANGE OFFER

BOSS zindagi aasan bana de

કોઈપણ ચાલુ અથવા બંદ એપ્લાયન્સીસ લાવો
અને એક્સચેંજમાં નવું મેળવો

ઓફર તમારા નજીકના બધા સ્ટોરમાં ઉપલબ્ધ

UPTO 40% OFF

Evora 1200W

Tornado 1000W

HURRY UP! સ્ટોક મર્યાદ સમય માટેનો ખરીદી લો

ખરીદ માટે સંપર્ક:
અમદાવાદ: 7878001008 / 7016253353 / 079-26581069 / 079-26581070 / 91520 05830
ઉત્તર ગુજરાત/સૌરાષ્ટ્ર/કચ્છ: 9152005831 / 9824549262 / 9377144020
બારોટ/વડોદરા/ખેડા: 9427857843 • સુરેન્દ્રનગર: 9429955053 / 9377019388 / 9016688855 / 9152005834

40+ Years of Trust | MADE IN INDIA

CUSTOMER CARE NO 9167681234
www.bossindia.com

ENQUIRE NOW

AUTHORISED DEALERS : AHMEDABAD AMDUPURA Om Guru Brothers-9510399070 • BAPUNAGAR Shreenath Vasan-9173617535 • BHUYANGDEV Shree Ganesh Vasan-9427027283 • BOPAL Dhanlaxmi Kitchenware-9427710374 • Unnati Kitchenware-9558101886 • DAHEGAM Dharmik Enterprise-9879173953 • DHARNI DHAR Shree Khodiyar Home Appls.-8099315638 • GANDHINAGAR Aadarsh Sales & Service-9825537520 • Mahir Trading Company-9429811210 • Swastik Stores-9376116277 • White House (Sector-21)-8511120820 • GATLODIA Navdeep Steel-9106294803 • GURUKUL Ambica Sales-9426356885 • ISANPUR Ronak Steel-9712886181 • JODHPUR Hardik Appls.-9624582167 • Suraj Sales Agency-9428044878 • K K NAGAR Mahavir Vasan-9429084743 • KUBER NAGAR Kavita Plastic Store-9426578204 • KUDASAN Mahavir Enterprise-9429998174 • MANEKCHOWK Neelam Kitchen Ware-9825329990 • New Ambica Steel Corporation-9825074735 • Shree Jalaram Metals-9825615590 • MANINAGAR Shree Ram Vasan-9426501876 • NARANPURA Ambica Home Kitchenware-9428359068 • NARODA Bhagwati Steel & Furniture Mart-9909421286 • NAVRANGPURA Jagdish Home Appls.-8780799134 • Shree Ganpati Vasan-9428350462 • NEHRU NAGAR Maruti Steel-9428804850 • NEW RANIP Navdeep Home Appls. Nx-8141204551 • Radhe Krishna-9825322293 • NIKOL Patel Vasan-9377989351 • Shree Satgurukrupa Electric-9328689659 • Sundar Steel-8320599964 • Swastik Steel-9265818055 • ODHAV K.K Metals-9427626717 • Shree Dwarkesh Vasan-9428101618 • Swati Sales-9974099177 • Alankar Metals-9328770759 • Navkar Traders-8733913972 • PALDI R.B Shah Enterprise-9879791800 • PRAGATINAGAR Nirali Steel-7600103558 • SANAND Pooja Vasan-9429439853 • SATELITE Charbhuja Kitchenware-9429517613 • Dwarkesh Kitchenware-7795189514 • New Rajendra Stores-9428106584 • Lalubhai Amichand Limited-9687333067 • SATTADHAR Ramapal Vasan-9016980537 • SHASHTRINAGAR Vishal Steel-9427702493 • THALTEJ Parshwa Corporation-9825870009 • VADAJ Pushpam Kitchen Gallery-9427953060 • Tulsi Kitchen Corner-9825480506 • VANDEMATRAM Satyam Plus-9426369337 • VASANA Shree Bahubali Plus-9913778721 • VASTRAPUR Ambica Appls.-9712107101 • Charbhuja Steel-9898695639 • VEJALPUR Shree Amiraj Steel-9904420123 • KALOL Aarti Steel-9427989919 • Shilpa Sales-9825099136 • KADI Minakshi Metal-9924663964 • MEHSANA Kadiwala Glass Ware-9825377620 • Amit Super Mall-7874184004 • New Vaishali Glasswear & Gift-9898971251 • Patel Parshram Bhai Gopaldas-9824684012 • SIDDHPUR Amrutlal S Modi-9913422055 • Shubhlakshmi Vasan-9825439762 • UNJHA Bela Electronic-9228244451 • PATAN Bhagyalakshmi Vasan Bhandar-9898577621 • VISNAGAR Baba Metal-8128914567 • Naresh Metal-9428853819 • VIJAPUR Nidhi Sales-9824189320 • Shah Ganlal & Arjunlal-9998456356 • PALANPUR Asopalav Vasan-9426240319 • Year Glass Ware-9898364338 • RASHULPUR Zoha Electronic-9825412143 • KHEDBHRAMA Baba Electronic-9879432349 • HIMMATNAGAR Kumar Electronic-9825994789 • M.R. Electronic-9409241787 • IDER Vimal Metal Corporation-9898399389 • RADHANPUR Chaudhary Vasan-9879351155 • DEESA Chamunda Electronic-9825242150 • Patel Vasan-9824055502 • Plastic Mart-9173020578 • THARA Sadaram Vasan-9998141404 • MODASA Sunrise Electronic & Appls.-9428063632 • SURENDRANAGAR Shah Amichandbhai Jinabhai-8879911173 • R R Mega Mart-9825266818 • Kansara Premchand Chaturdas-8347743191 • Shreeji Steel-9427067449 • Ashok Electric-9879782387 • Vardhman Sales-7778820177 • 80 FEET Avinash Metal Industries-9429635719 • Shree Ganesh Vasan-9925838584 • Om Vasan-7984956625 • Viral Vasan-9925339034 • JORAWARNAGAR Vishal Vasan-9408750745 • WADHWAN Gokul Vasan-7878882225 • DHRANGADHRA R.R. Traders-9727721245 • Karathiya Brothers-9825051345 • Dhiraj Sales-9925634349 • THAN Krishna Electricals-9909547430 • NADIAD Devanshi Home Appls.-9427983472 • Patva Sales Corporation-9429251773 • Shah Bapulal Motilal-9426276262 • Charbhuja Vasan-9426809550 • KARAMSAD Shree Savaliya Vasan-9979109936 • PETLAD Adhyashakti Kitchenware-8750717388 • BORSAD Ashokbhai Vasanwala-9426340802 • Raj Metal Mart-9925480903 • ANAND Shree Jinendra Home Appls-9773483707 • Nadiad Vasan-9974620188 • Naya Ghar Vasan-9898337333 • KAPADVANJ Jain Brothers-9825787250 • KHEDA Jain Vasan-9824263014

ગુજરાત સમાચાર

ટ્રમ્પને વધુ પછડાટ

દુનિયાભરના મીડિયામાં ટ્રમ્પના પક્ષને મધ્યવર્તી ચૂંટણીમાં લાગેલી પછડાટના ઢોલ વાગી રહ્યા છે પરંતુ ટ્રમ્પ ખુદ વાજિદ અલી શાહની જેમ ઈરાન સામેની શતરંજ રમવામાં ગળાડૂબ છે. પોતાના પક્ષના આ પતનની તેમને કાંઈ પડી નથી કારણ કે હજુ પૂરા બે વરસ અમેરિકાનું સુકાન તરંગી ટ્રમ્પના હાથમાંથી કોઈ આંચકી શકે એમ નથી. અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના જંગી વિજય (બ્લુ સુનામી) એ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓને નિર્ણાયક રીતે નકારી દીધી છે. ડેમોક્રેટ્સે અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, કોંગ્રેસના બંને ગૃહો પર નિયંત્રણ મેળવ્યું અને ગવર્નરની ચૂંટણીઓમાં બહુમતી મેળવી. પાર્ટીએ ચાર ગવર્નરની બેઠકો, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બાવીસ બેઠકો અને સેનેટમાં છ બેઠકો મેળવી. અમેરિકન મતદારોએ ઘણા અનુભવી નેતાઓને હરાવ્યા અને રિપબ્લિકન પાર્ટીના દાયકાઓથી ચાલતા વર્ચસ્વનો અંત લાવ્યો. પ્રથમ વખત, ડેમોક્રેટ્સે ટેક્સાસમાં ગવર્નર તરીકે એક લેટિનો મહિલા અને સેનેટમાં એક મુસ્લિમને ચૂંટ્યા.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તેમના પક્ષના હળાહળ નબળા પ્રદર્શનની જવાબદારી લેવાનો ઈનકાર કર્યો , કહ્યું કે તેઓ ચૂંટણી મેદાનમાં ક્યાં હતા? જો કે ચૂંટણી પહેલાં તેમણે નાગરિકોને એવી રીતે મતદાન કરવાની અપીલ કરી હતી જાણે તેઓ ખુદ ચૂંટણી લડી રહ્યા હોય. મોટી ટેક કંપનીઓએ રિપબ્લિકન પાર્ટીને અઢળક ફંડ આપ્યું, જેમાં એલોન મસ્કનું મહત્ યોગદાન છે. આમ હોવા છતાં, ડેમોક્રેટ્સે ચૂંટણી ખર્ચમાં લગોલગ પરફોરમન્સ કર્યું. અમેરિકામાં ચૂંટણી ખર્ચ પર નજર રાખતી બિનપક્ષીય સંસ્થા, ઓપનસિક્રેટ્સ અનુસાર, ડેમોક્રેટ્સે રિપબ્લિકન પાર્ટી કરતાં ૮૦૦ મિલિયન ડોલર વધુ ખર્ચ કર્યો. આફ્રિકન અમેરિકનો અને યુવાનોમાં રેકોર્ડ મતદાનથી ડેમોક્રેટ્સે વિશેષ મદદ મળી, જે પરંપરાગત રીતે જ ડેમોક્રેટિક મતદારો હતા. આ ચૂંટણી નિર્ણયનું કેન્દ્રબિંદુ ફુગાવા સામેનો જાહેર ક્રોધિત ઉન્માદ હતો. ઊંચા આયાત ટેરિફ અને ઈરાન યુદ્ધને કારણે ગેસોલિનના ભાવમાં ભડકો થયો, જેનાથી મુશ્કેલીઓ વધી. આ મુદ્દો ડેમોક્રેટ્સની નીતિઓની સાચી કસોટી હશે.

તેમની યોજનાઓમાં ભાવોને નિયંત્રિત કરવા, ભાડામાં વધારા અટકાવવા, આરોગ્ય સંભાળ અને રહેઠાણ માટે સબસિડી વધારવા, સ્વચ્છ ઊર્જા તરફ ઝડપી પગલા લાગુ કરવા અને આયાત ટેરિફ ઘટાડવાનો સમાવેશ થાય છે. જો કે આખા અમેરિકન આર્થિક માળખાને એક શત્રુની જેમ ટ્રમ્પે વેરવિખેર કર્યા પછી ચૂંટાઈ આવેલા નવા લોકો માટે દેશને રાગે પાડવાનું કામ આસાન નથી અને ધગધગતા તરંગી રાજનેતાના તોફાની પરાક્રમો વચ્ચે નવોદિત ડેમોક્રેટ્સ્ કેટલુંક જોર કરી શકે એ જોવાનું રહે છે. માથું કટાયા પછી જેમ ધડ લડતા રહે એમ આ ચૂંટણીમા ટ્રમ્પનું નાક કપાયા પછી પણ તેઓ તોફાની નિર્ણયો લેતા રહેવાના છે. સન ૧૯૭૧ માં, નિક્સન વહીવટીતંત્રે ફુગાવાને નિયંત્રિત કરવા માટે ભાવ નિયંત્રણો લાગુ કર્યા, પરંતુ તે લાંબા ગાળે નિષ્ફળ સાબિત થયા. રાષ્ટ્રપતિ જો બાઈડને તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ પાછા ખેંચ્યા ન હતા.

આખી દુનિયાના વાણિજ્યતંત્રને આડે પાટે ચડાવવાના સો કીમિયા હોય તો તેમાંથી નવ્વાણુ તો ટ્રમ્પ જાણે છે. ઈરાન સાથેના યુદ્ધ અંગેનો તેનો સતત બદલાતો વ્યૂહ ખુદ અમેરિકા પોતાને હાથે પોતાના પેટમાં કટારી મારે એવો છે. એક પરાજયને ઢાંકવા તેઓ બીજો હુમલો કરે ને બીજા પરાજયને ઢાંકવા ત્રીજો એમ જુગારી જેવી મનોવૃત્તિથી ટ્રમ્પ એક ટાઈમ કિલર મશિન બની ગયા છે. હવે ઘણું બધું તો ઈરાન સાથેના યુદ્ધનો અંત લાવવા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા પર નિર્ભર રહેશે. પરંતુ ટ્રમ્પે પીછેહઠ કરવાની યોજના બનાવી રહ્યા હોય તેવું લાગતું નથી. નવી કોંગ્રેસ જાન્યુઆરીના અંતમાં સત્તા સંભાળશે, આ સમયાવધિ રાષ્ટ્રપતિને તેમની યોજનાઓને અમલમાં મૂકવા માટે ૬૦ થી ૯૦ દિવસનો સમય આપશે. જોકે રિપબ્લિકન-નિયંત્રિત કોંગ્રેસે, દ્વિપક્ષીય સર્વસંમતિના નોંધપાત્ર પ્રદર્શનમાં, જૂનમાં રાષ્ટ્રપતિને ઈરાન સામે યુદ્ધ બંધ કરવા વિનંતી કરતો ઠરાવ પસાર કર્યો હતો, ટ્રમ્પે આ ઠરાવને અવગણ્યો છે, સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર તરીકે તેમની બંધારણીય સત્તાનો ઉપયોગ કર્યો છે.

કોંગ્રેસે તેમની ઈરાન નીતિ ચાલુ રાખવા માટે એક મોટું બજેટ પણ મંજૂર કર્યું હોવાથી, તેમની પાસે પૂરતું નાણાકીય સામર્થ્ય છે. ટ્રમ્પ, જેમણે તેમના બીજા કાર્યકાળ દરમિયાન રેકોર્ડ સંખ્યામાં એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા છે, તેઓ તેમની નીતિઓને આગળ વધારવા માટે સત્તાનો ઉપયોગ હજુ પણ વિસ્તૃત કરી શકે છે. તેમણે ધમકી આપી છે કે તેઓ ડેમોક્રેટિક-નિયંત્રિત કોંગ્રેસ દ્વારા પસાર કરાયેલા બિલો સામે તેમના વીટો પાવરનો સંપૂર્ણ ઉપયોગ કરશે.

ડેમોક્રેટિક પાર્ટીના જૂના જોગીઓ કેવી રીતે ટ્રમ્પ પર ભારે પડ્યા?

૧૭૯૨માં અમેરિકામાં થોમસ જેફરસન અને જેમ્સ મેડિસને ડેમોક્રેટિક-રિપબ્લિન પાર્ટી બનાવી હતી. ૧૮૨૫માં તે વખતના નેતાઓમાં મતભેદો થતાં ફાંટા પડ્યા. આ પાર્ટીમાંથી બીજી બે નવી પાર્ટી અસ્તિત્વમાં આવી. એકનું નામ હતું નેશનલ રિપબ્લિકન પાર્ટી, જે એ જ વર્ષે બની હતી. ડેમોક્રેટિક-રિપબ્લિકન પાર્ટીના નેતાઓએ જ ૧૮૨૮માં બીજી પાર્ટી બનાવી, જેનું નામ હતું - ડેમોક્રેટિક પાર્ટી. ૧૮૩૪ સુધી નેશનલ રિપબ્લિકન પાર્ટી એક્ટિવ રહી ને પછી એ પણ બંધ થઈ, પણ ડેમોક્રેટિક પાર્ટી ચૂંટણીઓ લડતી રહી, જીતતી રહી ને એમ એ આજે દુનિયાની સૌથી જૂની પાર્ટીઓમાંથી એક બની છે.

ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના ૧૮૨૮માં થઈ હતી એ રીતે ૧૯૮ વર્ષની થઈ છે. ડેમોક્રેટિક પાર્ટીના ૧૬ નેતાઓ પ્રમુખ બની ચૂક્યા છે. અમેરિકામાં ૧૮૩૪માં નેશનલ રિપબ્લિકન પાર્ટી વિખેરાઈ ગઈ તેના વીસેક વર્ષ પછી ૧૮૫૪માં રિપબ્લિકન પાર્ટીના નામે નવેસરથી જમણેરી પાર્ટી બની. રિપબ્લિકન પાર્ટી પણ ૧૭૨ વર્ષ જૂની પાર્ટી છે અને ડેમોક્રેટિક પછી આ પાર્ટી અસ્તિત્વમાં આવી હોવા છતાં તેના ૧૯ નેતાઓ પ્રમુખ બની ચૂક્યા છે. અમેરિકામાં કન્ઝર્વેટિવ મૂવમેન્ટ ૧૯૭૦ના દશકામાં શરૂ થઈ હતી તે વખતે રોનાલ્ડ રીગનના સમયમાં અમેરિકામાં મતદાર વર્ગ રિપબ્લિકનને સ્વીકારવા લાગ્યો હતો. અનેક રાજ્યોમાં ડેમોક્રેટ્સનો દબદબો ધ્વસ્ત થઈ ગયો હતો. લીન્ડન બી. જોહન્સન પછી ડેમોક્રેટિક પાર્ટીની પડતી બેઠી હતી. ૧૯૬૯થી ૧૯૯૩ સુધી વચ્ચે જિમ્મી કાર્ટરનો ચાર વર્ષનો કાર્યકાળ બાદ થાય તો ૨૪માંથી ૨૦ વર્ષ સુધી રિપબ્લિકન પાર્ટી સત્તામાં રહી હતી.

અમેરિકામાં ૧૯૭૦-૮૦ના દાયકામાં મતદારોને ડેમોક્રેટ્સની લિબરલ વિચારધારા કરતાં જમણેરી વિચારધારા વધારે આકર્ષવા લાગી હતી. તેના પરિણામે પ્રમુખપદની ચૂંટણીમાં એકધારી પડછાટ ખાવી પડી હતી ને રાજ્યોમાં પણ ગવર્નર્સની ચૂંટણીમાં ને સેનેટર્સની ચૂંટણીમાં પણ આ સ્થિતિનું પુનરાવર્તન થતું હતું. બિલ ક્લિન્ટને ૧૯૯૩માં ડેમોક્રેટિક પાર્ટીની વાપસી કરાવી હતી. બિલ ક્લિન્ટન, અલ ગોર, ઓબામા જેવી એ સમયની નવી જનરેશનના કારણે ડેમોક્રેટિક પાર્ટીએ યુવા-માનસમાં ફરી જગ્યા બનાવી.

ક્લિન્ટન સતત બે ટર્મ જીત્યા પછી ફરીથી રિપબ્લિકન પાર્ટીના જ્યોર્જ બુશે બે ટર્મ મેળવી લીધી હતી, પરંતુ પ્રથમ આફ્રિકન-અમેરિકન પ્રમુખ બનેલા બરાક



ઓબામાએ અભૂતપૂર્વ લોકપ્રિયતાથી પ્રમુખપદની બે ટર્મ મેળવવાની સાથે સાથે હાઉસમાં ડેમોક્રેટિક પાર્ટીની સ્થિતિ મજબૂત બનાવી હતી. રાજ્યોમાં ડેમોક્રેટિક પાર્ટી નવેસરથી બેઠી થઈ હતી.

પરંતુ ૨૦૧૬માં કટ્ટર જમણેરી વિચારધારાના મોજાં પર સવાર થઈને ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા ને આખા અમેરિકામાં છવાઈ ગયા. હિલેરી ક્લિન્ટનને પ્રમુખપદની ચૂંટણીમાં હરાવવાની સાથે સાથે મેક અમેરિકા ગ્રેટ અગેઈનનો નારો આપીને રાજ્યોમાં પણ ડેમોક્રેટિક પાર્ટીની પીછેહઠ કરાવી. કોરોના મહામારીમાં ટ્રમ્પ સરકારની કામગીરી ટીકાપાત્ર બની તેનો લાભ મેળવીને ડેમોક્રેટિક પાર્ટીના જો બાઈડેન પ્રમુખ બની ગયા, પરંતુ ૨૦૨૪માં ફરીથી ટ્રમ્પે કમલા હેરિસને હરાવીને પ્રમુખપદ મેળવી લીધું ને સાથે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટમાં બહુમતી પણ મેળવી લીધી. કટ્ટર જમણેરી વિચારધારા અને વ્હાઈટ સુપ્રીમસીના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં બેહદ પોપ્યુલર છે. અમેરિકાના નાગરિકોમાં એ વાત તેમણે ઠસાવી દીધી છે કે વિદેશીઓ તેમની નોકરી આંચકી લે છે.

અમેરિકા વિદેશી વેપારીઓને માત્ર માર્કેટ નહીં આપે. અમેરિકાને જે માર્કેટ આપશે એને જ અમેરિકા માર્કેટ આપશે એવી આક્રમક પૉલિસી ઘડીને ટ્રમ્પે દુનિયામાં ટેરિફ વોરને જન્મ આપ્યો. વર્ષોથી અમેરિકાના સહયોગી રહેલા યુરોપના દેશોને પણ ટ્રમ્પે ન છોડ્યા. ટ્રમ્પની આવી આક્રમક નીતિના કારણે અમેરિકાની વર્ષોથી સંતુલિત વિદેશનીતિ ડામાડોળ થઈ ગઈ. નાટોથી લઈને યુએન સંલગ્ન સંસ્થાઓમાં અમેરિકાની જે ઈમેજ હતી તેને ફટકો પડ્યો. ભારત-ચીન-કેનેડા-બ્રિટન-ફ્રાન્સ-જર્મની જેવા કેટલાય દેશો સાથેના દ્વિપક્ષીય સંબંધોને અસર થઈ. ઈરાન સામે યુદ્ધ લાંબું ચાલ્યું. જે ઓપરેશન માત્ર અમુક કલાકો ચાલવાનું હતું એ મહિનાઓ છતાં પૂરું કરી શકાયું નહીં. ઈરાને ધારણા બહાર ફટકો પહોંચાડ્યો. હોર્મુઝની ખાડી બંધ થઈ તેને ખોલવામાં ટ્રમ્પને નાકામી મળી. ટેરિફ વોરનો વળતો પ્રહાર થયો એટલે અમેરિકામાં દવાથી લઈને પેટ્રોલિયમ મોંઘું થયું ને મોંઘવારી-બેરોજગારીનો દર અગાઉ ક્યારેય ન હતો એટલો ઊંચો થયો.

વર્લ્ડ વિન્ડો

> **પૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ ટ્રમ્પની આક્રમક પૉલિસી સામે મોરચો ખોલ્યો. ક્લિન્ટન દંપતીએ પાર્ટી માટે વ્યૂહ ઘડ્યો. નેન્સી પેલોસી અને કમલા હેરિસે મહિલા અને વિદેશી મૂળના મતદારોને આકર્ષવા ધ્યાન આપ્યું**

ને આવા સમયે અમેરિકામાં આવી ગઈ મિડ-ટર્મ ચૂંટણી. ઈરાન સામે જંગ કરીને, ટેરિફ વોર કરીને, વિઝા પૉલિસી આકરી બનાવીને, ચૂંટણી પહેલાં રેવડી વહેંચીને અમેરિકામાં વિજય મેળવી શકાશે એવી ટ્રમ્પની ધારણા હતી, પરંતુ મિડ-ટર્મ ઈલેકશનમાં ટ્રમ્પની બધી જ ગણતરીઓ પડી ભાંગી. રિપબ્લિકનનો ગઢ ગણાતા રાજ્યોમાંથી પણ ડેમોક્રેટિક પાર્ટીને વિજય મળ્યો. ડેમોક્રેટિક પાર્ટીએ નીચલા ગૃહની ૪૩૫માંથી ૨૪૦ બેઠકો મેળવીને સપાટો બોલાવી દીધો. સેનેટની ૧૦૦માંથી ૩૫ની ચૂંટણી હતી. બહુમતી માટે ૫૧ની જરૂર હતી. ચૂંટણી પહેલાં ૪૭ સેનેટર્સ ડેમોક્રેટિક પાર્ટીના હતા. હવે ડેમોક્રેટિક પાર્ટીએ આંકડો ૫૪ બેઠકોએ પહોંચાડ્યો છે. આ પરિણામો પછી ટ્રમ્પના આગામી બે વર્ષ તો ભારે રહેવાના જ છે, પરંતુ ડેમોક્રેટિક પાર્ટીએ ૨૦૨૮ના પ્રમુખપદની ભૂમિકા પણ રચી દીધી છે.

ને આવા ઉજ્જવળ પરિણામો પાછળ ડેમોક્રેટિક પાર્ટીના જૂના જોગીઓનો વ્યૂહ કામ કરી ગયો. પૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ ટ્રમ્પની આક્રમક પૉલિસી સામે ડેમોક્રેટિક પાર્ટીની લિબરલ પૉલિસીનો ખૂબ પ્રચાર કર્યો. બરાક ઓબામાની લોજિકલ દલીલો મતદારોને ગળે ઉતરી. ચૂંટણી ભલે ઓબામા વિરૂદ્ધ ટ્રમ્પની ન હતી, પરંતુ ડેમોક્રેટિક પાર્ટીએ એવો વ્યૂહ ઘડ્યો હતો કે મતદારોના દિમાગમાં કટ્ટર જમણેરી ટ્રમ્પ અને લિબરલ ઓબામા વચ્ચે જ સ્પર્ધા ચાલતી રહી. ડેમોક્રેટિક પાર્ટીમાં ઓબામા અને ક્લિન્ટનનો ખૂબ પ્રભાવ છે. બંને પૂર્વ પ્રમુખોની પૉલિસી પ્રમાણે જ પાર્ટી ચાલે છે. બિલ ક્લિન્ટન, હિલેરી ક્લિન્ટને પાર્ટી માટે ચૂંટણી વ્યૂહ ઘડવાનું કામ કર્યું. અમેરિકાના પ્રથમ મહિલા સ્પીકર નેન્સી પેલોસીએ મહિલા મતદારોને આકર્ષવા દરેક રાજ્યોની ટીમ સાથે કામ કર્યું, તો ટ્રમ્પ સામે પ્રમુખપદની ચૂંટણી લડનારા કમલા હેરિસે વિદેશી મૂળના મતદારોને આકર્ષવા માટે પ્લાન બનાવ્યો. પ્રમુખપદની ચૂંટણી વખતે કમલા હેરિસને જે રાજ્યોમાંથી લીડ મળી હતી ત્યાંનો મોરચો તેમણે સંભાળ્યો.

ફૂટબોલ, ક્રિકેટ, હોકી જેવી રમતોમાં ટીમ વચ્ચે બોન્ડિંગ હોય એ ખૂબ જરૂરી છે. ગમે એટલા પ્રતિભાશાળી ખેલાડીઓ હોય, પરંતુ જો તેઓ ટીમની જેમ ન રમે તો જીતવાની શક્યતા ઘટી જાય છે. ડેમોક્રેટિક પાર્ટીએ ટ્રમ્પ સામે લડવા માટે ટીમ બનાવી. જે જૂના જોગીઓને ટ્રમ્પ જેવા નેતાઓ સામે લડતા આવડતું હતું તેમને આગળ કરીને મતદારોમાં ડેમોક્રેટિક પાર્ટીએ ઉજળી ઈમેજ બનાવી. અમેરિકાની સૌથી જૂની રાજકીય પાર્ટી ડેમોક્રેટિકના નેતાઓ ભારતની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસના નેતાઓની જેમ બફાટ કરીને હરીફને સામે ચાલીને તક નથી આપી દેતા તેનું આ પરિણામ છે!

અવતરણ

પ્રીતિ શાહ



આર્થિક પરિવર્તનના સંકલ્પ સાથે અમે એક એવું નાણાકીય ક્ષેત્ર તૈયાર કરી રહ્યા છીએ, જેનો ઉદ્દેશ ગ્રાહકોને સશક્ત બનાવવાનો, ઉદ્યમીઓને સમર્થન આપવાનો અને વિકસિત ભારતના સ્વપ્નાને સાકાર કરવામાં યોગદાન આપવાનો છે.

- નિર્મલા સીતારમન (કેન્દ્રીય મંત્રી)



રાહુલ ગાંધી અરાજકતા ફેલાવનારા લોકોનું નેતૃત્વ કરી રહ્યા છે અને ભારતને અસ્થિર કરવાનો પ્રયત્ન કરનારી વિદેશી તાકાતોના ઈશારા પર કામ કરી રહ્યા છે. વિદેશી તાકાતો પણ વિપક્ષની આવી વિચારધારાનો લાભ ઉઠાવી રહી છે.

- નીતિન નવીન (ભાજપ અધ્યક્ષ)



વડાપ્રધાન વિદેશી મદદથી જ આ પદ સુધી પહોંચ્યા છે. ભારતની આર્થિક વ્યવસ્થા પણ સંપૂર્ણ રીતે વિદેશીઓના નિયંત્રણમાં છે અને વિદેશી સોશિયલ મીડિયા પણ એમની સાથે છે. વડાપ્રધાન કોઈપણ મંચ અને કોઈપણ સમયે ચર્ચા કરવા આવે, પરંતુ હું જાણું છું કે તેઓ આવશે નહીં, કારણ તેઓ ચર્ચાથી ડરે છે.

- રાહુલ ગાંધી (કોંગ્રેસના નેતા)



ભારતે વીજળીનું ઉત્પાદન તો કર્યું, પરંતુ હવે જરૂર છે આ વીજળી નિયમિતપણે અને સ્પર્ધાત્મક દરે પહોંચાડવાની. વીજવિતરણની અક્ષમતાઓ ઉદ્યોગો પર એક છૂપા ટેક્સનો બોજ નાખી રહી છે જો ભારતને ગ્લોબલ મેન્યુફેકચરિંગ હબ બનવું હોય તો વીજળીને તેની સ્પર્ધાત્મકતાનું સાધન બનાવવું પડશે.

- અમિતાભ કાન્ત (નીતિ આયોગના પૂર્વ સી.ઈ.ઓ.)



ટેકનોલોજી કોઈ ડોક્ટરને મદદ તો કરી શકે છે, પરંતુ એના માનવીય ગુણોની જગ્યા લઈ શકતી નથી. ડોક્ટર બનવાનું સૌથી મોટું સૌભાગ્ય એ છે કે તેને માનવીની જિંદગી બચાવવાની તક મળે છે.

- સી.પી. રાધાક્રિશ્નન (ઉપરાષ્ટ્રપતિ)



ભારતમાં પેકેટબંધ ખાદ્યપદાર્થો સામે કોર્ટની કાર્યવાહી પછી લેબલ લગાવવાની બાબતમાં પ્રગતિ થઈ છે, પરંતુ આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે લેબલથી બધું બદલાઈ જશે એવું નથી. સાર્વજનિક સ્વાસ્થ્ય ક્ષેત્રે ઘણીવાર મોટા પગલાંથી નહીં પણ સાચા પગલાં ભરવાથી પરિણામ મળે છે.

- ડૉ. ચંદ્રકાન્ત લહારિયા (જાણીતા ડોક્ટર-લેખક)



ઉજ્જ્વલ નિકમની ભૂમિકા ભજવવા માટે મેં નવથી દસ કિલો વજન વધાર્યું હતું, કારણ કે મને લાગ્યું હતું કે શારીરિક સજ્જતા પણ એટલી જ મહત્ત્વની છે અભિનયમાં ધાર લાવવા માટે પાત્રના હાર્દ સુધી પહોંચવું જરૂરી છે.

- રાજકુમાર રાવ (અભિનેતા)



એ.આઈ. પર આપણે હંમેશાં સંતુલન રાખવું જોઈએ. એક બાજુ આપણા ઉદ્યોગો, સ્વાસ્થ્ય સેવાઓ અને ઈનોવેશન વગેરેમાં એઆઈની અપાર સંભાવના છે, તો બીજી તરફ વિશ્વાસ અને સાયબર સુરક્ષા જોઈએ, એના ઝડપી વિકાસનો માનવતાના હિતમાં ઉપયોગ કરવો જોઈએ.

- ઉર્સુલા વોન ડેર લેયેન (યુરોપીય આયોગનાં અધ્યક્ષ)

સ્વૈચ્છીક નિવૃત્તિની ઓફરમાં માઈક્રોસોફ્ટ, ગુગલ સાથે મેટા પણ જોડાયું

રાતોરાત લાખોની જોબ આંચકી લેનાર ટોચની કંપનીઓનો યુ-ટર્ન

૨૦૨૬ના શરૂઆતના ૮ મહિનામાં બે લાખથી વધુ લોકોની જોબ રાતોરાત આંચકી લેનાર ટોચની કંપનીઓ જોબ ક્ષેત્રે બદનામ થઇ હતી. કંપનીમાં જાડાવા માંગતા નવા લોકો જોબ સિક્યોરીટી માટે આગ્રહ કરવા લાગ્યા હતા. વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં મોટા પાયે છટણી જોવા મળી છે, જેમાં ૨,૦૦,૦૦૦ (૨ લાખ)થી વધુ કર્મચારીઓએ પોતાની નોકરી ગુમાવી હતી. એક અહેવાલ અનુસાર ૩ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં ૫૬૭ કંપનીઓમાંથી કુલ ૨,૩૨,૯૪૬ કર્મચારીઓની નોકરી આંચકી લેવાઈ હતી. ભારતની વાત કરીએ તો ભારતના આઈટી (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) ક્ષેત્રમાં આ વર્ષે સાયલન્ટ પરફોર્મન્સ વહિવટી ફેરફાર જેવા કારણો આગળ ધરીને ૨૫,૦૦૦ થી ૩૫,૦૦૦ જેટલા લોકોને ઘરભેગા કરી દેવાયા હતા.



મોટી કંપનીઓ સામે બહુ ઉહાપોહ થયા બાદ તાજેતરમાં ગુગલે કર્મચારીઓની હકાલપટ્ટીના બદલે સ્વૈચ્છીક નિવૃત્તિ પર ભાર મુક્યો છે. જેમાં કર્મચારીને અન્ય કંપનીમાં જોબ શોધવાનો સમય તેમજ તે દરમ્યાન કેટલીક સવલતો આપવાની ઓફર પણ કરી છે. ગુગલે લીધેલા સ્વૈચ્છીક પગલાંની વાહ વાહ થતાં જ મેટા કંપની પણ ગુગલ જેવી ઓફર આપવા તૈયાર થઈ છે. મેટાએ કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિની ઓફર કરવાની તૈયારી બતાવી છે.

આ કંપનીઓ બહુ ઉસ્તાદ છે. એક સમયે લોકોને રાતેરાત જોબ વિહોણા બનાવી દેનાર કંપનીઓ હવે સ્વૈચ્છિક નિવૃત્તિ માટે વિવિધ સ્કીમો ઓફર કરવામાં પણ સ્પર્ધા કરી રહી છે અને તે રીતે જોબ ક્ષેત્રે તેમની ખાડે ગયેલી ઈમેજને સુધારવા પ્રયાસ કરી રહી છે.

પંદર દિવસ અગાઉ માઈક્રોસોફ્ટે માઈક્રોસોફ્ટ ભારત અને અન્ય ૩ દેશોમાં ૬૦,૦૦૦ કર્મચારીઓને સ્વૈચ્છીક નિવૃત્તિ માટે ઓફર કરી હતી. માઈક્રોસોફ્ટે તેના ૨૫ ટકાથી વધુ કર્મચારીઓની રાતોરાત હકાલપટ્ટી કરવાના બદલે સ્વૈચ્છિક નિકાસની ઓફર કરી હતી. ભારત સહિતના દેશોના ૬૦,૦૦૦ કર્મચારીઓને આ વિકલ્પ મળશે. માઈક્રોસોફ્ટે કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે કંપની છોડવાનો વિકલ્પ આપવાની યોજનાની જાહેરાત કરી હતી.

મેટાએ તેના કર્મચારીઓને સ્વૈચ્છીક નિવૃત્તિ માટેનું પેકેજ સાથે છોડી જવા માટે કહેવામાં માઈક્રોસોફ્ટ અને ગૂગલ સાથે જોડાયું છે. ટૂંકમાં કંપની સ્ટાફને તેમને રાતોરાત ખાલી હાથે નથી કાઢતા પણ તમે કોઈ આર્થિક સમસ્યામાં ફસાઈ ના જાવ તેનું પણ ધ્યાન રાખે છે તેવો મેસેજ જોબ માર્કેટમાં આપવા માંગે છે.

પ્રસંગપટ

જે કર્મચારીઓ આ યોજનાનો ભાગ બનવા માંગે છે તેમણે નિયત કરેલી તારીખ સુધીમાં પોતાની અરજીઓ સબમિટ કરવાની રહેશે. દરેક કંપનીઓની સ્વૈચ્છીક નિવૃત્તિની શરતો અલગ હોય છે પરંતુ મોટાભાગની શરતો એક સમાન જોવા મળે છે જેમ કે કર્મચારીઓને સેવાના દરેક વર્ષ માટે સવા બે મહિનાનો પગાર આપવામાં આવશે. તેઓને તેમના ગ્રોસ પગારના ૮૦ ટકા દરે ચૂકવવામાં આવતી ૧૦ મહિનાની મોબિલિટી લીવ પણ મળશે. મેટા કંપની તો સ્વૈચ્છીક નિવૃત્તિ લેનાર પર ઓળઘોળ થઈ હોય લાગે છે. કહે છે કે જે લોકો પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હોય તેમને પણ કંપની મદદ કરશે.

ગુગલે જાહેર કરેલા સેવૈચ્છીક નિવૃત્તિના પ્રોગ્રામની અસર સ્વિટ્ઝરલેન્ડમાં દેખાઈ રહી છે. તેમના એક્ઝિટ પેકેજમાં સેવાના દરેક વર્ષ માટે એક મહિનાના પગારની ઓફર કરવામાં આવી હતી, જે મહત્તમ ૧૨ મહિનાની ચુકવણીને આધીન હતી.

વૈશ્વિક સ્તરની ટોચની કંપનીઓના વહિવટ ગાડરીયા પ્રવાહ જેવા હોય છે. એક કંપનીએ આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સના મુદ્દાને આગળ ધરીને સ્ટાફની છટણી શરૂ કરી ત્યારે અન્ય કંપનીઓએ પણ છટણીની તલવાર વિંઝવાનું શરૂ કર્યું હતું. કેટલીક કંપનીઓએ ઈમેલ પર જાણ કરીને જોબ આંચકી લીધી હતી તો કેટલાક કંપનીઓએ કંપનીના દરવાજાની બહાર યાદી લટકાવીને તેમને પ્રવેશતા અટકાવી દીધા હતા. જેમની જોબ આંચકી લેવાતી હતી તે કાયદેસર કશું કરી શકતા નહોતા કેમ કે જોબ મેળવતી વખતે કેટલીક શરતોમાં સહી કરાવીને કાંડા કાપી આપ્યા હતા.

ટોચની કંપનીઓની અબજોમાં કમાણી હોવા છતાં લાખો લોકોની જોબ આંચકી લેતા તેમના વહિવટ સામે પ્રશ્નો ઉભા થયા હતા. હવે આ કંપનીઓએ યુ ટર્ન લીધો હોય એમ લાગે છે. સ્વૈચ્છીક નિવૃત્તિ માટેની ઓફરને લોકો આવકારી રહ્યા છે.

જોબ ક્ષેત્રે બદનામ થયેલી કંપનીઓ હવે સમય આપશે, પગાર આપશે અને બિઝનેસમાં મદદ પણ કરશે

અનોખી દિવાળી ગોવાની મજા આવે જોવાની

મેરા ભારત મહાન

અક્ષય અંતાણી

ભગવાન રામ અયોધ્યા નગરીમાં પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ ઘર ઘરમાં દિવડા પ્રગટાવી દિપોત્સવ ઉજવ્યો ત્યારથી દિવાળીના તહેવારની ઉજવણી શરૂ થઈ એવું મનાય છે. દેશભરમાં પ્રભુ રામ અયોધ્યા પાછા ફર્યા તેની ખુશાલીમાં દિવાળી ઉજવવામાં આવે છે જ્યારે ગોવામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા નરકાસુર રાક્ષસનો વધ કર્યો તેની ખુશાલીનો ઉત્સવ દિવાળીમાં ઉજવવામાં આવે છે. દિવાળીના એક દિવસ પહેલાં નરકાસુર ચતુર્દશીમાં નરકાસુર રાક્ષસના વીસ-વીસ ત્રીસ-ત્રીસ ફૂટના પૂતળા બનાવવામાં આવે છે. વાજતે ગાજતે રાતના સમયે નરકાસૂરના આ તોતીંગ પૂતળાઓનું સરઘસ કાઢવામાં આવે છે. આખા ગામમાં સરઘસાકારે રાક્ષસને ફેરવવામાં આવે છે. ત્યાર પછી દિવાળીની વહેલી સવારે નરકાસુરના પૂતળાનું દહન થાય છે. નરકાસુરના ઉત્સવની આ રંગારંગ ઉજવણી જોવા માટે દેશ-વિદેશથી લોકો આવે છે. ઢોલ-નગારાના તાલે નાચતા-



ગાતા ગોવાવાસીઓ નરકાસુરના પૂતળાનું દહન થઈ ગયા પછી પુરૂષો એક ખાસ પ્રકારના કડવા ફળને નરકાસુરનું માથાનાં પ્રતિક ગણીને પગેથી કચડી નાખે છે અને કચડેલા ફળનો રસ માથા પર લગાવીને લોકો એવું માને છે કે આનાથી નકારાત્મકતા દૂર થાય છે. ત્યાર પછી બટેટા પૌઆ, દૂધ પૌઆ અને નાળિયેર પૌઆ જેવા જાતજાતના પૌઆ ખાઈને ગોવાવાસીઓ અનોખી ઢબે દિવાળીની ઉજવણી કરે છે. આ જોઈને કહેવું પડે કેઃ

અનોખી દિવાળી ગોવાની
મજા આવે જોવાની.

માગણનું સાધુને દાન મહાન

માલેતુજારો અને શ્રીમંતો તરફથી સાધુ-સંતોને સતકર્મો માટે લાખો-કરોડોનું દાન આપવામાં આવતું હોય છે. ધર્મસ્થાનકોમાં દાન આપનારા દાતાઓની તક્તીઓ લાગેલી હોય છે. પણ ભીખ માગીને ગુજારો કરતો કોઈ માગણ જયારે સાધુને ભિક્ષા આપે ત્યારે ખરેખર તેની આ ઉંચી ભાવનાને વંદન કરવાનું મન થાય. આ અનોખું દ્રશ્ય બિહારના ગયા જિલ્લાના મહાબોધિ મંદિર પાસે જોવા મળ્યું હતું. બુદ્ધમ્ શરણમ્ ગચ્છામી...નું રટણ કરતા બૌદ્ધ સાધુઓ હાથમાં દાનપત્ર લઈને નીકળ્યા ત્યારે રસ્તા પાસે સાવ ચીંથરેહાલ દશામાં બેઠેલા એક માગણે પોતાના ખિસ્સા ફંફોસીને જેટલું પરચુરણ નીકળ્યું એ સાધુના દાનપાત્રમાં નાખી દીધું. પછી માથેથી ટોપી ઉતારી સાધુના ચરણોમાં અડાડી આશીર્વાદ મેળવ્યા. ભિક્ષુકની ઉંચી ભાવનાથી ગદગદ થઈ ગયેલા સાધુએ તેને આશીર્વાદ સાથે બિસ્કિટનું પેકેટ અને પાણીની બોટલ આપી. આ દ્રશ્યનો વિડિયો વીજળી વેગે વાઈરલ થઈ ગયો. આ જોઈને ભગવાન બુદ્ધની કથાનું સ્મરણ થયું. ભગવાન બુદ્ધે જેની પાસે શરીર ઢાંકવા માટે એક જ વસ્ત્ર હતું એટલાં ગરીબ બ્રાહ્મણ દંપતીએ જ્યારે ભગવાનને એ એકમાત્ર વસ્ત્ર દાનમાં આપી દીધું. તેનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યું કે સર્વસ્વનું દાન સૌથી મહાન છે. એમ ગયામાં એક ભિક્ષુકે જ્યારે બૌદ્ધ સાધુને પોતાની પાસે હતું એ બધુ જ પરચુરણ દાનમાં આપતા સાધુએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.


ગાય ભસી એટલે સાડાચારસોએ લીધી રસી

ગાય તો ભાંભરે, શ્વાનની જેમ ભસે નહીં. પણ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના દાદીખાસ અને ગોવિંદપુર ગામે એક ગાયને હડકાયું કૂતરૂં કરડ્યા પછી બીમાર પડી અને ભાંભરવાને બદલે ભસવા માંડી અને આવી સ્થિતિમાં મૃત્યુ પામી. હવે એમાં એવું થયું કે દુર્ગાપૂજા વખતે એ જ ગાયના દૂધમાંથી ચરણામૃત બનાવવામાં આવ્યું હતું એ સંખ્યાબંધ ભક્તોએ પીધું હતું. આથી ડોકટરોએ તકેદારીના પગલાં રૂપે જેણે ચરણામૃત પીધું હતું એવાં સાડા ચારસો ભક્તજનોને તકેદારીના પગલાંરૂપે હડકવા વિરોધી રસીનું ઈન્જેકશન આપ્યું હતું. રસી આપવા માટે રીતસર કેમ્પ ગોઠવાયો હતો અને વારાફરતી ચરણામૃતનો પ્રસાદ લેનારા શ્રદ્ધાળુઓને રસી આપવામાં આવી. આ દ્રશ્ય જોઈ કહેવું પડ કે:

ગાય ભાંભરવાને બદલે ભસી
એવું સાંભળી કોઈ કહેશે
તારૂ ગયું છે ખસી?
પણ વાઈરલ વિડિયો
જોઈ માન્યું કે
શ્રદ્ધાળુઓએ ખરેખર લીધી
રસી.

ગરીબીને લીધે ગર્ભાશય કઢાવવા મજબૂર મહિલાઓ

ગરીબીને કારણે કૃત્રિમ ગર્ભધાન માટે ગર્ભાશય ભાડે આપતી મહિલાના કિસ્સા ક્યારેક જાણવા મળે છે. પરંતુ મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં ગરીબીને કારણે લગભગ ૧૦૭ ખેતમજૂરી કરતી મહિલાઓએ ગર્ભાશય કઢાવી નાખ્યા છે.



કારણ શું ખબર છે? શેરડી કાપવાની મજૂરી કરતી આ ગરીબ મહિલાઓને દર મહિને માસિક શરૂ થાય એટલે પેટમાં દુઃખાવો ઉપડે એટલે કામે જઈ ન શકે. આમ ચાર-પાંચ દિવસ કામે ન જાય તો એટલા દિવસની મજૂરી ગુમાવવાનું પોષાય નહીં એટલે માસિક આવે જ નહીં એટલા માટે ૧૦૭ મહિલાઓએ ગર્ભાશય કઢાવી નાખ્યાની અત્યંત ધ્રુજારીપૂર્ણ ઘટનાનો શેરડીની કાપણી કરતા મજૂરો વચ્ચે કામ કરતી સંસ્થાએ પર્દાફાશ કર્યો હતો. શેરડીની કાપણીની સીઝન શરૂ થાય એ પહેલાં ખેતમજૂર દંપતીએ મુકાદમ પાસથી એડવાન્સમાં ઉધાર પૈસા લીધા હોય છે. જેવી કાપણી શરૂ થાય એટલે રોજેરોજ જે મજૂરી મળે એમાંથી કર્જ ચૂકવતા જાય. આ વાસ્તવિકતા વચ્ચે મહિલા માસિક-ચક્ર વખતે બે-ચાર દિવસ મજૂરીએ જઈ ન શકે તો પૈસા ગુમાવવા પોષાય નહીં. એટલે ગર્ભાશય જ કઢાવી નાખે છે. આ હક્કિતનો પર્દાફાશ થતા જિલ્લા આરોગ્ય અધિકારીએ જાહેર અપીલ કરવી પડી છે કે કોઈ મહિલા ગર્ભાશય કઢાવે નહીં. ખેત મજૂરણો જે શેરડી કાપે છે તેનાં રસની મીઠાશ પાછળ કેવી કડવાશ રહેલી છે?

દિલની સાથે દલ્લો પણ લૂંટતી જાદુગરનીની જાળ

દિલ લૂંટનેવાલે જાદુગર અબ મૈને તુઝે પહેચાના હૈ... પાંજા કચ્છી માડુની સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજીએ ૧૯૫૯માં આવેલી 'મદારી' ફિલ્મ માટે બનાવેલું આ ગીત છ દાયકા પછી પણ સંગીત પ્રેમીઓના હૈયામાં ગુંજે છે. જાદુગર દિલ લૂંટે એનો વાંધો નહીં પણ મધ્ય પ્રદેશથી ઝડપાયેલી એક જાદુગરની દિલની સાથે દલ્લો પણ લૂંટીને પલાયન થઈ જતી. અનુરાધા પાસવાન નામની આ લૂંટેરી દુલ્હને સાત મહિનામાં પચ્ચીસ લગ્નનું નાટક કરીને લાખો રૂપિયા લૂંટી લીધા. આની પાછળ આખી ગેન્ગ કામ કરતી. લગ્ન કરવા ઈચ્છતા યુવકોનો આ ગેન્ગના મેમ્બરો સંપર્ક કરતા અને આ મિડલમેનની ભૂમિકા ભજવતા ઉસ્તાદો લગ્ન-સંબંધ બંધાવી આપવાને પેટે બે લાખથી પાંચ લાખ રૂપિયા પડાવી લેતા હતા. જે યુવક સાથે પાક્કુ થાય તેની સાથે રીતસર વિધિવત લગ્ન કરીને આ જાદુગરની સાસરે જતી અને ડાહીડમરી થઈને સાસરાવાળાનું દિલ જીતી લેતી હતી અને પતિને પણ મોહજાળમાં ફસાવી વશ કરી લેતી હતી. પંદર-વીસ દિવસ વિતે એટલે પતિના ઘરમાંથી દરદાગીના તેમ જ રોકડ રકમ લઈને છૂમંતર થઈ જતી હતી. દર વખતે ભાગીને પોતાના પહેલા અને કાયદેસરના પતિ પાસે આવી જતી હતી. આ ચાલબાજ ચમેલી સામે કોઈ ફરિયાદ કરવા માટે કોઈ તૈયાર નહોતું થતું. પણ છેલ્લે રાજસ્થાનના સવાઈ માધોપુરના એક યુવકે છેતરપિંડીનો શિકાર બન્યા પછી પોલીસમાં ફરિયાદ કરવાની હિંમત કરી. રાજસ્થાન પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી લૂંટેરી દલ્હનનું પગેરૂં મેળવ્યું અને મધ્ય પ્રદેશના ભોપાલથી તેને ઝડપી લીધી. આ યુવતી પકડાતા હવે પછી લગ્ન ઈચ્છુક યુવકો તેની ચાલબાજીનો ભોગ નહીં બને. બાકી તો છેલ્લાં સાત મહિના દરમ્યાન જે ૨૫ યુવકો લૂંટાયા એમણે તો ભેગા મળી કવ્વાલી જ ગાવી પડશે કે:

હમેં તો લૂંટ લિયા મિલકે
હુશ્નવાલોંને ગોરે ગોરે ગાલોંને
કાલે કાલે બાલોંને...

પંચ-વાણી

ગમને દૂર ખાળી
ખુશીને દઈ તાળી
ભાવથી સહુને ભાળી
સોંઘી-મોંઘી ખરીદીવાળી
ઉજવો ખરી-દિવાળી.

લાફ્ટર કોર્નર



પત્ની : આ વખતે તમને કંપનીવાળા બોનસ કેટલું આપશે ? ગિફ્ટમાં શું આપવાના છે ?

પતિ : બોનસ ગણો કે ગિફ્ટ. કંપનીવાળા માત્ર આશીર્વાદ અને બહુ બધી શુભેચ્છાઓ આપવાના છે કે કર્મચારીઓ આખું વરસ ખુશ રહે અને સ્વસ્થ રહે. જેથી કરીને માંદગીની રજાઓ પાડ્યા વગર કંપની માટે કામ કરતા રહે !

***

પત્ની : આ વરસે તમને લોકોને ઓફિસમાંથી બોનસ કેમ ના મળ્યું ?

પતિ : અમારા બોસ કહે છે કે વધારાના બિનજરૂરી ખોટા ખર્ચા નહિ કરવાના.

***

ભિખારી : આજેય દસ રૂપિયા ?

સજ્જન : તો ? કાયમ દસ જ આપું છું ને ?

ભિખારી : દિવાળીનું બોનસ ક્યાં ?

***

પત્ની : આ વખતે તો વાહ, તમારી ઓફિસમાંથી મઠિયા અને મીઠાઈનું પેકેટ આપ્યું છે ને કાંઈ ! એનો ખર્ચો બચી જશે.

પતિ : એ મઠિયા અને મીઠાઈના અડધા અડધા પૈસા આવતા બે પગારમાંથી કપાઈ જવાના છે.

***

પપ્પા : નંદુ, દિવાળીનું વેકેશન પડી ગયું ને કેમ આમ ઉદાસ થઈને બેઠો છે ?

નંદુ : અમને પણ ટીચરે બોનસ આપ્યું છે.

પપ્પા : અરે વાહ, એ તો ખુશીની વાત કહેવાય. શું આપ્યું છે, બતાવ તો.

નંદુ : રોજ કરતાં એક્સ્ટ્રા હોમવર્ક ખાસ દિવાળી માટે !

vijay sales
Trust Matters
www.vijaysales.com

NOW OPEN AT
ISANPUR
A-6/1, Grd & 1st Floor Radhe Kishan Business Park, Near Narol Circle, Narol-Naroda Road, Isanpur, Ahmedabad, Gujarat - 382443



BAJAJ FINANCE CASHBACK UP TO ₹20,000* | HDB CASHBACK UP TO ₹31,000* | CASHBACK UP TO ₹45,000* | 1 EMI OFF



PRICE ₹17,990
OFFER PRICE ₹ 8,990



ZERO DOWN PAYMENT | EMI ₹3,311 x 8 Months

VISE
PRICE ₹65,000
EFFECTIVE PRICE ₹24,990
FINAL PRICE ₹ 21,990

SIDE BY SIDE — EMI STARTING FROM ₹4,499* — UPTO 15% CASHBACK* — UPTO ₹24,000
FROST FREE — EMI STARTING FROM ₹1,799* — UPTO 15% CASHBACK* — UPTO ₹8,100
DIRECT COOL — EMI STARTING FROM ₹1,249* — UPTO 8% CASHBACK* — UPTO ₹3,000

REFRIGERATORS
RANGE AVAILABLE FROM 180 LTRS TO 800 LTRS



WASHING MACHINES
RANGE AVAILABLE FROM 6 KG TO 25 KG



FRONT LOAD — EMI STARTING FROM ₹1,922* — UPTO 20% CASHBACK* — UPTO ₹6,000
TOP LOAD — EMI STARTING FROM ₹1,222* — UPTO 15% CASHBACK* — UPTO ₹5,000
SEMI AUTOMATIC — EMI STARTING FROM ₹1,190* — UPTO 10% CASHBACK* — UPTO ₹5,000

AIR CONDITIONERS
RANGE AVAILABLE FROM 0.8 T TO 2 T



FREE STANDARD INSTALLATION* ON SELECT MODELS
CASHBACK UPTO ₹3,000

DISHWASHERS
STARTING FROM ₹24,990*



Best Deals on Laptops

DELL Technologies
INSPIRON, INSPIRON GAMING, XPS, ALIENWARE
- Cashback Upto ₹20,000/-*
- Warranty / ADP Starts @ ₹99/-*
- Dell Wireless Keyboard Mouse Combo @ ₹799/-*

ASUS
ROG, STRIX, ZENBOOK, TUF GAMING, ZEPHYRUS DUO
- Cashback upto ₹3,000/-*
- Laptop / ADP Warranty Starting ₹100/-*
- Upto 24 Months Paper Finance Offer*

mAhster
REDMI Note 17 Pro
Starting from ₹33,999*

SAMSUNG
Best festive moments Best Galaxy deals
BEST TIME TO BUY NOW

HDFC BANK | SBI card | ICICI Bank
UP TO ₹20,000/- INSTANT DISCOUNT ON CREDIT CARD / DEBIT CARD
HSBC | Federal Bank | RBL BANK | BOBCARD | YES BANK | Federal Bank

VIJAY SALES (INDIA) PVT. LTD.
MUMBAI | PUNE | AHMEDABAD | SURAT | GANDHINAGAR | VADODARA | DELHI | GURUGRAM | NOIDA | INDIRAPURAM | FARIDABAD | GHAZIABAD | HYDERABAD | WARANGAL | ANDHRA PRADESH | BENGALURU

AHMEDABAD - Ashram Road: Ratna Business Square, Old Natraj Cinema, Opp. H.K. College, Ashram Road, Ahmedabad | Mani Nagar: Char Rasta, Krishna Baug | Dev Arc: Iskon Cross Road, S.G.Road | R3 Mall: Opp. Manav Mandir Drive In Road | Chandkheda Road: Near DNGC Complex, Mahesana Road | Krishna Nagar: Maruti Plaza, Opp. Vijay Park, BRTS Bus Stop | Shahi Baug: Near Namaste Circle, Indian Textile Plaza, Jahangir Mill Compound | Odhav: Opp. Hotel Safari, Next To Girivar Pride, S.P. Ring Road | Rakhial: Near Ajit Mill, AMTS Bus Stop, Opp. Yash Plaza, Rakhial Road | Vishala: Vishala Circle, Narol-Sarkhej Road
NOW OPEN - Gandhinagar: Swagat twin city high street, Opp. Dmart, Sargasan, Gandhinagar | Bopal: Aarya Edge, Opp Sterling City, BRTS Bus Stop, Nr. SBI Bank, Ghuma Rd, Bopal, Ahmedabad

SCAN FOR STORES
Scan to Shop Online

*Conditions apply. This offer includes all other discounts also. No other offer can be clubbed with this offer. Images shown are for illustrative purpose only. Offer till stocks last. Finance offer applicable at the sole discretion of Financier. #Processing Fees and other charges is applicable as per Financier. Offer is based on minimum transactions slabs defined by Financer. Convenience fees may be charged by the respective financer. Kindly speak to our store sales staff for the "Terms and Conditions" of all the bank offers, and for the respective Instant Discount/Cashback amounts applicable on each Bank. *Cashback Applicable on Select Banks & Cards. Up to off on select brands and models only.

HONDA

The Honda Joy Fest
આ તહેવાર, ઘરે લાવો હોન્ડા - ઘરે લાવો ખુશી

કેશબેક	લો ROI	લોન	લોનની અવધિ	
₹10000* સુધી	@5.99%*	100%* સુધી	60* મહિના	નો હાઇપોથિકેશન*



IDFC FIRST Bank | pine labs
વધુ માહિતી માટે 7230032200 પર કૉલ કરો

Terms and Conditions applied. *Approval of the loan is at the sole discretion of the financier, and additional documentation may be required. **The interest rates, loan amount, down payment, tenure options, and EMI are based on the financier's assessment of the applicant's credit profile. ***some of the mentioned components of the scheme cannot be clubbed together. *The offers/features may be modified or withdrawn at any time without prior intimation. *Offer valid until 30th Nov 2026. #Up to 13% Instant Cashback (₹2000 - ₹13000) is available on all HMSI models for EMI transactions made using IDFC Bank Credit Cards (Tenure 6 months to 24 months). #The offer is valid on credit card transactions processed through Pine Labs machines only and is applicable for one transaction per card/order during the offer period. ^The Instant Cashback offer is valid until 30th Nov 2026. Product shown in the picture may vary from actual product available in the market. Accessories shown in the picture are not part of standard equipment.

Honda Motorcycle & Scooter India Pvt. Ltd., Registered Office: Plot No. 1, Sector - 03, IMT Manesar, Distt. Gurugram, (Haryana) - 122052, India; Website: www.honda2wheelersindia.com; Customer Care: customercare@honda.hmsi.in

Honda Exclusive Authorised Dealerships: AHMEDABAD : CITY: Rana Wings Honda - 7202081800, MEMCO: 7046139222, VASTRAL: 7201000222, VATVA: 9909903997, GHATLODIA: 7862092600, NIKOL: Singal Honda - 7215002804, NIKOL GAM ROAD: 7575005870, SALAPOR BARAS: 7575005821, VATVA: Rangers Honda - 7211177781, THALTEJ: 6358529971, BAVDHAN: Apex Honda - 9099979919, VIJAPUR: 6355778227, BAVDLA: 9099981975, KESHAVE: 9825813440, LAL DARWAJA: Universal Honda - 9824052222, BAPUNAGAR: 8574999555, PALDI: 9104999730, ODHAV: 9999994796, MANIPUR: 9824140222, SANAND: 9913020344, DRIVE IN ROAD: Punjab Honda - 9825008587, JAMBHUGHAR: 9825008240, BOPAL: 9825002881, JIVRAJPARK: 9879277111, CHANDLODIA: 9825222855, S. G. ROAD: Innovative Honda - 9825025833, JIVRAJ PARK: 8238621145, USMANPURA: 9824021877, CHANDKHEDA: 9824337240, NEW SARAP: 9825021110, DHOLKA: 9824051994, MOTERA: Innovative Honda - 7923001999, BAVDHAN(BA): Madhav Honda - 9574000814, PIJ ROAD: Madhav Honda - 9574000900, SARKHEJ-BAVLA: 9574000841, MAHA CHILODA: 8238622212, SANAND: Shree Ambapura Honda - 9909991901, VISHALA: Master Honda - 8527907235, MANSA: Master Honda - 9879497420, GANDHINAGAR: Royal Honda - 9825045797, KUDASAN: Royal Honda - 6354712213, SARGASAN: Royal Honda - 9601738700, MANSA: A One Honda - 9824741470, CHILODA: Safe Ride Honda - 9723243786, MEMNAGAR: Yog Honda - 9879035784, ADALAJ: Riders Point Honda - 9574109297, KALOL: Royal Honda - 8238602992, CHATRAL: Royal Honda - 8128500068, KADI: Radheswari Honda - 9429999977, MEHSANA(A): Radheswari Honda - 8980535141, MEHSANA(B): Gujarat Honda - 9173923222, MEHSANA: Hi Tech Honda (Bangalore Road) - 9825043839, Riya Honda (Radheshyam Road) - 8127784455, Hi Tech Honda (Radhanpur Circle) - 8574104555, VIRAM: Hi Tech Honda - 8727108555, KUNDASAN: Hi Tech Honda, 7574003555, VIJAPUR: Hi Tech Honda - 9978611331, GANDHIDAM: Shiv Honda - 9909555999, KANDLA: Hi Tech Honda - 8320579722, PATAN: Bhojani Honda - 9401129555, SALIYANA: Dhiyaan Honda - 9687728555, BANASKANTHA: Adarsh Honda - 8733713555, HARIJ: Adarsh Honda - 8733713555, PALANPUR: SM Honda (MG Road) - 9099988222, DEESA: Dhiyaan Honda - 8905841021, SIDHPUR: Dhiyaan Honda - 8905840025, BHAVNAGAR: Shiv Khodiar Honda - 9824377999, TALAJA: Jaiswal Honda - 9998121427, UNJHA: Dhiyaan Honda - 8238748101, DHANERA: Bapaa Honda - 7990928700, GUNDISHANKALAN: Shiv Shakti Honda - 9408999777, LUNSUA: Shiv Shakti Honda - 9825425222, DHANGADHRA: Shiv Shakti Honda - 9824437760, LAKHTAR: Shiv Shakti Honda - 9825203474, PATAN: Shiv Shakti Honda - 8079979979, MODA: Shiv Shakti Honda - 9879979999, KALYAN: Hansal Honda - 9638636897, GHANTVA: Hansal Honda - 8511158999, ANAND: Anand Honda - 8733104478, Amar Wings Honda - 7211187552, SPS ROAD: Anand Honda - 7046217799, BORSAD: Amar Wings Honda - 7211187554, VV NAGAR: Amar Wings Honda - 7211187553, PETLAD: Dinaaz Honda - 8712062063, TARAPUR: Rajratan Honda - 9825277557, UMRETH: K.K. Honda - 7567457515, ADESAR: Anand Honda - 9586852448, KHAMBAT: Dynamic Honda - 9909002447, NADIAD: A.B. Honda - 9723757529, K.K Auto Wings Honda - 7046153799, SIYAJA: Sarita Honda - 7433007481, ALINA: S.V. Honda - 8200120727, K.K Auto Wings Honda - 7046153799, MUNNADARAV: K.K Autowings Honda - 9537007199, KHEDA: K.K Auto Wings Honda - 8511437750
For Bulk/Institutional enquiries, please write us at: institutionalsales@honda.hmsi.in

ઓક્ટોબરમાં ટુ-વ્હીલરના રિટેલ વેચાણમાં ૨૮ ટકાનો ઘટાડો

અમદાવાદ, તા. ૫

ઓક્ટોબર મહિનામાં ટુ-વ્હીલર રિટેલ માર્કેટમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે, જેના કારણે છેલ્લા એક વર્ષથી ચાલી આવતી બે આંકડાની વૃદ્ધિનો અંત આવ્યો છે. ગયા વર્ષે જીએસટી સુધારા અને તહેવારોની માંગને લીધે સર્જાયેલા વેચાણના ઊંચા તુલનાત્મક આધારના કારણે આ ઘટાડો જોવા મળ્યો છે.

ગયા વર્ષની અસાધારણ માંગ પછી હવે રિટેલ ગતિવિધિઓમાં નરમાઈ આવી

વાહન પોર્ટલના ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૬માં રિટેલ રજિસ્ટ્રેશન વાર્ષિક ધોરણે ૨૮.૪% ઘટીને ૨૩.૨ લાખ યુનિટ્સ થયું છે, જે અગાઉના વર્ષે સમાન ગાળામાં ૩૨.૪ લાખ યુનિટ્સ હતું. ટુ-વ્હીલર માર્કેટમાં લગભગ ૯૬% હિસ્સો ધરાવતી તમામ સાત અગ્રણી કંપનીઓએ બે આંકડાનો ઘટાડો નોંધાવ્યો છે, જેમાં આગેવાન બે કંપનીઓએ સમગ્ર ઉદ્યોગની સરેરાશ કરતાં પણ વધુ મોટો ઘટાડો નોંધાયો છે.

આ ઘટાડો તાજેતરના મહિનાઓમાં જોવા મળેલા મજબૂત રિટેલ વેગની તુલનાએ મોટો ઉલટફેર દર્શાવે છે, જ્યાં ટેક્સમાં રાહત, વાજબી કિંમતો અને તહેવારોની ખરીદીએ માંગને ટેકો આપ્યો હતો. પરંપરાગત રીતે ઓક્ટોબર તહેવારોનો મોટો મહિનો હોવા છતાં આ ઘટાડો દર્શાવે છે કે ગયા વર્ષની અસાધારણ માંગ પછી હવે રિટેલ ગતિવિધિઓમાં સ્થિરતા અથવા નરમાઈ આવી રહી છે.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૮૭૩૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૩૫૫૨
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૪૧૨૯
અમ. ચાંદી ૧૯૨૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૮૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૮૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
બજાજ ફાય	૧૦૭૦.૦૦	૭.૬૫
શ્રીરામ ફીન	૯૬૪.૦૦	૬.૦૮
મહિન્દ્રા	૩૧૨૭.૫૦	૫.૫૯
મારૂતિ	૧૨૬૫૨.૦૦	૫.૪૮
ટાટા મોટર્સ પેસે.	૨૯૩.૭૦	૫.૪૬
ઈન્ડિગો	૫૪૨૦.૦૦	૫.૪૩
ICICI બેંક	૧૫૦૦.૦૦	૫.૩૩
BSE	૩૭૯૦.૦૦	૫.૩૩
બજાજ ફીન	૧૮૩૫.૦૦	૪.૪૭
એ. પેઈન્ટ	૨૫૨૩.૮૦	૪.૩૬
ઈટરનલ	૩૫૮.૩૦	૪.૦૧
આઈશર મોટર્સ	૭૭૧૩.૦૦	૩.૯૫
એક્સિસ બેંક	૧૨૮૦.૦૦	૩.૯૦
અલ્ટ્રાટેક	૧૨૨૫૦.૦૦	૩.૬૭
ઈન્ફોસીસ	૧૧૬૭.૪૦	૩.૪૭

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૨૩૦-૨૫૦
ટગર ૫૦૦-૬૦૦
ડમરો ૨૦-૩૦
લીલી ૨૦-૨૫
હજારી ગલ ૬૦૦-૧૦૦૦

RBI એ ફોરેક્સ અને બોન્ડ માર્કેટ માટે પેનલની રચના કરી

અમદાવાદ, તા. ૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફોરેન એક્સચેન્જ અને બોન્ડ માર્કેટ માટે એક નવી ટેકનિકલ પેનલની જાહેરાત કરી છે, જે મુખ્યત્વે મની માર્કેટ અને સરકારી જામીનગીરીઓ (ગવર્નમેન્ટ સિક્યોરિટીઝ) સહિતની મહત્વપૂર્ણ નીતિઓ તથા કામગીરી સંબંધિત બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ કમિટીની રચના અંગેની જાહેરાત રિઝર્વ બેંક દ્વારા તેની ઓક્ટોબર મહિનાની નાણાકીય નીતિ (મોનેટરી પોલિસી) દરમિયાન કરવામાં આવી હતી. આ પેનલમાં સાત બાહ્ય સભ્યો સામેલ છે, જેમાં સેબીના ભૂતપૂર્વ પૂર્ણકાલીન સભ્ય અનંત નારાયણનો સમાવેશ થાય છે.

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦-૧૮૦૦
રાજકોટ મગફળી ૧૮૧૦-૧૮૨૦
સોનુ ૨૪ કેરેટ ૧૫૧૦૦૦
૧ કિલો ચાંદી ૧૯૧૦૦૦

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
બજાજ ફાય	૧૦૭૦.૨૦	૭.૭૭
ઈન્ડિગો	૫૪૩૮.૦૦	૫.૮૦
ICICI બેંક	૧૪૯૯.૩૦	૫.૨૯
મારૂતિ	૧૨૬૦૧.૧૦	૫.૨૮
મહિન્દ્રા	૩૧૦૪.૦૦	૫.૧૫
બજાજ ફીન	૧૮૩૬.૭૦	૪.૬૬
એ. પેઈન્ટ	૨૫૨૭.૮૫	૪.૪૬
એક્સિસ બેંક	૧૨૭૯.૨૦	૩.૮૭
ઈટરનલ	૩૫૭.૨૫	૩.૮૪
અલ્ટ્રાટેક	૧૨૨૪૦.૦૦	૩.૫૫
HDFC બેંક	૭૫૯.૯૫	૩.૨૫
SBI	૧૦૦૬.૯૫	૨.૮૮
સન ફાર્મા	૧૮૨૫.૩૫	૨.૭૮
લાર્સન	૪૦૪૨.૧૦	૨.૬૯

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૨૦૦
બટાકા ડીસા ૧૨૦-૨૮૦
ડુંગળી મહારાષ્ટ્ર ૭૦૦-૧૦૬૦
ડુંગળી એમપી ૬૦૦-૮૦૦

શેરબજાર ઉછળતાં રૂપિયામાં પણ તેજી: પાઉન્ડ તથા યુરો તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધુ ગબડતાં રૂપિયો વધુ ઉછળ્યો હતો. શેરબજારમાં જોરદાર તેજી આવતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ગબડતાં કરન્સી બજારમાં રૂપિયામાં ટૂંકાગાળામાં નોંધપાત્ર તેજી આવી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

બેંક ઓફ ઈંગ્લેન્ડે ત્રણ વર્ષ પછી વ્યાજ દરમાં કરેલો વધારો

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૪.૪૭
પાઉન્ડ	રૂા. ૧૨૭.૧૯
યુરો	રૂા. ૧૦૬.૧૦
યેન	રૂા. ૦.૬૦
બ્રેન્ટ ક્રૂડ	૯૭ ડોલર

ડોલરના ભાવ આજે રૂ.૯૪.૬૫ વાળા નીચામાં રૂ.૯૪.૩૨ થઈ રૂ.૯૪.૪૭ રહ્યા હતા. ડોલરના ભાવ વધુ ૧૮ પૈસા ઘટતાં રૂપિયો વધુ ૦.૧૯ ટકા ઉંચકાયો હતો. અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પની પીછેહટ વચ્ચે વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ પર અસર દેખાઈ છે. ડોલરનો ગ્લોબલ ઈન્ડેકસ આજે નીચામાં ૧૦૧.૧૯ થઈ ૧૦૧.૫૧ રહ્યાના સમાચાર હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૫૦ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૨૭.૧૭ થઈ રૂ.૧૨૭.૧૯ રહ્યા હતા. બ્રિટનમાં બેન્ક ઓ ફ ઈંગ્લેન્ડે વ્યાજના દર પા ટકો વધાર્યાના સમાચાર હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ આજે રૂપિયા સામે ૪૫ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૬.૦૯ થઈ રૂ.૧૦૬.૧૦ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૧૨ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૧૧ ટકા ઘટી હતી. ભારતમાં હવે શુક્રવારે બહાર પડનારા ફોરેક્સ રિઝર્વના આંકડાઓ પર તથા અમેરિકામાં બહાર પડનારા જોબગ્રોથના આંકડાઓ પર બજારની નજર રહી હતી.

કેશ ફ્યુચર ઓપ્શન

ફ્યુચર માર્કેટ

-કરુર વૈશ્ય બેંક: (૩૬૫)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૬૫ ઉપર ૩૪૮નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૭૫, ટાર્ગેટ -૨ ૩૮૫ સુધી સુધારાની શક્યતા છે.

- ડેટા પેટર્ન્સ (ઈન્ડિયા) : (૩૮૩૯)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૮૩૯ નીચે ૩૯૬૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૭૦૦, ટાર્ગેટ -૨ ૩૬૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- હેસ્ટર બાયોસાયન્સીસ : (૨૪૦૭) ૨૪૦૭ ઉપર ૨૩૨૫ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૪૭૫, ટાર્ગેટ-૨ ૨૫૭૫ સુધી સુધારાની શક્યતા છે.

- સુવેન લાઈફ સાયન્સીસ : (૨૭૬) ૨૭૬ નીચે ૨૯૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૨૬૬, ટાર્ગેટ -૨ ૨૬૨ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૩૦૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબ્બો (૧૫ કિલો) ૨૫૫૦-૨૭૫૦
રાઈસ બ્રાન (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબ્બો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૨૮૦
પામોલીન નવો ડબો ૨૪૦૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૫૦
સનફ્લાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૮૯૦૦૦-૧૯૨૦૦૦
ચાંદી રૂપુ ૧૮૮૮૦૦-૧૯૧૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૭૦૦૦-૧૪૮૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૬૭૦૦-૧૪૮૨૦૦
હોલમાર્ક ૧૪૫૪૩૦

મુંબઈ

ચાંદી ૧૮૭૩૦૦
સોનું (૯૯.૫) ૧૪૩૫૫૨
સોનું (૯૯.૯) ૧૪૪૧૨૯

રાજકોટ

ચાંદી ૧૯૧૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૫૧૦૦૦
સીકકા (૧ ગ્રામ) ૧૫૧૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૪૩૦૦

દેશમાં દિવાળી પૂર્વે વિવિધ ખાદ્યતેલોની આયાત વધી બે વર્ષની ટોચે પહોંચી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ, કપાસિયા તેલ તથા સોયાતેલના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો અન્ય ખાદ્યતેલો બેતરફી વધઘટ વચ્ચે અથડાતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. દિવાળીના તહેવારોની માગ જથ્થાબંધ બજારોમાં પૂરી થયા પછી હવે તહેવારોની માગ રિટેલ સ્તરે વધ્યાના વાવડ મળ્યા હતા.

સન ફલાવર તેલની આયાત વધી બમણી થયાના નિર્દેશો: પામતેલ તથા સોયાતેલની ઈમ્પોર્ટ પણ ઓક્ટોબરમાં વધી

ભારતમાં ખાદ્યતેલોની ઈમ્પોર્ટ વધી બે વર્ષની ટોચે પહોંચી છે. દેશમાં ઓક્ટોબરમાં આવી આયાત વધી ૧૭ લાખ ૪૦ હજાર ટન નોંધાઈ છે. ઓક્ટોબરમાં પામતેલની આયાત ૯ ટકા વધી છે જ્યારે સોયાતેલની આયાત પણ ૯ ટકા વધી છે જ્યારે સનફ્લાવરની આયાત બમણી થઈ છે. દરમિયાન, અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન તથા સોયાતેલના ભાવ તૂટ્યા હતા જ્યારે સોયાખોળના ભાવ ઉંચકાયા હતા.

દરમિયાન દિવેલ તથા હાજર એરંડાના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૧૨૧થી ૧૭૭ પોઈન્ટ ગબડ્યા હતા. ક્રૂડતેલ તૂટતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર દબાણ વધ્યાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ.૧૬ ઉછળતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૮૦ ઉંચકાયા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ આજે સોયાતેલના રૂ.૫૦૦ વધ્યા હતા જ્યારે સનફ્લાવર ખોળના ભાવ ટનના રૂ.૫૦૦ ઘટયા હતા. એરંડા ખોળના ભાવ ટનના રૂ.૨૦૦ નરમ રહ્યા હતા. મલેશિયાથી મળતા સમાચાર મુજબ ત્યાથી નિકાસ થતા ક્રૂડ પામ ઓઈલ સીપીઓની નિકાસ ડયુટી અમુક સમય માટે દૂર કરવા સરકારમાં વિચારણા ચાલી રહી છે.

દરમિયાન, મસ્ટર્ડ સરસવની આવકો આજે રાજસ્થાનમાં ૭૦ હજાર ગુણી તથા ઓલ ઈન્ડિયા આવકો ૧લાખ ૭૫ હજાર ગુણી આવી હતી. કંડલા ખાતે આજે સોયાતેલના ભાવ વિવિધ ડિલીવરીના રૂ.૧૩૮૬થી ૧૩૯૧ રહ્યા હતા જ્યારે હઝીરા ખાતે ભાવ રૂ.૧૪૦૨થી ૧૪૧૦ રહ્યા હતા. મધ્ય-પ્રદેશમાં સોયાતેલના ભાવ જાતવાર રૂ.૧૪૦૦થી ૧૪૧૫ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૭૫૦થી ૧૮૦૦ રહ્યા હતા જ્યારે કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૯૫થી ૧૪૦૦ રહ્યા હતા.

ચીનના બજારોમાં પામતેલ તથા સોયાતેલના ભાવ ગબડ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી ૧૭૦૦ ગોંડલ ખાતે રહ્યા હતા. ખોપોલી ખાતે સનફ્લાવરના ભાવ રૂ.૧૬૪૦ રહ્યા હતા. કંડલા ખાતે સોયાતેલના ભાવ રૂ.૧૪૩૦ રહ્યા હતા.

BSEનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે બીએસઈનો નફો ૪૫% વધીને રૂ. ૮૦૯.૧૫ કરોડ થયો હતો. જ્યારે આવકો ૩૪% વધીને રૂ. ૧,૪૩૨.૬૬ કરોડ રહી હતી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિકમાં બીએસઈનો નફો ૫૩% વધીને રૂ. ૧,૬૮૦.૧૮ કરોડ રહ્યો હતો. જ્યારે આવકો ૪૮% વધીને રૂ. ૨૯૯૮.૬૮ કરોડ રહી હતી.

બીએસઈના ઈક્વિટી કેશ સેગમેન્ટમાં ક્વાર્ટરલી એવરેજ ડેઈલી ટર્નઓવર રૂ. ૧૦,૪૯૪ કરોડની રેકોર્ડ સોપારીએ પહોંચ્યું હતું. જ્યારે ઈક્વિટી ડેરિવેટિવ્સમાં એવરેજ ડેઈલી પ્રીમિયમ ટર્નઓવર રૂ. ૨૨,૫૩૧ કરોડ રહ્યું હતું.

M&Mનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે મહિન્દ્રા

કંપની પરિણામ

એન્ડ મહિન્દ્રાનો નફો ૨૫ ટકા વધીને રૂ. ૪,૫૮૮ કરોડ થયો હતો. કંપનીની આવકો પણ ૨૫% વધીને રૂ. ૫૭,૫૧૫ કરોડ રહી હતી.

LG ઈલે નો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા નો નફો ૨૬% વધીને રૂ. ૪૮૯ કરોડ થયો હતો. કંપનીની આવકો ૨૦% વધીને રૂ. ૭,૩૮૦ કરોડ રહી હતી.

હેસ્ટર બાયોનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે હેસ્ટર બાયોસાયન્સનો નફો ૪૪% વધીને રૂ. ૨૦.૬૩ કરોડ થયો હતો. કંપનીની આવકો ૧૩ ટકા વધીને રૂ . ૧૭૫.૧૬ કરોડ થઈ હતી.

ટુ ગ્રીન બાયોનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ટુ ગ્રીન બાયો એનર્જીનો નફો રૂ. ૧૮.૦૨ કરોડ થયો હતો. જ્યારે આવકો રૂ. ૨૩૪.૫૫ કરોડ રહી હતી.

ડાબરનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ડાબર ઈન્ડિયાનો નફો ૧૧% વધીને રૂ. ૫૦૫.૫૦ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો વધીને રૂ. ૩,૫૬૩.૦૭ કરોડ રહી હતી.



જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના વટવા તાલુકાના મોજે ગામ - હાથીજણની સીમના ખાતા નં. ૧૩૧૧ ના બ્લોક/સર્વે નં. ૬૦૧/૧/૫/૧ ની જુની શરત સત્તા પ્રકારની ખેતીની જમીન હાલના ૭/૧૨ મુજબ હે-આરે.ચો.મી. ૦-૬૨-૭૦ ચો.મી. જમીન જેનો આકાર રૂા. ૫.૫૪ પૈસા છે જે ખેતીની જમીનના હાલના ખાતેદાર શ્રી નાસીરખાન અનવરખાન પઠાણ વગેરેના નામે સંયુક્ત રીતે તેઓના માલીકીની, કબ્જા ભોગવટામાં, આવેલ જમીન છે તે સંપુર્ણ ખેતીની જમીન તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી જમીન પટેલ હંસાબેન ભરતકુમારને વેચાણ આપવાનું નક્કિ કરેલ છે અને અન્ય ખાતેદારના ઓથોરીટી પરસન તરીકે અમો પાસે ટાઇટલ ક્લિયસ સર્ટી.ની માંગણી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર કોઇ પણ શખ્સ, વ્યક્તી કે સંસ્થાને કોઇ પણ પ્રકારનો વાંધો, તકરાર, બોજો ચાર્જ, દાવો, લોન કે અન્ય કોઇ પણ જાતનો ચાર્જ હોય તો દિન-૭ માં લેખીત પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી તમામ હક્કો જતા કરેલ છે તેમ સમજી ટાઇટલ સર્ટી.આપવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા. ૦૬/૧૧/૨૦૨૬ અમદાવાદ.

SAWANT & CO.
ઉત્તમ એસ. સાવંત
એડવોકેટ એન્ડ નોટરી
ઠે. ઓફીસ નં.૨,૩ થર્ડ ફ્લોર, પુષ્પ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એન્ડ આર્કેડ, પટેલ મીલ બી.આર.ટી.એસ. બસ સ્ટોપ સામે, રખીયાલ - સારંગપુર રોડ, રખીયાલ, અમદાવાદ.
મો. ૯૯૯૮૪ ૭૮૫૬૪

જાહેર નોટિસ

મોજે-અસલાલી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડિસ્ટ્રીકટ ગાંધીનગરનાં દહેગામ તાલુકાનાં મોજે ગામ ચિસકારીની સીમનાં ખાતા નં. ૩૬૩૨ નાં બ્લોક /સર્વે નં. ૫૮૫ (જુના બ્લોક/ સર્વે નં. ૨૨૫) ની હે.આરે.ચો.મી. ૨ - ૧૦-૯૭, આકાર રૂા. ૭-૯૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી. ૦ - ૮૪ - ૦૦ આકાર પૈકી વરાડેનાં હકકો અને અધિકારો સહીતની જુની શરતની ખેતીની જમીન અમારા અસીલશ્રી દશરથભાઈ સોમાભાઈ, રહે. ૧૦૮, કૃષ્ણકુંજ સોસાયટી, મહાદેવનગર ટેકરા, વસ્ત્રાલ, અમદાવાદનાંની સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવી અમારી પાસે મજકુર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી લાગતા વળગતા તમામને આથી જણાવવામાં આવે છે કે, મજકુર જમીન અગર તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો કોઈપણ જાતનો માલીકી, દરદાવો લાગભાગ હકક, હિસ્સો, હિત- સબંધ, બોજો, લીયન, ચાર્જ, ગણોતહકક કે ખેડહકક ઈત્યાદી કાંઈપણ પોષાતા હોય તેઓ તમામે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં તે અંગેના તમામ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્ષ પ્રમાણીત નકલો સહીત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. ધ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મુદ્દત વિત્યાબાદ મજકુર જમીન અગર તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો કોઈપણ જાતનો માલીકી, દરદાવો, લાગભાગ, હકક, હિસ્સો, હિતસબંધ, બોજો લીયન, ચાર્જ, ગણોતહકક કે ખેડહકક ઈત્યાદી કાંઈપણ પોષાતા નથી અને જો પોષાતા હોય તો તે તમામ તેઓએ પોતાની રાજીખુશીથી તથા મુદ્દત સંમતીથી જતા યાને વેવ કરેલ છે તેમ સમજી મજકુર જમીન અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં . જેની નોંધ લેશો.

અમદાવાદ.
તા. ૦૫/૧૧/૨૦૨૬

ઋષિકેશ ડી.પટેલ એસોસીએટસ
(લો ફર્મ)
ઋષિકેશ ડી.પટેલ, એડવોકેટ
રોનક બી. ભરવાડ, એડવોકેટ
જયદીપસિંહ એ. ગોહિલ, એડવોકેટ
ઓફિસ- ૪૧૭-૪૧૮, સુવાસ સ્કાલા, નિકોલ પોલીસ સ્ટેશનની સામે, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦, મો.નં. ૯૨૨૭૨૧૨૮૧૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જીલ્લે ગાંધીનગર તથા તાલુકા કલોલના મોજે ગામ વાંસજડા (ઢે.) ની સીમનાં (૧) રેવન્યુ સરવે નંબર ૧૯ પૈકી, ૨૬૨ પૈકી, ૨૬૫ પૈકી તથા ૨૬૬ પૈકી (જુના બ્લોક નંબર ૮૪ પૈકી), (૨) રેવન્યુ સરવે નંબર ૨૫૯ પૈકી, ૨૬૦ પૈકી તથા ૨૬૧ પૈકી (જુના બ્લોક નંબર ૧૧૨ પૈકી) તથા (૩) રેવન્યુ સરવે નંબર ૨૫૫ (જુના બ્લોક નંબર ૧૧૮) ની રહેણાંકનાં હેતુ અંગેની બીનખેતીની જમીનો ઉપર પાડવામાં આવેલા જુદા જુદા પ્લોટોની સ્કીમ., કે જે ''કર્મભૂમિ-II'નાં નામથી ઓળખાય છે., તે પૈકી ખાનગી સબપ્લોટ નંબર ૩ ની કુલ્લે આશરે ૬૩૦ ચોરસવારની યાને આશરે ૫૨૬.૭૫ ચોરસમીટરની રહેણાંકનાં હેતુ અંગેની બીનખેતીની જમીન પૃથ્વી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ નાં સભાસદ અને શેર હોલ્ડર તરીકે પોષાતા તમામ લાગભાગ યાને હકક હીસ્સા સહીત ભાવિનકુમાર રમેશભાઈ પટેલ, રહેવાસી ૮, દેવકુટીર સોસાયટી, સત્તાધાર ક્રોસ રોડ પાસે, સોલા રોડ, અમદાવાદ ૩૮૦૦૬૧ નાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ ખાનગી સબપ્લોટ નંબર ૩ ની જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ ખાનગી સબપ્લોટ નંબર ૩ ની જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ ખાનગી સબપ્લોટ નંબર ૩ ની જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૦૫/૧૧/૨૦૨૬

પી પરીખ એન્ડ કંપની,
એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,
પરિમલ બિપીનચંદ્ર પરીખ,
દિપાંગ પિયુષ પરીખ,
તરંગ પરિમલ પરીખ,
ઉત્સવ પિયુષ પરીખ,
ત્રીજો માળ,, સત્ય કોમ્પલેક્ષ,
આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે,
અશ્વમેઘ ચાર રસ્તા પાસે,
૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ ૩૮૦ ૦૧૫

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના ગામ મોજે ઘુમાની સીમના બ્લોક નંબર - ૪૫૩, ૪૫૪ વિગેરેની જમીનમાં શ્રી વ્રજશ્યામ કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે ગ્રીન સીટી' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટ નંબર - ૧૨ ની ૪૫૪ ચોરસવારની બીનખેતીની જમીન સૌમિલ જગદીશચંદ્ર રાઠી એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ.
તા. -૦૬-૧૧-૨૦૨૬

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯ (બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ શીલજની સીમના બ્લોક નંબર: ૮૩૨ (જુના રેવન્યુ સર્વે નંબર: ૫૪૨ તથા ૫૪૩/ ૨) ની જમીનનો સમાવેશ ટી. પી. સ્કીમ નંબર: ૪૦૫ (શીલજ-આંબલી) માં થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર: ૧૧૨ (જુના ફાઈનલ પ્લોટ નંબર: ૮૩૨) ની સમચોરસમીટર: ૪૬૭૪ ની બીનખેતીની જમીનમાં "AAYANSH" નાં નામથી ઓળખાતી યોજના આવેલ છે, જેમાં આવેલ ફલેટો પૈકી બ્લોક નંબર:-સી માં ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નંબર: સી-૧૦૩ ની કુલ સમચોરસફુટ: ૬૦૮.૦૫ યાને કે સમચોરસમીટર: ૫૬.૪૯ (કાર્પેટ એરીયા) તથા સમચોરસમીટર: ૨.૩૧ વોશ એરીયા એમ મળી કુલ સમચોરસમીટર: ૫૮.૮૦ ના બાંધકામવાળી મીલકત તથા સદર યોજનાની જમીનમાં વણવહેંચાયેલા હક્ક તથા હિસ્સાની સમચોરસમીટર: ૨૩.૬૦ ની જમીન સહીતની મીલકત ભુમીકા આકાશકુમાર પારેખ તથા સુભાષચન્દ્ર પ્રહલાદભાઈ નાયી એમ બંનેએ તેઓની કુલ સ્વતંત્ર, સંયુક્ત માલિકીપણા કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર મીલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક-હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત રજી. એ. ડી. થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદર મીલકતનું ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને અમારા અસીલ સદર મીલકત વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ: ૦૪/૧૧/૨૦૨૬

વૈભવ કે. સોનપાલ એસોસીએટ્સ
એડવોકેટ્સ
વૈભવભાઈ કનુભાઈ સોનપાલ
એડવોકેટ
૪૦૯, સીલ્વર રેડીયન્સ-૨, એમ્પાયર બીઝનેસ હબની સામે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦.
(મો.) ૯૭૩૭૬૭૬૪૫૦.

જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે મકરબા, તા.વેજલપુર, જી.અમદાવાદના સર્વે નં.૫૧૧ ખાતા નં.૨૭૨૫ ની ૮૯૦૩ સમ ચો.મી. જમીન. સદર સમગ્ર જમીનનાં રેકર્ડના માલીક-રમણજી બેચરજીનો વ.વ. ૧/૫ મા હીસ્સો યાને કે આશરે ૧૭૮૧.૮૦ સમ ચો.મી. પોષાય છે. જયારે ઈશ્વરજી બેચરજીનો પણ વ.વ. ૧/૫ મા હીસ્સો યાને કે આશરે ૧૭૮૧.૮૦ સમ ચો.મી. પોષાય છે આમ, સદર સર્વે નંબરના કુલ ક્ષેત્રફળ પૈકી આશરે ૩૫૬૩.૬૦ સમ ચો.મી. યાને કે આશરે ૪૨૬૨ સમ ચો.વાર જમીન. સદર સમગ્ર જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૨૦૪ માં થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૪૧૯ ની ૫૪૩૨ સમ ચો.મી. પૈકી આશરે ૨૫૫૭.૨૦ સમ ચો.વારની જમીન (૧) રમણજી બેચરજી તથા (૨) ઈશ્વરજી બેચરજી રહે. અમદાવાદનાંની સહમાલીકી સહકબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ જમીનમાં સદરહુ જમીન માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ગણોત હકક, ભાડવાત હકક કે ગાડાવટ હકક નથી કે સદરહુ જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીંગ નથી. તેમ જણાવી મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭ માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૦૫-૧૧-૨૦૨૬

મુસ્તુફા બી, બંગાલી
(B.Com., LL.M.)
શ્રીમતી એ. એમ. બંગાલી
(B.A., L.L.B.)
ફીઝા એમ. બંગાલી,
(B.A., LL.M.)
માહીર એમ. બંગાલી,
(B.A., LL.M.)
એડવોકેટસ
ઓફીસ: ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, 'યશ એરીયન' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯ ૮૫ ૩૩૩ ૦૯

જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગામ પુન્દ્રાસણ, તા.જી.ગાંધીનગરની સીમના સર્વે/બ્લોક નં. ૨૧૬ (જુના સર્વે/બ્લોક નં.૧૭૯) ખાતા નં.૫૮૩ની ૧-૬૨-૮૪ હે.આરે ચો.મી. પૈકી વ.વ.૦-૮૪-૬૫ હે.આરે ચો.મી. પૈકી વ.વ.૨૮૨૧ સમ ચો.મી. ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન ભીખીબેન જયંતિજી વાઘેલા ઉર્ફે ઠાકોર વગેરેનાની સહકબજા ભોગવટામાં આવેલ અને તેઓ પાસેથી સદર જમીન અમારા અસીલ અલ્પાબેન તે અમૃતલાલ બબલદાસ સુથારની દિકરી અને અશ્વિનભાઈ વિનોદચંદ્ર દરજીની પત્ની રહે. બોપલ, અમદાવાદનાએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૭૫૩૧ તા.૦૨-૧૧-૨૦૨૬ ના રોજથી વેચાણ લીધેલ છે. અને દસ્તાવેજની રૂઈએ અમારા અસીલનું નામ રેવન્યુ રેકર્ડમાં વેચાણ ફેરફાર નોંધ નં. ૩૭૧૨ તા.૦૨-૧૧-૨૦૨૬ ના રોજ દાખલ થયેલ છે. સદરહુ જમીનમાં સદરહુ જમીન માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ગણોત હકક, ભાડવાત હકક કે ગાડાવટ હકક નથી કે સદરહુ જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા- દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીન માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭ માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૦૫-૧૧-૨૦૨૬

મુસ્તુફા બી, બંગાલી
(B.Com., LL.M.)
શ્રીમતી એ. એમ. બંગાલી
(B.A., L.L.B.)
ફીઝા એમ. બંગાલી,
(B.A., LL.M.)
માહીર એમ. બંગાલી,
(B.A., LL.M.)
એડવોકેટસ
ઓફીસ: ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, 'યશ એરીયન' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯ ૮૫ ૩૩૩ ૦૯

ભારતમાં રહેતા વિદેશી નાગરિકોને અમુક કેટેગરીમાં છૂટછાટ મળી

કેન્દ્ર સરકારે નેપાળ, ભૂતાન, શ્રીલંકાના નાગરિકો માટે વિઝા નિયમો હળવા કર્યાં

નવી દિલ્હી, તા. ૫

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઈમિગ્રેશન-ફોરેનર્સ એમેંડમેન્ટ ઓર્ડર લાગુ પાડ્યો છે. એ પ્રમાણે કેટલાક વિદેશી નાગરિકોને કે ભારતીય મૂળના વિદેશી નાગરિકોને પાસપોર્ટ-વિઝામાં રાહત મળશે. નેપાળ, ભૂતાન અને શ્રીલંકાના નાગરિકો માટેના નિયમો પણ હળવા થયા છે. પાડોશી દેશોના માઈનોરિટી નાગરિકોને અમુક પ્રકારની રાહત નવા નિયમોમાં મળશે. નેપાળ અને ભૂતાનની મુલાકાત લેતા ભારતીયોએ માન્ય ઓળખકાર્ડ બતાવવું પડશે.

પાકિસ્તાન, મલેશિયા, સિંગાપોરથી ડિસેમ્બર-૨૦૦૯ પહેલાં આવેલા ભારતીય મૂળના નાગરિકોને પાસપોર્ટ રિન્યૂઅલમાં રાહત

નવા વિઝા-પાસપોર્ટ નિયમો પ્રમાણે જે ભારતીય નાગરિકો ભૂતાન-નેપાળની યાત્રા કરે છે અથવા તો યાત્રા કરીને પાછા આવે છે તેમણે ઈમિગ્રેશન અધિકારી સમક્ષ વિઝા નિયમોમાં દર્શાવ્યા પ્રમાણેનું ઓળખકાર્ડ બતાવવું પડશે. આ નિયમ એવા ભારતીયોને લાગુ નહીં પડે જે બીજા કોઈ દેશમાંથી વાયા નેપાળ-ભૂતાન ભારતમાં આવશે. નેપાળ-ભૂતાન ગયેલા કે પાછા આવતા નાગરિકોને જ આ નિયમ લાગુ પડશે. એ જ રીતે નેપાળ-ભૂતાનના ભારત આવી રહેલા નાગરિકોએ વિઝા મેન્યુઅલમાં બતાવ્યા પ્રમાણેના દસ્તાવેજો બતાવવા પડશે. તેમણે વિઝા-પાસપોર્ટની જરૂરિયાત રહેશે નહીં.

તે ઉપરાંત ૨૦૦૯ પહેલાં ભારત આવી ગયેલા પાકિસ્તાનના નાગરિકો કે જે લઘુમતી વર્ગના છે તેમને પાસપોર્ટ રિન્યૂની શરતમાંથી રાહત મળશે. જોકે, તેમણે યોગ્ય વિઝા લેવા પડશે. એ જ રીતે મલેશિયા, સિંગાપોરના ભારતીય મૂળના નાગરિકોને પણ આ પ્રકારની છૂટછાટ મળશે. તમિલ મૂળના શ્રીલંકન નાગરિકોને વિઝા-પાસપોર્ટના નિયમોની છૂટ મળશે. શરત એ છે કે તેમણે ૨૦૧૫ પહેલાં ભારતમાં શરણ લીધું હોવું જોઈએ. તેમણે કેન્દ્ર સમક્ષ રજિસ્ટ્રેશન કરાવ્યું હશે તો તેમને મુક્તિ મળશે. તે સિવાય અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, પાકિસ્તાનમાંથી હિન્દુ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ કે ખ્રિસ્તી સમુદાયના લોકો જે છેલ્લાં વર્ષોમાં ભારત આવ્યા છે તેમને પાસપોર્ટની અવધિ પૂરી થયા પછી પણ વિઝા આપવામાં આવશે. એ જ રીતે તિબેટના નાગરિકો કે જે ૧૯૫૯થી ૨૦૦૩ની વચ્ચે ભારતીય દૂતાવાસની મંજૂરી સાથે આવ્યા છે તેમને પણ નવા વિઝા-પાસપોર્ટ નિયમોમાં રાહત આપવામાં આવી છે.

પ્રલય મિસાઈલનું સફળ પરિક્ષણઃ સેનામાં સામેલ થશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૫

ભારતે ગૂરૂવારે પ્રલય નામની મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું છે. આ એક ક્વાસી બેલાસ્ટિક મિસાઈલ છે, જે વિસ્ફોટ લઈ જવામાં સક્ષમ છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ મિશાઈલનું પરિક્ષણ ઓડિશા પાસે ડો. એપીજે અબ્દુલ કલામ દ્વિપથી કરાયું હતું. ડીઆરડીઓ દ્વારા વિકસીત પ્રલય ટૂંકા અંતરનું જમીન થી જમીન પર હુમલો કરવાની મિસાઈલ છે.

મિડટર્મ

(૧૭મા પાનાનું ચાલુ)

ઉપરાંત જણાવ્યું હતું કે તેઓ સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથને રિપ્લેસ કરવા વિચારી રહ્યા નથી. પછી ભલેને ઈરાન સાથેના યુદ્ધને લઈને લોકોમાં અસંતોષ હોય. તેમણે જણાવ્યું હતું કે હેગસેથે જબરદસ્ત કામગીરી બજાવી છે.

ઉલ્લેખનીય છે કે વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સને ઘણી વખત ટ્રમ્પના રાજકીય ઉત્તરાધિકારી મનાય છે. તેમણે મિડ ટર્મ ચૂંટણીમાં પક્ષના રકાસ માટે ઈરાન સાથેના યુદ્ધને જવાબદાર ઠેરવ્યું હતું.

બક્સરમાં આરડીઓ અલ્પિકા સિંહ કટોરો લઈને ધરણાં પર બેઠાં !

બક્સર, તા. ૫

ગ્રામિણ વિકાસ અધિકારી અલ્પિકા સિંહ અને બ્લોક ઓફિસમાં બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસર વચ્ચે ચાલી રહેલો વિવાદ હવે વધુ વકરી રહ્યો છે. મહિલા અધિકારીએ ગયા શુક્રવારે ઓફિસની બહાર થોડા સમય માટે બાઉલ લઈને



વિરોધ કર્યો હતો, જેમા આરોપ લગાવવામાં આવ્યો હતો કે બીડીઓએ આઠ મહિનાથી તેમનો પગાર ચૂકવ્યો નથી અને તેમને માનસિક રીતે હેરાન કર્યા છે.જેના કારણે તેમની વિરુધ્ધના અહેવાલોની તપાસ કર્યા વગર પગાર ચૂકવવા અંગે અનેક પ્રશ્નો ઉભા થયા છે.બીજી બાજુ બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસરે મહિલા અધિકારીની ઘણા મહિનાઓની ગેરહાજરી, બાયોમેટ્રિક હાજરી સબમિટ કરવામાં નિષ્ફળતા અને સ્પષ્ટતાનો જવાબ આપવામાં નિષ્ફળતા અંગે કલેક્ટર અને નાયબ વિકાસ કમિશનરને અહેવાલ મોકલ્યો છે. આ વર્ષે એપ્રિલથી બ્લોક ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓના પગાર બાયોમેટ્રિક હાજરીના આધારે ચૂકવવામાં આવ્યા છે. જોકે, કર્મચારીઓએ આ બાબતની તપાસ કર્યા વગર પગાર ચૂકવવા અંગે પણ પ્રશ્નો ઉઠાવવાનું શરુ કર્યું છે. પગારની ઉતાવળમાં ચૂકવણી બાદ બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસર દ્વારા મોકલવામાં આવેલા અનેક અહેવાલોમા મહિલા અધિકારીની ગેરહાજરી અંગે તપાસ ચાલી રહી છે.એવી પણ ચર્ચા છે કે આ ઘટનાના પડદા પાછળ એક સ્થાનિક અધિકારીનો દોરી સંચાર છે. અધિકારીઓ વચ્ચે વધતા વિવાદને ગંભીરતાથી લેતા જિલ્લા મેજીસ્ટ્રેટે બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસર પાસેથી ખુલાસો માંગ્યો છે. એવું પણ બહાર આવ્યું છે કે મહિલા અધિકારીની વારંવાર ગેરહાજરી, બાયોમેટ્રિક હાજરી અને પગાર ચૂકવણી સબંધીત સમગ્ર બાબતોની તપાસ કરવામાં આવશે.

યુરોપમાં

(૧૭મા પાનાનું ચાલુ)

જાહેર કરી નહોતી. ફિનલેન્ડની એરલાઈન ફિનએરે કહ્યું કે, હેલસિંકીથી રોમ જઈ રહેલી ફ્લાઈટ ૧૭૬૧ને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. તેમ છતાં વિમાને ઈટાલીની રાજધાની રોમમાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. વિમાનની સંપૂર્ણ તલાશી લેવાઈ, પરંતુ તપાસ ટૂકડીને કશું જ શંકાસ્પદ મળ્યું નહીં.

બલ્ગેરિયા જઈ રહેલી રેનએરની ત્રણ ફ્લાઈટ્સનું ઈમરજન્સ લેન્ડિંગ કરાવાયું હતું. કોપનહેગનથી સોફિયા જઈ રહેલી એક ફ્લાઈટ અને મેડ્રિડથી રવાના થયેલી અન્ય ફ્લાઈટે સોફિયાના વાસિલ લેવ્સ્કી એરપોર્ટમાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું.

સમગ્ર યુરોપમાં વિમાનને બોમ્બથી ઉડાવવાની ધમકીઓ વધવા લાગી છે. યુરોપમાં સુપરમાર્કેટના રેફ્રિજરેશન સિસ્ટમ પર સાયબર હુમલાની ઘટના, યુરોપમાં ડ્રોનની ઘૂસણખોરી અને વિવિધ એપ્સમાં રહસ્યમય એલર્ટે યુરોપના લોકોને ભયભીત કરી મૂક્યા છે. આ પહેલાં ઓથોરિટીએ જનતાને રશિયા સામે યુક્રેનની લડાઈના પગલે યુરોપના લોકોને હાઈબ્રિડ હુમલાની ચેતવણી આપી હતી.

મેટાને

(૧૭મા પાનાનું ચાલુ)

તેમણે ૨૦૧૭માં લોસ એન્જલ્સ શહેરના એટર્ની તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તે મુખ્યત્વે કામદારોના શોષણ અને વેતન ચોરીના કેસો લડે છે. તેઓ કેલિફોર્નિયાના ન્યાય વિભાગના ડેપ્યુટી એટર્ની જનરલ તરીકે કામ કરી ચૂક્યા છે.

તેમની સૌથી મોટી વ્યવસાયિક સિદ્ધિઓમાં એક મેટા જેવી સોશિયલ મીડિયા જાયન્ટ સામેના કેસમાં મળેલી સફળતા છે. તેમણે મેટા સામે મજબૂત રીતે બનાવેલા સજ્જડબંધ કેસના કારણે તેની સામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મની બાળકો પરની વિપરીત અસરોને કોર્ટમાં સાબિત કરી શકાઈ હતી. તેના લીધે મેટાએ આ ઓગસ્ટમાં છેવટે ૧૭ અબજ ડોલરમાં આ કેસની પતાવટ કરવાની ફરજ પડી હતી. તેથી જ રોયનું સૂત્ર છે કે મારી એટર્ની તરીકેની કામમાં કોઈપણ નાગરિકનું કોર્પોરેશન દ્વારા શોષણ નહીં થવા દઉં. આ બતાવે છે કે અમેરિકન રાજકારણમાં ભારતીયોનો દબદબો વધી રહ્યો છે. તાજેતરની મિડ ટર્મ ઈલેકશનમાં ડેમોક્રેટ્સના બધા જ ભારતીયોએ બીજીથી લઈને ત્રીજી ટર્મ માટે ચૂંટાઈ આવવામાં સફળતા મેળવી છે.

અમેરિકામાં ઠગાઈથી મળેલા નાણાંને સફેદ કરવા બદલ ભારતીયને આઠ વર્ષની જેલ

(પીટીઆઈ) ન્યુયોર્ક,તા.૫

વડીલોને લક્ષ્ય બનાવતી ઠગાઈભરી સ્કીમમાંથી મળેલા નાણાને સફેદ બનાવવા બદલ ૬૦ વર્ષના ભારતીય નાગરિકને અત્રે આઠ વર્ષની જેલની સજા કરાઈ છે. અમેરિકાની જિલ્લા કોર્ટે ઠગાઈનો ભોગ બનેલાને ૨૪ લાખ અમેરિકી ડોલર ચૂકવવા પણ હુકમ કર્યો છે.

કૌભાંડનો ભોગ બનેલાઓને ૨૪ લાખ ડોલર ચૂકવવા પણ કોર્ટનો આદેશ

અમેરિકાની જિલ્લા કોર્ટના ન્યાયમૂર્તિ જહોન સી. હિન્ડેરાકેરે ગયા સપ્તાહે આપેલા ચુકાદામાં અગાઉ અમેરિકાના ઈલિનોઈસમાં રહેતા ભારતીય નાગરિક અહમદ મકબુલ સૈયદને ૯૬ માસની જેલની સજા ફટકારી છે.

સૈયદે અગાઉ કાળા નાણાને સફેદ કરવાનું કાવતરૂ ઘડ્યું હોવાના ગુનાની કબૂલાત કરી હતી. કોર્ટે પણ ભોગ બનેલાઓને નુકસાનની ભરપાઈરૂપે અંદાજે ૨૪ લાખ અમેરિકી ડોલર ચૂકવી આપવા આદેશ કર્યો હતો એમ અમેરિકાના ન્યાય વિભાગે જણાવ્યું.

દેશના અરિઝોના રાજ્ય સહિત સમગ્ર અમેરિકામાં વડીલોને ખંખેરતી ખૂબ ફેલાયેલી 'ટેક સપોર્ટ' અને 'ગવર્નમેન્ટ ઈમ્પોસ્ટર' નામની ઠગાઈભરી સ્કીમોમાંથી મળેલા નાણાને સફેદ કરવાના કાવતરામાં સૈયદ જોડાયો હતો.

ભોગ બનેલાઓને શરૂઆતમાં ઠગાઈભર્યા કોમ્પ્યુટર પોપ-અપ મેસેજ મોકલીને છેતરવામાં આવતા હતા. આ સંદેશામાં કોમ્પ્યુટરની સમસ્યા અથવા કોમ્પ્યુટરને 'ફ્રીઝ' કરવા સંબંધી ચેતવણી અપાતી. ભોગ બનેલાઓ, ઠગોની મદદ માટે બોલાવવાની સૂચનાઓને માનતા ત્યારે એમને ઊલટું 'ટેક-સપોર્ટ' અથવા સરકારી પ્રતિનિધિઓનો સ્વાંગ ધરાવતા કૌભાંડીઓ સાથે સંપર્ક કરાવાતો.

કૌભાંડીઓ, ભોગ બનેલાઓને એમનું એકાઉન્ટ હેક થયું હોવાનું તથા એમની માહિતી ખોટી હોવાનું પાકા પાયે ઠસાવતા. અન્ય કેટલાક કેસમાં, કૌભાંડીઓ ભોગ બનેલાઓને એમની સંપત્તિની સુરક્ષાના હેતુસર જરૂર હોવાના બહાને એમના ખાતામાંથી પૈસા ઉપાડવા અથવા તબદીલ કરવાની સૂચના આપતા.

ફ્રાન્સમાં

(૧૭મા પાનાનું ચાલુ)

ચીજવસ્તુઓ બગડી જવાનો ખતરો સર્જાયો હતો. એ ઘટનાના થોડા દિવસમાં જ ફ્રાન્સના બ્લડ બેંકના કોલ્ડ સ્ટોરેજને નિશાન બનાવાતા બીજા દેશોમાં પણ બ્લડ બેંકના કોલ્ડ સ્ટોરેજની દેખરેખમાં સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે.

આ સાઈબર હુમલામાં એઆઈનો ઉપયોગ થયો છે કે નહીં તે બાબતે કોઈ સ્પષ્ટતા થઈ નથી. પરંતુ સાઈબર એક્સપર્ટ્સ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે જો આવા હુમલામાં એઆઈનો ઉપયોગ શરૂ થયો હશે તો દુનિયામાં અંધાધૂંધી સર્જાશે અને હેકર્સ જરૂરી ચીજવસ્તુઓના સ્ટોરેજને આ રીતે ટાર્ગેટ કરીને મોંઘવારીનો વિસ્ફોટ કરશે.

પંજાબ સિવિલ સર્વિસનું પરિણામ જાહેરાત થતાં જ ગેરરીતિના આરોપો

પટિયાલા, તા. ૫

પંજાબ લોક સેવા આયોગ (પીપીએસસી)ની તરફથી આયોજિત પંજાબ પીસીએસ મુખ્ય પરીક્ષા ૨૦૨૬નું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતા જ પસંદગી પ્રક્રિયા અંગે વિવાદ ઉભો થઇ ગયો છે.

ઉમેદવારોએ પરીક્ષામાં ગંભીર અનિયમિતતાનાં આરોપ મૂકી પસંદગી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. ઉમેદવારોએ એક જ પરીક્ષા ખંડમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારોની પસંદગી થઈ હોવાનો તથા ગેરહાજર રહેલા ઉમેદવારોની પણ પસંદગી કરવામાં આવી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ આરોપો અંગે સીબીઆઇ તપાસની માંગ કરવામાં આવી છે.

ઉમેદવારો દ્વારા પરિણામનું વિશ્લેષણ કરવામાં આવ્યા પછી કેટલાક પરીક્ષા કેન્દ્રોનાં આંકડાઓ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે ચાર અલગ અલગ પરીક્ષા કેન્દ્રોનાં કેટલાક રૂમોમાંથી ૧૦થી વધુ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

સેન્ટર-૭નાં રૂમ નંબર ૮માં પરીક્ષા આપનારા ૨૪ ઉમેદવારોમાંથી ૧૧ (૪૫.૮ ટકા)ની પસંદગી કરવામાં આવી છે. આવી જ રીતે સેન્ટર નં. ૧૧નાં રૂમ નંબર ૧૪માં ૨૪ માંથી ૧૦ (૪૧.૭ટકા) અને સેન્ટર નં. ૪નાં રૂમ નંબર ૧૯માં પણ ૨૪માંથી ૧૦ (૪૧.૭ટકા) ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

ચૂંટણી હારતા

(૧૭મા પાનાનું ચાલુ)

કારોબારી સુનીલકુમાર શર્મા અને તેની પત્ની જસપ્રીત પ્રીતિ શાહિદને આ નેટવર્કની મહત્ત્વની સંચાલક ગણાવી છે. આરોપ છે કે બંનેએ જહાજો માટે બનાવટી દરિયાઈ નોંધણી અને ઝંડા સાથે જોડાયેલા પ્રમાણપત્ર તૈયાર કર્યા, જેથી ઈરાનનું ઓઈલ લઈ જનારા જહાજ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો છતાં તેમની કામગીરી જારી રાખી શકે.

અમેરિકન વહીવટીતંત્રએ ટ્રમ્પના નેતૃત્ત્વવાળી સરકારના અભિયાન ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ હેઠળ કાર્યવાહી કરી. તેનો હેતુ ઈરાનનું ઓઈલ વેચાણ અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાંથી થતી કમાણી રોકવાનો છે.

ડીમેટ એકાઉન્ટ

(૧૭મા પાનાનું ચાલુ)

વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ફરિયાદીના ઈમેલ એડ્રેસ પર મોકલવામાં આવ્યો હતો. આરોપી મહિલાએ ગેરકાયદેસર રીતે તે ઈમેલ એકાઉન્ટ સાથે સંકળાયેલા મોબાઈલ નંબર સાથે લિંક કરેલું સિમ કાર્ડ મેળવ્યું હતું. જેનાથી તે ઈમેલ અક્સેસ કરી શકતી હતી અને ઓટીપી મેળવી શકતી હતી.

આ ગેરકાયદેસર અક્સેસનો ઉપયોગ કરીને તેણે ડીમેટ એકાઉન્ટમાં લોગ ઈન કર્યું, સંમતિ વિના શેર વેચી દીધા અને પેની સ્ટોક્સ ખરીદ્યા હતા.

આરોપી મહિલાની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું કે તપાસમાં જાણવા મળ્યું કે તેની અગાઉ સમાન સાયબર ગુનાઓના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડના સ્થળથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી પહોંચવાના સમયને જ ૨૪ કલાકની મર્યાદામાંથી બહાર રખાયો છે

સત્તાવાર

(૧૭મા પાનાનું ચાલુ)

મૂકવો પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કલમ ૨૨(૨) હેઠળ નિર્ધારિત ૨૪ કલાકની મુદત તેની ઔપચારિક ધરપકડ નોંધાયાના સમયથી નહીં પરંતુ એ સમયથી શરૂ થશે જ્યારથી વ્યક્તિની સ્વતંત્રતા હકીકતમાં છીનવી લેવાય છે અને તેની અટકાયત કરાય છે.

પોલીસ તપાસ, જપ્તી અથવા પૂછપરછના નામે ઔપચારિક ધરપકડમાં વિલંબ કરીને આ સમય મર્યાદાને આગળ વધારી શકે નહીં.

સુપ્રીમે કહ્યું કે મેજિસ્ટ્રેટે આરોપી હાજર થતા અટકાયતની વાસ્તવિક તારીખ અને સમય નોંધવા પડશે તથા ૨૪ કલાકની સમય મર્યાદાનું પાલન ન થાય તો તપાસ કરવાની રહેશે. ગેરબંધારણીય રીતે લાંબી અટકાયત પર મેજિસ્ટ્રેટ આરોપીના રિમાન્ડ આપવાનો ઈનકાર કરી શકે છે. અટકાયતાં હિંસાની ઘટનાઓને જોતા આવી ન્યાયિક અટકાયત અત્યંત જરૂરી છે.

સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે, કલમ ૨૨(૨) એ બાબતની મંજૂરી નથી આપતી કે ધરપકડ કરનાર ઓથોરિટી કોઈ વ્યક્તિની ધરપકડ કરતા પહેલા પૂછપરછ અથવા તપાસમાં જેટલો સમય લગાવે તેનાથી તેને કોઈ ફરક ના પડે અને તે સમયને બંધારણની ૨૪ કલાકની મર્યાદાની ગણતરીમાંથી બહાર રાખવામાં આવે. બંધારણમાં માત્ર એક અપવાદ છે અને તે છે ધરપકડના સ્થળથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી પહોંચવામાં લાગતા પ્રવાસનો સમય, જેને ૨૪ કલાકની મર્યાદામાંથી બહાર રાખવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, થોડા સમય માટે કોઈ વ્યક્તિને અટકાયતમાં રાખવી તેને ધરપકડ માની શકાય નહીં. મૌલિક અધિકારોને કેટલાક સમય માટે રદ કરી શકાય નહીં. બંધારણની કલમ ૨૨(૨)માં 'ધરપકડ અને અટકાયતમાં રાખવામાં આવેલા' શબ્દોનો ઉપયોગ એક સાથે કરાયો છે. તેથી આ બંનેને અલગ અલગ અર્થોમાં જોઈ શકાય નહીં.

સુપ્રીમે ઉમેર્યું કે, અટકાયત અને ધરપકડ વચ્ચે કૃત્રિમ અંતર સ્વીકાર કરી લેવામાં આવે તો એ નક્કી કરવું મુશ્કેલ થઈ જશે કે તપાસ માટે કેટલી સમય મર્યાદાને ઓછો સમય માનવામાં આવે અને ક્યારે અટકાયતને ધરપકડ માનવામાં આવે. આવી વ્યાખ્યા બંધારણિય સુરક્ષાને નબળી કરશે. મેજિસ્ટ્રેટની પણ જવાબદારી હશે કે તે અટકાયતનો સમય નોંધે. ધરપકડ અને અટકાયત વચ્ચે ફરક કરવો એ ગેરબંધારણીય છે.

રિપબ્લિકન હારતા ટ્રમ્પ ફક્ત વ્હાઈટ હાઉસ જ નહીં પક્ષ પરથી પણ અંકુશ ગુમાવી શકે, પક્ષની અંદર અનેક સત્તા કેન્દ્રો ઊભા થવાની સંભાવના

ઉપપ્રમુખ વાન્સે

(૧૭મા પાનાનું ચાલુ)

ટ્રમ્પના માથે જ હારનું ઠીકરું ફોડ્યુ હતુ. બીજી બાજુએ ટ્રમ્પ સતત ઈરાન સાથેના યુદ્ધને યોગ્ય ઠેરવી રહ્યા છે. તેમણે પરિણામ પછી પણ જણાવ્યું હતું કે ઈરાન સામે કાર્યવાહી જરૂરી હતી અને આગળ પણ જારી રહેશે. જેડી વાન્સ ઉપરાંત સેનેટર ક્રુઝે જેવા નેતાઓ હવે જાણે પક્ષની અંદર નવા જ સત્તા કેન્દ્રો તરીકે ઉભરી આવે તેમ માનવામાં આવે છે. ક્રુઝે ચૂંટણીમાં પરાજયને પક્ષ માટે મોટી ચેતવણી ગણાવી છે.

સેનેટર ટેડ ક્રુઝે રિપબ્લિકનના પરાજયને બ્લુ સુનામી અને વોટરગેટ સ્તરની અસ્વીકૃતિ ગણાવ્યો. તેમણે જણાવ્યું હતું કે પક્ષ એટલા માટે નથી હાર્યો કેમકે તેમના સમર્થકોએ વોટ નથી નાખ્યા, પરંતુ એટલા માટે હાર્યો છે કેમકે રિપબ્લિકનને મત આપનારા મતદાતા તેમની સાથે જતાં રહ્યા.

ટ્રમ્પને વેન્સની પોસ્ટ અંગે જણાવવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે તેઓ તેમની ભાવનાઓને સમજે છે. ટ્રમ્પે સ્વીકાર્યુ હતુ કે તેમને ખબર હતી કે ઈરાન યુદ્ધની ચૂંટણીના પરિણામ પર અસર પડશે, આમ છતાં તેમણે લશ્કરી કાર્યવાહીનો બચાવ કર્યો હતો. આમ બંનેના જાહેર નિવેદન વચ્ચે સ્પષ્ટ મતભેદ દેખાય છે. એક લાખથી વધુ મતદારો પર સરવે મુજબ ૧૦માંથી છ મતદારે ઈરાન પરના કાર્યવાહી અયોગ્ય માની હતી. જેડી વાન્સ લાંબા સમયથી અમેરિકાના લશ્કરી હસ્તક્ષેપ અંગે સાવચેત વલણ અપનાવતા રહ્યા છે. ઈરાક યુદ્ધમાં મરીન તરીકે સેવા આપનારા વાન્સ પહેલાથી જ લાંબા અને અંતહીન લશ્કરી અભિયાનોની ટીકા કરી ચૂક્યા છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછી તેમણે ટ્રમ્પની જેમ ખૂલીને બચાવ નથી કર્યો. ચૂંટણીના પરાજયથી વાન્સનું વલણ બદલાતું જોવાઈ રહ્યું છે.

તેમણે મોંઘવારી, અમેરિકાને અગ્રતા ન આપવી અને ઈઝરાયેલની સાથેના સંબંધોને પણ પરાજયના કારણોમા એક ગણાવ્યું. ઈમિગ્રેશન પોલિસી અંગે પણ ફેરફારની સંભાવના વ્યક્ત કરી અને જણાવ્યું હતું કે ગેરકાયદે શ્રમિકોને કામ કરવા દેનારા કારોબારો પર વધુ ધ્યાન આપી શકાય છે. વાન્સે ૨૦૨૮માં ચૂંટણી લડવાના સવાલ પરનો નિર્ણય ચૂંટણીના પરિણામ બાદ કરવાની વાત કહી હતી. આ સંજોગોમાં ચૂંટણીના પરાજય પછી તેમનું વલણ તેમની ભાવિ રાજકીય મહત્ત્વાકાંક્ષાઓની સાથે જોડીને પણ જોઈ શકાય છે. વિદેશપ્રધાન માર્કો રૂબિયો પણ ટ્રમ્પ પછીના સંભવિત રિપબ્લિકન નેતાઓમાં સામેલ છે. ફ્લોરિડાના રોન ડેસેન્ટિસ અને ટેક્સાસના સનેટર ટેડ ક્રુઝનું નામ પણ ટ્રમ્પના ઉત્તરાધિકારી તરીકે ચર્ચામાં છે. આમ પક્ષની અંદર ઘણા બધા નેતા એવા છે જે ટ્રમ્પના ઉત્તરાધિકારી બનવાના દાવેદાર છે.

હું ડિસેમ્બરમાં

(પહેલા પાનાનું ચાલુ)

બાંગ્લાદેશમાં પરત ફરવા માટે કટિબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે તેમના શાસનકાળ દરમિયાન આંદોલનકારીઓ પર કરવામાં આવેલ ઘાતક કાર્યવાહી બદલ તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે.

વિદ્યાર્થીઓનાં નેતૃત્ત્વમાં થયેલા દેખાવોને કારણે સત્તા છોડવાની ફરજ પડ્યા પછી હસીના ભારત આવી ગયા હતાં અને ત્યારથી તેઓ ભારતમાં જ રહેશે. વર્ષ ૨૦૨૫માં બાંગ્લાદેશની એક વિશેષ ટ્રિબ્યુનલે તેમને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે મૃત્યુદંડની સજા ફટકારી હતી.

ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો હતો કે આ દમનકારી કાર્યવાહીનો આદેશ આપવામાં તેમનો હાથ હતો જેમાં અનેક લોકોનાં મોત થયા હતાં અને હજારો લોકો ઘાયલ થયા હતાં.

સંયુક્ત રાષ્ટ્ર (યુએન)એ એક અહેવાલમાં જણાવ્યું છે કે આ ઘટનાઓમાં ૧૪૦૦ લોકોનાં મોત થયા હતાં. હસીનાએ કોઈ પણ પ્રકારનો ગુનો કે ગેરરીતિ કરવાનો ઈનકાર કર્યો છે.

તેમણે ટ્રિબ્યુનલનાં ચુકાદાને ફગાવી દીધો છે અને ન્યાયિક પ્રક્રિયાની કાયદેસરતાને પડકારી છે. બાંગ્લાદેશે વારંવાર હસીનાની પ્રત્યાર્પણ કરવાની માંગ કરી છે પરંતુ ભારતે તેમને સોંપવાનો ઈનકાર કર્યો છે.

તેમણે સૌપ્રથમ ઓગસ્ટ મહિનામાં બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી છે. શેખ હસીનાએ પત્રકારોને જણાવ્યું હતું કે જો મૃત્યુ જ મારુ નસીબ હોય તો હું મારા પોતાના દેશની ધરતી પર, મારા પોતાના લોકોની વચ્ચે મરવાનું પસંદ કરીશ. તેથી હું બાંગ્લાદેશ પરત ફરીશ. આ નિર્ણયમાં કોઈ ફેરફાર થયો નથી.

ડેમોક્રેટ્સની

(પહેલા પાનાનું ચાલુ)

કરોડ ડોલરનો જુગાર ખેલ્યો હતો. જોકે, મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સે હાઉસ અને સેનેટ બંનેમાં બહુમતી મેળવતા મસ્કે રિપબ્લિકન ઉમેદવારોના પ્રચાર માટે ખર્ચેલા ૪૪.૫ કરોડ ડોલર પાણીમાં ગયા છે. એટલું જ નહીં મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સની 'બ્લૂ વેવ' લહેરના પગલે ટેસ્લા અને સ્પેસએક્સના શેરોમાં કડાકો બોલાતા એક જ દિવસમાં ઈલોન મસ્કના ૧૩૦ અબજ ડોલરનું ધોવાણ થયું હતું. અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં સૌથી મોટો ફટકો પ્રમુખ ટ્રમ્પને પડ્યો છે. જોકે, આ સાથે અન્ય કેટલાકને રિપબ્લિકનોના પરાજયથી સૌથી મોટી અસર થઈ હોય તેમાં દુનિયાના પહેલા ટ્રિલિયોનર ઈલોન મસ્ક અગ્રહરોળમાં છે. અમેરિકન કોંગ્રેસમાં રિપબ્લિકનોનો દબદબો જળવાઈ રહે તે માટે મસ્કે કુલ ૪૪.૫ કરોડ ડોલરનો ધૂમાડો કર્યો હતો. વધુમાં ટેક્સાસમાં રિપબ્લિકન ગવર્નર ગ્રેગ એબોટ પુનઃ ચૂંટાઈ આવે તે માટે તેમના પ્રચાર પાછળ મસ્કે ૫૦ લાખ ડોલર ખર્ચ્યા હતા. જોકે, હવે સેનેટ અને હાઉસ બંનેમાં ડેમોક્રેટ્સે બહુમતી મેળવતા હવે ટેક્સાસ સ્થિત મસ્કનું બિઝનેસ એમ્પાયર કોંગ્રેસની આકરી તપાસના દાયરામાં આવી ગયું છે.

મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સની બ્લૂ વેવની લહેરના પગલે બુધવારે અમેરિકન શેરબજાર ઊંચકાયા હતા, પરંતુ મસ્કની કંપનીઓ ટેસ્લા અને સ્પેસએક્સ સામે ડેમોક્રેટ્સ દ્વારા તપાસની આશંકાઓના પગલે બંને કંપનીના શેરોમાં કડાકો બોલાયો હતો. ટેસ્લાના શેર ૩.૩ ટકા જ્યારે સ્પેસએક્સના શેર ૩.૮ ટકા તૂટ્યા હતા. પરિણામે એક જ દિવસમાં બંને કંપનીઓની સંયુક્ત માર્કેટ કેપમાં ૧૩૦ અબજ ડોલર (અંદાજે રૂ. ૧૨.૨૭ લાખ કરોડ) સાફ થઈ ગયા હતા.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રેલીમાં નહીં ગયેલા યુથ કોંગ્રેસના નેતાઓથી રાહુલ ગાંધી નારાજ

રામલીલા ખાતે યોજાયેલી રેલીમાં યુથ કોંગ્રેસના જે નેતાઓ હાજર રહ્યા નહોતા એમનાથી રાહુલ ગાંધી ખૂબ નારાજ થયા છે. રેલી પહેલા યુથ કોંગ્રેસના નેતાઓએ રેલીમા સામેલ થનાર કાર્યકરોની જે યાદી આપી હતી એમાંથી ઘણા રેલીમાં ગેરહાજર રહ્યા હતા. કોંગ્રેસ હાઈકમાન્ડે ગેરહાજર રહેલા ૨૦૦ જેટલા પદાધિકારીઓને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. પ્રદેશ ઉપાધ્યક્ષ, મહામંત્રી અને જિલ્લા અધ્યક્ષ સ્તરના ઘણા નેતાઓ સપાટામાં આવી ગયા છે. આ પગલાથી પક્ષ સંગઠનમાં શિસ્તનો સંદેશો આપવા માંગે છે. રેલી પહેલા જ કોંગ્રેસએ પોતાના રાષ્ટ્રીય પ્રદેશ અને જિલ્લા સ્તરના કાર્યકરોને રેલીમાં હાજર રહેવા માટે આદેશ આપ્યો હતો. આ આદેશ છતા પણ મોટી સંખ્યામાં પદાધિકારીઓ ગુલ્લી મારી ગયા હતા. આ પછી જોકે કોંગ્રેસ પક્ષમાં સન્નાટો પ્રસરી ગયો છે.

જંતર મંતર હિંસા બાબતે કોર્ટ કડક

દિલ્હીના જંતર મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન વખતે થયેલી હિંસા બાબતે સુપ્રિમ કોર્ટે અગત્યની સૂચના આપી છે. સુપ્રિમ કોર્ટે આ કિસ્સા સાથે જોડાયેલી અરજીઓ, વીડિયો અને ફરિયાદો ભૂતપૂર્વ જસ્ટીસ આર સુબ્બાશ રેડ્ડીની અધ્યક્ષતાવાળી હાઈપાવર કમીટીને સોંપવાનું સૂચન કર્યું છે. કોર્ટે કમીટીને ચોક્કસ સમયે પોતાનો છેવટનો રીપોર્ટ આપવા માટે પણ કહ્યું છે. સુપ્રિમ કોર્ટના કહેવા પ્રમાણે હમણા યોગ્ય માત્રામાં સામગ્રી નહીં હોવાને કારણે હાઈપાવર ઈન્કવાયરી કમીટી જંતર મંતર ખાતે થયેલી હિંસા બાબતે કોઈ તારતમ્ય પર પહોંચી શકી નથી. જંતર મંતર પ્રદર્શન વખતે દેખાવકારો અને પોલીસ કર્મચારીઓ સાથે થયેલી હિંસાની તપાસ આ હાઈપાવર કમીટી કરી રહી છે. સામાન્ય માણસો અને પોલીસ કર્મચારીઓની ફરિયાદો મેળવવા માટે દેશભરના ૧૪૯ છાપાઓમાં નોટીસ પ્રકાશીત કરવામાં આવી છે.

ચૂંટણી કમિશનનો મોટો નિર્ણય

દેશના ચૂંટણી કમિશને છ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસઆઈઆરના પૂનઃનિરીક્ષણની જાહેરાત કરી છે. આ પ્રક્રિયાનો ઉદ્દેશ યોગ્ય મતદારો, ખાસ કરીને યુવાનો અને પહેલી વખત વોટ આપનાર લોકોના નામ મતદાર યાદીમાં સામેલ કરવાનો છે. કમિશન પ્રમાણે અરૂણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, મીઝોરમ, ઓડીશા અને સિક્કીમમાં આ અભિયાન ચલાવવામાં આવશે. આ તમામ જગ્યાઓએ મતદાર યાદી ૩૦મીએ પ્રકાશીત થશે. છેવટની મતદાર યાદી ૨૧ જાન્યુઆરી ૨૦૨૭એ જાહેર કરવામાં આવશે. આ અભિયાનને કારણે એ લોકો પણ આવેદન પત્ર ભરી શકશે જેઓ ૨૦૨૭માં ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબરે મતદાન કરવાને લાયક થઈ જશે. ચૂંટણી કમિશને સંબંધીત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ પ્રક્રિયા માટે પર્યાપ્ત કર્મચારીઓ અને જરૂરી વ્યવસ્થા કરવાની સૂચના પણ આપી છે.

ટીએમસીના બળવાખોર ધારાસભ્યોના સભ્યપદ રદ નહી થાય

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામ પછી તૃણમુલ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોએ અલગ જૂથ બનાવ્યું હતું. નારાજ થયેલા તૃણમુલ કોંગ્રેસના સિનિયર નેતા શોભન દેવ ચટ્ટોપાધ્યાયએ આ બાબતે બળવાખોરોના સભ્યપદ રદ કરવાની અરજી સુપ્રિમ કોર્ટમાં કરી હતી. સુપ્રિમ કોર્ટે આ અરજી સાંભળવાનો ઈન્કાર કરી દીધો છે. વિરોધપક્ષના નેતા ઋતબ્રત બેનર્જી સહીત પક્ષના ૧૦ બળવાખોર ધારાસભ્યને આનાથી રાહત થઈ છે. કોર્ટે આ બાબતે અરજી કરનારને કલકત્તા હાઈકોર્ટ જવાનું કહ્યું છે. સીજેઆઈ સુર્યકાંત અને જસ્ટીસ જોય માલ્યા બાગચીની બેંચે કહ્યું હતું કે, હમણા તો યોગ્ય રસ્તો એ છે કે અરજી કરનારે હાઈકોર્ટ જવું જોઈએ. સુપ્રિમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટીસને કહ્યું છે કે આ મામલો બે જજોની બેંચની સામે મૂકવામાં આવે.

'ચૂંટણી હાર્યા તો નિયમો બદલી નાખ્યા' : રાહુલ ગાંધી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ગોકુલ દૂધ સહકારી સંઘની ચૂંટણી બાબતે ભાજપ પર જનાદેશ બદલી નાખવાની કોશિષ કરવાનો આક્ષેપ કર્યો છે. રાહુલ ગાંધીનો આરોપ છે કે કોંગ્રેસ સમર્થીત પેનલએ ભાજપ સમર્થીત મહાયુતિ ગઠબંધનને હરાવ્યા પછી નિયમોમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ મૂકીને લખ્યું છે કે, ચૂંટણી પછી ભાજપએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં બહુમતિ મેળવવા માટે નિયમો બદલી નાખ્યા છે. ગાંધીએ આ બાબતને દૂધ ઉત્પાદકોના મતોની ચોરી ગણાવી છે. રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, 'ગોકુલમાં દૂધ ઉત્પાદકોએ ભાજપને હરાવી દીધું આ માટે ભાજપે ચૂંટણી પછી નિયમો બદલી નાખ્યા. ૪ ડિરેક્ટરોનો સમાવેશ કરો, ૧૨ને ૧૬મા પરિવર્તીત કરો અને બહુમતીની ચોરી કરો.'

પંજાબ પીપીએસસી રીઝલ્ટ પર બબાલ

પંજાબમાં લેવામાં આવેલી પબ્લિક સર્વિસ કમિશન (પીપીએસસી) મેન્સ પરીક્ષામાં ગરબડ અને ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ ભાજપએ કર્યો છે. પક્ષના પ્રવક્તાનું કહેવું છે કે, ડ્રગ્સના ગેરકાયદેસર વેચાણ પછી હવે આપ અરવિંદ કેજરીવાલ અને ભગવંત માનના ઈશારે પંજાબમાં 'પેપર લીક માફિયા' ચલાવી રહી છે. પ્રવક્તાએ કહ્યું હતું કે, 'આ મુદ્દો પંજાબના ભવિષ્ય અને અહીંના યુવાનો સાથે જોડાયેલો છે. પંજાબમાં ભ્રષ્ટાચારી પક્ષ કેજરીવાલ અને માનના ઈશારે 'પેપર લીક માફિયા' કામ કરે છે. નવાઈની વાત એ છે કે આ માફિયાનો બચાવ પંજાબની આપ સરકાર કરે છે. પંજાબ પીપીએસસી મેન્સના પરિણામો જાહેર થયા ત્યાર પછી તરત જ ગરબડ અને ભ્રષ્ટાચારની વાત બહાર આવી છે. આ પરીક્ષા છેલ્લે ૨૦૨૦ના વર્ષમાં થઈ હતી. છેલ્લા બે વર્ષથી આ પરીક્ષાના પરિણામો જાહેર થયા નથી. ઉમેદવારોની પસંદગી સીધી થઈ જાય છે.'

૭ દિવસની તેજીમાં સેન્સેક્સમાં ૬૦૬૩.૯૮ પોઈન્ટ, નિફ્ટી-૫૦માં ૧૮૩૭.૭૫ પોઈન્ટનો જંગી ઉછાળો

સંવત ૨૦૮૨ના સેન્સેક્સ, નિફ્ટીના પ્રમુખ ઉછાળા

તારીખ	સેન્સેક્સ	વધારો પોઈન્ટમાં	નિફ્ટી	વધારો પોઈન્ટમાં
૨૬-૧૧-૨૫	૮૫૬૧૦	+૧૦૨૨	૨૬૨૦૫	+૩૨૦
૩-૦૨-૨૬	૮૩૭૩૯	+૨૦૭૩	૨૫૭૨૭	+૬૩૯
૨૪-૦૩-૨૬	૭૪૦૬૮	+૧૩૭૩	૨૨૯૧૨	+૩૯૯
૨૫-૦૩-૨૬	૭૫૨૭૩	+૧૨૦૫	૨૩૩૦૬	+૩૯૪
૦૮-૦૪-૨૬	૭૭૫૬૪	+૨૯૪૬	૨૩૯૯૭	+૮૭૪
૧૫-૦૪-૨૬	૭૮૧૧૨	+૧૨૬૫	૨૪૨૩૧	+૩૮૯
૧૨-૦૬-૨૬	૭૫૫૨૮	+૧૬૯૫	૨૩૬૨૩	+૪૬૧
૧૫-૧૦-૨૬	૭૪૩૧૬	+૧૫૩૪	૨૨૯૯૭	+૩૭૫
૦૨-૧૧-૨૬	૭૫૬૯૩	+૧૨૩૩	૨૩૪૪૧	+૩૮૮
૦૩-૧૧-૨૬	૭૬૯૧૮	+૧૨૨૫	૨૩૮૧૧	+૩૭૦
૫-૧૧-૨૬	૭૯૩૧૦	+૨૦૦૯	૨૪૫૩૭	+૫૭૬

માર્કેટ કેપ.માં ૯ દિવસમાં રૂ.૫૦ લાખ કરોડનો રેકોર્ડ વધારો

ભારતીય શેર બજારોમાં છેલ્લા કેટલાક દિવસોથી વિદેશી રોકાણકારો માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ (એલટીસીજી) નાબૂદ કરવાની થઈ રહેલી તરફેણ અને શેરોમાં મોટા કરેકશન બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફરી મોટાપાયે ખરીદદાર બન્યા છે. જેના પરિણામે છેલ્લા ૯ દિવસમાં બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન-રોકાણકારોની એક્ત્રિત સંપત્તિ રૂ.૩૬.૭૩ લાખ કરોડનો વધારો થયો છે, જે જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના શેરોના થયેલા લિસ્ટિંગને ગણતરીમાં લેવામાં આવે તો રૂ.૧૩.૦૬ લાખ કરોડના ઉમેરા સાથે છેલ્લા ૯ ટ્રેડિંગ દિવસમાં બજારનું માર્કેટ કેપ. રૂ.૪૯.૭૯ લાખ કરોડ વધીને રૂ.૫૦૧.૬૨ લાખ કરોડની વિક્રમી નવી ઊંચાઈએ પહોંચ્યું છે.

ધનતેરસ પૂર્વે

(પહેલા પાનાનું ચાલુ)

૮થી ૯ ટકાનો કડાકો બોલાતાં ફંડોએ આજે ઓટોમોબાઈલ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. બેંકિંગ-ફાઈનાન્સ, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરો તેમ જ કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ધૂમ ખરીદી કરી હતી. બીએસઈ ઓટો ઈન્ડેક્સ સૌથી વધુ ૨૪૦૨.૫૨ પોઈન્ટ એટલે કે ૪.૧૩ ટકા ઉછળ્યો હતો. બેંકેક્સ પણ ૨૧૭૨.૦૩ પોઈન્ટ ૩.૪૫ ટકા, બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૧૬૦૫.૪૩ પોઈન્ટ ૨.૭૨ ટકા ઉછળ્યા હતા.

મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ, રિયાલ્ટી, એફએમસીજી, હેલ્થકેર શેરોમાં પસંદગીની ખરીદી કરી હતી. અલબત કમિન્સ ઈન્ડિયા સહિતના નબળા પરિણામે કેપિટલ ગુડ્ઝ-પાવર શેરોમાં ફંડો વેચવાલ બન્યા હતા.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી આજે ૨૪ શેરોમાં તેજી રહી હતી. જેમાં સૌથી વધુ બજાજ ફાઈનાન્સ ૭.૭૭ ટકા, ઈન્ડિગો ૫.૮૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૫.૨૯ ટકા, મારૂતી સુઝુકી ૫.૨૮ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૫.૧૫ ટકા ઉછળ્યા હતા.

જ્યારે ૬ શેરો એનટીપીસી, ભારત ઈલેક્ટ્રોનિક, અદાણી પોર્ટસ, આઈટીસી લિમિટેડ, પાવર ગ્રીડ કોર્પોરેશન, ભારતી એરટેલ નેગેટીવ રહ્યા હતા. નિફ્ટી ૫૦ શેરોમાંથી આજે ૩૯ શેરો પોઝિટીવ રહ્યા હતા. જ્યારે ૧૧ શેરો નેગેટીવ બંધ રહ્યા હતા. તોફાની તેજી સાથે સળંગ છઠ્ઠા દિવસે બજાર વધી આવતાં છેલ્લે શેરોમાં ઉછાળે કેટલાક લોકલ ફંડો-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની મોટી વેચવાલી થઈ હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે કેશમાં રૂ.૧૪,૯૭૫ કરોડના શેરોની નેટ ખરીદી રહી હતી. જ્યારે લોકલ ફંડોની રૂ.૧૦,૪૪૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારત સતત ત્રીજી અને ઓવરઓલ છઠ્ઠી વખત ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

ભારતીય પુરુષ હોકી ટીમે ફાઈનલમાં જાપાનને ૪-૧થી હરાવી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતી



મોહાલી, તા.૫

ભારતીય પુરુષ હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેનો આગવો દબદબો જાળવી રાખતાં ફાઈનલમાં જાપાનને ૪-૧થી હરાવ્યું હતુ અને સતત ત્રીજી વખત અને ઓવરઓલ છઠ્ઠી વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. છેલ્લા બે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતી ચૂકેલી ભારતીય પુરુષ હોકી ટીમે ટુર્નામેન્ટ જીતવાની સાથે એશિયન હોકીમાં તેનું પ્રભુત્વ વધુ મજબુત કર્યું હતુ. હરમનપ્રીત સિંઘની આગેવાની હેઠળની ટીમે આ સાથે ટુર્નામેન્ટમાં તમામ મેચો જીતવાની અનોખી સિદ્ધિ સાથે ટ્રોફી પોતાના નામે કરી હતી.

જાપાનને આક્રમક શરૂઆત કરતાં પ્રથમ ગોલ ફટકાર્યો હતો અને હાફ ટાઈમ સુધી ૧-૦થી સરસાઈ જાળવી રાખી હતી. જોકે આખરી બે ક્વાર્ટરમાં ભારતે શાનદાર કમબેક કર્યું હતુ અને શિલાનંદ લાકરા, દીલપ્રિત સિંઘ, જુગરાજ સિંઘ અને વિવેક સાગર પ્રસાદના ગોલને સહારે નાટકીય કમબેક કરતાં યાદગાર વિજય મેળવ્યો હતો. નોંધપાત્ર છે કે, ભારત છેલ્લી બે એશિયન ગેમ્સમાં પણ પુરુષ હોકીમાં ગોલ્ડ મેડલ જીતી ચૂક્યું છે. મલેશિયાએ ૫-૨થી સાઉથ કોરિયાને હરાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

જાપાનની સરસાઈ બાદ ભારતનો વળતો પ્રહાર

મોહાલીના ઓલિમ્પિયન બલબીર સિંહ સિનિયર સ્ટેડિયમમાં રમાયેલી ભારત અને જાપાન વચ્ચેની મેચ ભારે રોમાંચક બની હતી. જાપાનની ટીમે મેચની શરૂઆતમાં જ ભારતને આંચકો આપતો ગોલ ફટકાર્યો હતો. માત્સુમોટોએ ચોથી મિનિટે જ રિવર્સ હીટ પર સ્કોર કર્યો હતો અને ભારત ૦-૧થી પાછળ પડી ગયું હતુ. જાપાને હાફ ટાઈમ સુધી આ સ્કોરલાઈન જાળવી રાખી હતી. જોકે મેચમા ૪૨મી મિનિટે ભારતને ઉપરાઉપરી પેનલ્ટી કોર્નર મળ્યા હતા અને હરમનપ્રીતના સ્ટ્રોકને ગોલકિપર કુરોડાએ અટકાવ્યો હતો, જે પછી શિલાનંદે બોલને ગોલમાં મોકલી આપતાં ભારતને બરોબરી અપાવી હતી.

આખરી ૧૫ મિનિટમાં ભારતે ત્રણ ગોલ ફટકાર્યા

ભારતીય ટીમે આખરી ૧૫ મિનિટમાં ત્રણ ગોલ ફટકારીને બાજી પલ્ટી હતી. દિલપ્રીત સિંઘે ક્લાસિક ગોલ ફટકારતાં ભારતીય ટીમને ૨-૧થી લીડ અપાવી હતી. આ પછી જુગરાજ સિંઘે ગોલ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવતા ભારતને ૩-૧થી સરસાઈ અપાવી હતી. આખરી છ મિનિટ બાકી હતી, ત્યારે શિલાનંદ લાકરાના પ્રયાસને જાપાનના ગોલકિપરે નિષ્ફળ બનાવ્યો હતો. જોકે બોલ ત્યાં ઉભેલા વિવેક સાગર પ્રસાદને મળ્યો હતો અને તેણે ગોલ ફટકારતાં ભારતને ૪-૧થી સરસાઈ અપાવી હતી. યોગાનુંયોગ ભારતે અગાઉ ગ્રૂપ સ્ટેજમાં પણ જાપાનને ૪-૧થી જ હરાવ્યુ હતું.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં દબદબો

ભારતીય ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં આગવો દબદબો જાળવી રાખ્યો હતો અને સતત ત્રીજું અને ઓવરઓલ છઠ્ઠું ટાઈટલ જીતી લીધું હતુ. ભારતીય ટીમ ૨૦૨૩મા અને ૨૦૨૪માં રમાયેલી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની હતી. આ સિવાય ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાન સંયુક્ત વિજેતા બન્યા હતા. તે પહેલા ભારત ૨૦૧૧ અને ૨૦૧૬માં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતવામાં સફળ રહ્યું હતુ.

ભારતના ૪૬ ગોલ : સળંગ ૭ વિજય

ભારતે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી-૨૦૨૬માં તમામ સાતેય મેચ જીતી લઈને ઈતિહાસ રચી દીધો હતો. ભારતે ટુર્નામેન્ટમાં કુલ મળીને ૪૬ ગોલ ફટકાર્યા હતા. જ્યારે ભારતની સામે માત્ર સાત જ ગોલ નોંધાયા હતા. ભારતે અગાઉ સેમિ ફાઈનલમાં સાઉથ કોરિયાને ૮-૧થી કચડી નાંખ્યું હતુ. જ્યારે ગ્રૂપ સ્ટેજમાં ૧૩-૦થી બાંગ્લાદેશને, ૫-૨થી ચીનને, ૪-૧થી જાપાનને, ૪-૨થી મલેશિયાને અને ૮-૦થી સાઉથ કોરિયાને હરાવ્યું હતુ.



શિલાનંદ લાકરા, દિલપ્રીત સિંઘ, જુગરાજ અને વિવેક સાગર પ્રસાદના ગોલ ભારતે ટુર્નામેન્ટમાં તમામ મેચ જીતવાની સાથે ટ્રોફી જીતવાની સિદ્ધિ મેળવી

અર્જુન નાગવાસવાલાએ બંને ઈનિંગમાં ચાર-ચાર વિકેટ ઝડપી

રણજી ટ્રોફી : ગુજરાતની ટીમનો કેરળ સામે ઈનિંગ અને ૬૪ રનથી વિજય

ઉર્વિલ પટેલ પ્લેયર ઓફ ધ મેચ : કેરળના બીજી ઈનિંગમાં ૧૯૧



અમદાવાદ, તા.૫

ગુજરાતની ટીમે હોમગ્રાઉન્ડ પર શાનદાર દેખાવ કરતાં કેરળ સામેની રણજી મેચમાં એક ઈનિંગ ૬૪ રનથી વિજય મેળવ્યો હતો.

ગુજરાતે પ્રથમ ઈનિંગ ૫૩૪/૯ના સ્કોર પર ડિક્લેર કરી હતી. જે પછી કેરળ ૨૭૯ રનમાં સમેટાઈ જતાં ફોલોઓન થયું હતુ. આ પછી પ્રવાસી ટીમ બીજી ઈનિંગમાં ૧૯૧માં ઓલઆઉટ થઈ ગઈ હતી ગુજરાતને ઈનિંગની જીતની સાથે સાત પોઈન્ટ મળ્યા હતા. ઉર્વિલ પટેલને અણનમ ૨૧૦ રનની ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ફાસ્ટ બોલર અર્જાન નાગવાસવાલાએ બંને ઈનિંગમાં ચાર-ચાર વિકેટ ઝડપી જીતમાં મહત્વનું પ્રદાન કર્યું હતુ.

આખરી દિવસની રમત

ચોથા દિવસે કેરળે બીજી ઈનિંગ ૪૧/૧થી આગળ ધપાવી હતી. કેરળની ટીમ ૨૧૪ રનના દેવા હેઠળ હતી અને આજે પ્રવાસી ટીમે વધુ ૧૫૦ રન ઉમેરતાં બાકીની નવ વિકેટ ગુમાવી હતી. સચિન બેબીએ ૫૨, વિષ્ણુ વિનોદે ૩૯ અને આદિત્ય સરવટેએ ૨૪ રન નોંધાવ્યા હતા. અર્જાને ૨૪ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. સિદ્ધાર્થ દેસાઈને બે અને ચિંતન ગજા-વિશાલ જયસ્વાલ અને અમિત દેસાઈને ૧-૧ વિકેટ મળી હતી.

ગુજરાતના બેટ્સમેનોની કમાલ

અગાઉ મેચમાં ટોસ જીતીને બેટિંગ પસંદ કરનારી ગુજરાતની ટીમ તરફથી ઉર્વિલ પટેલે ૨૨૭ બોલમાં ૧૭ ચોગ્ગા અને છ છગ્ગા સાથે અણનમ ૨૧૦ રન ફટકાર્યા હતા. આર્ય દેસાઈએ ૯૫ અને વિશાલ જયસ્વાલે ૭૭ રન નોંધાવ્યા હતા.

પોઈન્ટ ટેબલમાં સ્થિતિ

ગુજરાતની ટીમે આ બીજી મેચ જીતી હતી અને તેમની બે મેચ ડ્રો થઈ છે. આ સાથે એલીટ ગ્રૂપ સી માં ગુજરાત ૧૬ પોઈન્ટ સાથે મહારાષ્ટ્ર (૧૯ પોઈન્ટ) અને બંગાળ (૧૮ પોઈન્ટ) પછી ત્રીજા ક્રમે છે.

સૌરાષ્ટ્ર સિઝનમાં પ્રથમ વખત હાર્યું

અગરતલા : સૌરાષ્ટ્રની ટીમને સિઝનની પ્રથમ હાર ત્રિપુરાએ આપી હતી. સૌરાષ્ટ્ર આજે આખરી દિવસે ૧૩૧/૭થી આગળ રમતાં બીજી ઈનિંગમાં ૨૦૮માં ઓલઆઉટ થયું હતુ અને ૧૩૩ રનથી હાર્યું હતુ. અર્પિત વસાવડાએ ૧૮૯ બોલમાં ૯ ચોગ્ગા સાથે ૮૯ રન સાથે લડત આપી હતી. પાર્થ ભુતના ૨૬ અને નીલ પંડ્યાના ૬૩ બોલમાં ૯ રન હતા.

ઉત્તર પ્રદેશ અને બરોડાની મેચ ડ્રો

કાનપુર : ઉત્તર પ્રદેશ અને બરોડાની રણજી મેચ ડ્રો થઈ હતી અને પ્રથમ ઈનિંગમાં સરસાઈ મેળવનારા ઉત્તર પ્રદેશને ત્રણ અને બરોડાને એક પોઈન્ટ મળ્યો હતો. બરોડાના ૩૫૫ સામે ઉત્તર પ્રદેશે ૪૯૨ રન ખડક્યા હતા. જવાબમાં બરોડાએ બીજી ઈનિંગમાં છ વિકેટે ૧૬૯ રન કરતાં મેચ ડ્રો થઈ હતી.

મુંબઈનો સતત ચોથી મેચમાં વિજય

મુંબઈ : રેલવેએ આખરી પાંચ વિકેટ ૧૫ રનમાં ગુમાવતા મુંબઈએ રણજી મેચમાં ૧૦૬ રનથી નાટકીય વિજય મેળવ્યો હતો.મુંબઈના ૩૯૬ સામે રેલવેએ ૨૫૯ સ્કોર કર્યો હતો. મુંબઈએ બીજી ઈનિંગ ૨૩૪/૪ પર ડિક્લેર કરી હતી. ૩૭૨ના ટાર્ગેટ સામે એક તબક્કે ૨૫૦/૫નો સ્કોર ધરાવતી રેલવેની ટીમ ૨૬૫માં સમેટાઈ ગઈ હતી. મુલાનીએ ચાર, મુશીરે ત્રણ અને કોટિયને બે વિકેટ લીધી હતી.

ભારત-શ્રીલંકાની પ્રથમ વન ડે દિલ્હીં નહીં રમાય

નવી દિલ્હી, તા.૫

ભારત અને શ્રીલંકા વચ્ચે ૧૩મી ડિસેમ્બર રમાનારી શ્રેણીની પ્રથમ વન ડેની યજમાની કરવાની દિલ્હી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનને અસમર્થતા દર્શાવી છે. હવે આ મેચ વિશાખાપટ્ટનમને ફાળવવામાં આવી છે. પ્રતિકુળ વાતાવરણ અને સ્ટેડિયમમાં ચાલતા નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રેણીની બીજી વન ડે ૧૬મી ડિસેમ્બરે બેંગલુરુમા અને ત્રીજી વન ડે ૧૯મીએ અમદાવાદમાં રમાશે. આ પછી ડિસેમ્બરમાં જ અનુક્રમે ૨૨ (રાજકોટ), ૨૪ (કટક) અને ૨૭ (પૂણે)મીએ ટી-૨૦ શ્રેણી રમાશે.

પેરિસ માસ્ટર્સમાં અલકારાઝ ક્વાર્ટર ફાઈનલમાં

પેરિસ, તા.૫

પેરિસ માસ્ટર્સ ટેનિસમાં સેકન્ડ સીડ ધરાવતા અલકારાઝે ૭-૬ (૭-૪), ૬-૩થી અમેરિકાના મિક્લેસનને હરાવી આગેકૂચ કરી હતી. તેની સામેની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાંથી ઈજાના કારણે બેરેટિની ખસી ગયો હતો અને અલકારાઝ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યો હતો. યોકોવિચને હરાવનારા હિજીકાતાએ એટચેવેરીને ૨-૬, ૬-૩ ,૭-૫થી હરાવી આગેકૂચ કરી હતી. શેલ્ટને ૩-૬, ૬-૪, ૭-૬ (૭-૫)થી રિન્ડનેચને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતુ.

એક તબક્કે ભારતીય ટીમ ૩-૦થી સરસાઈ ધરાવી હતી

ભારતીય મેન્સ ફૂટબોલ ટીમે ૩-૨થી પાકિસ્તાનને હરાવ્યું

ભારત હવે ૧૧મીએ માલદિવ્સ સામે ટકરાશે

ઢાકા, તા.૫

ભારતની બીજી હરોળની પુરુષ ફૂટબોલ ટીમે ૩-૨થી પાકિસ્તાન સામે વિજય મેળવતા સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન (એસએએફ) ચેમ્પિયનશિપમાં શુભારંભ કર્યો હતો. ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે રમી રહેલી ભારતીય ટીમે એક તબક્કે ૩-૦થી સરસાઈ મેળવી લીધી હતી. પાકિસ્તાને સ્ટોપેજ ટાઈમમાં ત્રણ મિનિટના ગાળામાં બે ગોલ ફટકારતાં મેચમાં રોમાંચ જગાવવાની કોશીશ કરી હતી. ટોચના ખેલાડીઓ ન્યુઝીલેન્ડ સામેની ફ્રેન્ડલી મેચની તૈયારીમાં તેમજ આઈએસએલમા વ્યસ્ત હોવાથી ભારતે 'સાફ' ચેમ્પિયનશિપમાં બીજી હરોળની ટીમ ઉતારી છે. ભારતીય ટીમ તરફથી સુહેલ અહમદ ભાટે ૧૩મી અને ૧૯મી મિનિટે ગોલ ફટકાર્યા હતા. જ્યારે ત્રીજો ગોલ ૩૧મી મિનિટે માગ્લેન્થાંગ કિંગ્ટેને નોંધાવ્યો હતો.પાકિસ્તાન તરફથી સ્ટોપેજ ટાઈમમાં ૯૧મી મિનિટે નજીબ ઉલ્લાહે અને ૯૪મી મિનિટે આલમગીર ગાઝીએ ગોલ કર્યો હતો. ભારતે હવે ૧૧મીએ માલદિવ્સ સામે બીજી ગ્રૂપ સ્ટેજની મેચ રમશે.



ચેમ્પિયન્સ લીગમાં રિયલ મેડ્રિડ અને માન્ચેસ્ટર સિટીના વિજય : કોમોએ ૯ ગોલ ફટકાર્યા

મેડ્રિડ : ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાં ફેરેરિક વેલ્વેર્ડેના સ્ટોપેજ ટાઈમના ગોલની મદદથી રિયલ મેડ્રિડે મેચમાં બે વખત કમબેક કર્યા બાદ એટીકે એથેન્સને હરાવ્યું હતુ. કોઈટા અને પિલિઓસે એથેન્સને લીડ અપાવી તે પછી બેલિંગહામ અને એમ્બાપ્પેએ રિયલને બરોબરી પર લાવી દીધું હતુ. ઈટાલીયન ક્લબ કોમો ચેમ્પિયન્સ લીગના ઈતિહાસમાં અવે મેચમાં નવ ગોલ ફટકારનારી પ્રથમ ટીમ બની હતી. તેમણે ૯-૧થી લેન્સને હરાવ્યું હતુ. આ જીતમાં ડોયુવિકાસની હેટ્રિક સામેલ હતી. માંચેસ્ટર સિટીએ ૩-૨થી લેઈપઝિગને અને આર્સેનલે ૨-૧થી સ્લાવિયા પ્રાગને હરાવ્યું હતું.

રોનાલ્ડો ક્લબ ફૂટબોલમાં રમતો રહેશે : ૨૩ વર્ષની કારકિર્દીમાં ૯૮૫ ગોલનો રેકોર્ડ

મેસી પછી રોનાલ્ડોની આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિ : ફૂટબોલ વિશ્વમાં એક યુગનો અંત

પોર્ટુગલના વર્તમાન કોચ જોડે મતભેદ થતાં નારાજગી સાથે નિવૃત્તિ જાહેર કરી હોય તેવી શંકા

લિસ્બન, તા. ૫

વિશ્વ ફૂટબોલના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાયનો અંત આવ્યો છે. પોર્ટુગલના મહાન ફૂટબોલર અને આધુનિક યુગના સૌથી લોકપ્રિય ખેલાડીઓમાંના એક ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ૪૧ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ૨૩ વર્ષ સુધી પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમનો હિસ્સો રહ્યા બાદ હવે તેઓ દેશની ટીમની સાત નંબરની જર્સી નવી પેઢીને સોંપશે. રોનાલ્ડો ૨૩ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં વર્લ્ડરિકોર્ડ ૧૪૬ ગોલ ફટકાર્યા હતા અને તે રેકોર્ડ ૨૩૪ મેચ રમ્યો હતો. ફૂટબોલ જગતમાં વ્યક્તિગત શ્રેષ્ઠતાનું સર્વોચ્ચ સન્માન ગણાતા બેલન ડી'ઓરથી રોનાલ્ડો પાંચ વખત સનનિત થયા છે. ૨૦૦૮, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬ અને ૨૦૧૭માં તેમણે આ પુરસ્કાર જીત્યો હતો.

ક્લબ તરફથી રમશે

રોનાલ્ડો સાઉદી અરેબિયાની ક્લબ અલ નાસર તરફથી તેઓ ક્લબ ફૂટબોલ રમવાનું ચાલુ રાખશે અને કારકિર્દીના ૧,૦૦૦ ગોલના ઐતિહાસિક લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે.મેસી પછી રોનાલ્ડોની નિવૃત્તિ સાથે આંતરરાષ્ટ્રીય ફૂટબોલના એક યુગનો અંત આવ્યો તેમ પણ કહી શકાય.

૧૮ વર્ષની વયે પ્રારંભ

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો જન્મ ૫ ફેબ્રુઆરી, ૧૯૮૫ના રોજ પોર્ટુગલના મડેઈરા ટાપુના ફુન્ચલ શહેરમાં થયો હતો.



રોનાલ્ડોની સિદ્ધિ

* પુરુષ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ ૧૪૬ ગોલ.
* સૌથી વધુ ૨૩૪ આંતરરાષ્ટ્રીય મેચ.
* ૨૦૦ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર પ્રથમ પુરુષ ખેલાડી.
* યુરો સ્પર્ધાઓમાં ૧૪ ગોલ સાથે સર્વાધિક ગોલનો રેકોર્ડ.
* યુરો સ્પર્ધાની છ આવૃત્તિમાં ભાગ લેનાર પ્રથમ ખેલાડી.
* છ અલગ અલગ વર્લ્ડ કપમાં ગોલ કરનાર પ્રથમ પુરુષ ખેલાડી.

સામાન્ય પરિવારમાંથી આવતા રોનાલ્ડો માટે ફૂટબોલ માત્ર રમત નહોતી, પરંતુ જીવન બદલવાનું સ્વપ્ન હતું. ૨૦૦૩માં માત્ર ૧૮ વર્ષની ઉંમરે કઝાકિસ્તાન સામે પોર્ટુગલ તરફથી આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારથી ૨૩ વર્ષ સુધી તેમણે રાષ્ટ્રીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું.આટલા લાંબા સમય સુધી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં ટોચનું સ્થાન જાળવી રાખવું એ જ તેમની અસાધારણ ક્ષમતાનો પુરાવો છે.

૯૮૫ ગોલની સિદ્ધિ

રોનાલ્ડોની કારકિર્દીનો સૌથી પ્રભાવશાળી આંકડો તેમના ગોલનો છે. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં તેમણે ક્લબ અને રાષ્ટ્રીય ટીમ મળીને કુલ ૯૮૫ ગોલ નોંધાવ્યા છે. આ આંકડો તેમને પુરુષ ફૂટબોલના ઈતિહાસના સૌથી વધુ ગોલ કરનારા ખેલાડીઓમાં અગ્રસ્થાને રાખે છે.

રિયલ 'લેજેન્ડ'

૨૦૦૯માં માન્ચેસ્ટર યુનાઈટેડ છોડીને રિયલ મેડ્રિડ સાથે જોડાવું રોનાલ્ડોની કારકિર્દીનો નિર્ણાયક વળાંક હતો. અહીં તેમણે ૪૩૮ મેચમાં ૪૫૦ ગોલ કર્યા. એટલે કે લગભગ દરેક મેચમાં એક ગોલની સરેરાશ! રિયલ મેડ્રિડના ઈતિહાસમાં તેઓ સર્વાધિક ગોલ કરનાર ખેલાડી બન્યા. આ સમયગાળામાં તેમણે ચાર વખત ચેમ્પિયન્સ લીગનું ટાઈટલ જીત્યું. ૨૦૧૩-૧૪ની સિઝનમાં ૧૭ ગોલ કરીને એક જ ચેમ્પિયન્સ લીગ સિઝનમાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ પણ સ્થાપ્યો. ચેમ્પિયન્સ લીગમાં તેમના નામે ૧૮૩ મેચમાં ૧૪૦ ગોલ છે. આ સ્પર્ધામાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ આજે પણ તેમના નામે છે. ચેમ્પિયન્સ લીગના નોકઆઉટ રાઉન્ડમાં ૬૭ ગોલ અને સાત વખત ટોપ સ્કોરર બનવું તેમની સિદ્ધિઓનો બીજો મહત્ત્વનો ભાગ છે.

વિવાદ સર્જાયો

૨૦૨૬ના વર્લ્ડ કપમાં પોર્ટુગલની ટીમની સફર સ્પેન સામેની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ૧-૦ની હાર સાથે પૂરી થઈ હતી. ત્યાર બાદ રાષ્ટ્રીય ટીમના નવા કોચ જોર્જ જેસસ સાથેના મતભેદ અને સપ્ટેમ્બર મહિનામાં ટીમના કેમ્પમાંથી તેમની વિદાયને કારણે પણ ચર્ચા થઈ હતી. આ ઘટનાને પગલે પોર્ટુગલ ફૂટબોલ ફેડરેશને તેમના પર ૩૦ દિવસનો પ્રતિબંધ અને દંડ ફટકાર્યો હતો. આ વિવાદોની વચ્ચે પાંચ નવેમ્બરે તેમણે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી. જો કે આ નિર્ણયનો અર્થ ક્લબ ફૂટબોલમાંથી નિવૃત્તિ એવો નથી. અલ નાસર સાથેની તેમની સફર ચાલુ રહેશે.

આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સર્વાધિક ગોલ

ખેલાડી(દેશ)	મેચ	ગોલ
રોનાલ્ડો(પોર્ટુગલ)	૨૩૪	૧૪૬
મેસી(આર્જેન્ટીના)	૨૦૮	૧૨૬
અલી ડાઈ (ઈરાન)	૧૪૮	૧૦૮
લુકાકુ (બેલ્જીયમ)	૧૩૫	૯૪
લેવાન્ડોવસ્કી(પોલેન્ડ)	૧૭૦	૯૨
હેરી કેન (ઈંગ્લેન્ડ)	૧૨૫	૯૧
દાહારી (મલેશિયા)	૧૪૨	૮૯
સુનિલ છેત્રી(ભારત)	૧૪૬	૮૯
અલ મબ્ખોયુત (યુએઈ)	૧૧૩	૮૫

રોનાલ્ડો કઈ ટીમ તરફથી કેટલા ગોલ

ટીમ	ગોલ
રીયલ મેડ્રિડ	૪૫૦
પોર્ટુગલ	૧૪૬
માંચેસ્ટર યુનાઈટેડ	૧૪૫
અલનાસર	૧૩૮
યુવેન્ટસ	૧૦૧
સ્પોર્ટિંગ સીપી	૦૫
કુલ	૯૮૫

વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપ : મહિલા પિસ્તોલ ટીમને સિલ્વર

શૂટર જયપાલ માલવિયાએ સિલ્વર મેડલ જીતવા સાથે ઓલિમ્પિક ક્વોટા પણ મેળવ્યો



દોહા : ભારતના જયપાલ માલવિયાએ ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવાની સાથે ૨૦૨૮ના લોસ એંજલસ ઓલિમ્પિક માટેનો ક્વોટા પણ મેળવ્યો હતો. આ સાથે હાલમાં ચાલી રહેલી વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે પહેલા વ્યક્તિગત મેડલની સાથે પ્રથમ ઓલિમ્પિક ક્વોટા પણ મેળવ્યો હતો. ચીનના હુ કાઈએ ૨૪૩.૯ના સ્કોર સાથે ગોલ્ડ અને ભારતના જયપાલે ૨૪૨.૨ સાથે સિલ્વર મેળવ્યો હતો. અગાઉ મનુ ભાકર, સુરુચિ સિંઘ અને સંયમ વિજની ત્રિપુટીએ શાનદાર દેખાવ કરતાં દોહામાં ચાલી રહેલી વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો હતો. જોકે, ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર અને આંતરરાષ્ટ્રીય મેડલવિજેતા શૂટર સુરુચિ સિંઘનો દેખાવ વ્યક્તિગત ઈવેન્ટમાં નિરાશાજનક રહ્યો હતો. અગાઉ ભારતને મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં સિલ્વર મળ્યો હતો. જ્યારે નોન ઓલિમ્પિક ઈવેન્ટમાં પુરુષોની ૫૦ મીટર પિસ્તોલ ટીમે ગોલ્ડ જીત્યો હતો. વ્યક્તિગત ઈવેન્ટમાં મનુ ભાકર ૧૭૯.૯ના સ્કોર સાથે પાંચમા અને સુરુચિ ૧૫૮.૩ના સ્કોર સાથે છઠ્ઠા ક્રમે રહી હતી. આ ઈવેન્ટમાં ચીનની જીએંગ રેનશિન (૨૪૨.૪) ગોલ્ડ અને યાઓ કિએન શુન (૨૪૨.૧) સિલ્વર જીત્યા હતા. હંગેરીની વેરોનિકા માજોરને (૨૨૨.૧) બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. આ ત્રણેય ખેલાડીઓએ ઓલિમ્પિક ક્વોટા પણ જીત્યો હતો.

૧૮ વર્ષની વયે આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પ્રારંભ : છ વર્લ્ડ કપમાં ભાગ લઈ તમામમાં ગોલ કર્યા

જાંગુના ૧૧૧* અને વિકહામના ૬૧ રન

બાંગ્લાદેશ સામે વેસ્ટ ઈન્ડિઝના બીજી ટેસ્ટમાં ૪ વિકેટે ૨૩૫ રન

સીલ્હેટ : અમીર જાંગુના નોટઆઉટ ૧૧૧ અને ડેબ્યુ મેચમાં કેવિન વિકહામના ૬૧ રનને સહારે વેસ્ટ ઈન્ડિઝે બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં પ્રથમ દિવસની રમતના અંતે ૭૦ ઓવરમાં ચાર વિકેટે ૨૩૫ રન બનાવ્યા હતા.એક તબક્કે તેઓએ ૨૭ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. તે પછી જાંગુ (૧૧૧*)અને કારકિર્દીની પ્રથમ ટેસ્ટ રમતા વીકહામે (૬૧)૧૩૧ રનની ભાગીદારી નોંધાવી હતી.જાંગુ સાથે રમતના અંતે ગ્રીવેસ ૩૫ રને રમતમાં હતો.

કોરિયા ઓપનમાં ભારતના પડકારનો અંત

સેઉલ : કોરિયા ઓપન બેડમિંટન ટુર્નામેન્ટમાં ભારતની મહિલા ખેલાડી અનમોલ ખરબ જાપાનની યામાગુચી સામે ૧૮-૨૧, ૧૮-૨૧થી અને તન્વી શર્મા જાપાનની એકચી સામે ૧૮-૨૧, ૧૨-૨૧થી હારી ગઈ હતી. આ સાથે ટુર્નામેન્ટમાં ભારતના પડકારનો અંત આવી ગયો હતો.

ખલીલ અને એલિસ હૈદરાબાદમાં અને લિવિંગસ્ટન-એડવર્ડ્સ ચેન્નાઈમાં જોડાયા

નવી દિલ્હી,તા. ૫

આઈપીએલની ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ ફ્રેન્ચાઈઝીએ ટ્રેડ અંતર્ગત ફાસ્ટ બોલર્સ અને ઓલરાઉન્ડર્સની અદલા-બદલી કરી છે. ચેન્નાઈની ટીમમાં સામેલ ફાસ્ટ બોલર ખલીલ અહમદ અને નેથન એલિસ આગામી સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા જોવા મળશે. જ્યારે હૈદરાબાદની ટીમમાં સામેલ ઈંગ્લિશ ઓલરાઉન્ડર લિવિંગસ્ટન અને ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ ચેન્નાઈ સુપર કિંગ્સમાં સામેલ થઈ ગયા છે.

ફ્રાંસમાં વિરોધ પ્રદર્શનની મ્યુઝિક કોન્સર્ટ સાથે શરૂઆત



ફ્રાંસમાં ફરી એકવાર વિરોધ પ્રદર્શન ફાટી નીકળ્યા. મ્યુઝિક કોન્સર્ટથી શરૂ થયેલા પ્રદર્શનો સમય જતા હિંસક બન્યા. મ્યુઝિક કોન્સર્ટમાં દેશભક્તિની સાથે સાથે વિરોધને સૂર આપવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનોને ડામી દેવા માટે ૭૦,૦૦૦ પોલીસનો કાફલો ખડકવામાં આવ્યો છે. તેમ છતાં મોંઘવારી, કથળતી શિક્ષણ વ્યવસ્થાને લઈને નાગરિકોનો ગુસ્સો પોલીસના ડરથી વધુ મજબૂત જોવા મળી રહ્યો છે. શિક્ષણ વ્યવસ્થાને લઈને શરૂ થયેલું આંદોલન હવે આખા ફ્રાંસમાં ફેલાઈ ગયું છે. તેમાં પણ દર વીકેન્ડમાં વધુને વધુ નાગરિકો સરકાર વિરૂદ્ધના પ્રદર્શનોમાં સામેલ થઈ રહ્યા છે.

અગાઉથી ઘેરાયેલી ફ્રાન્સની સરકાર પર દબાણ વધ્યું

ફ્રાન્સમાં ટ્રેડ યુનિયનોનાં સભ્યો હાઈસ્કૂલ વિરોધી આંદોલનમાં જોડાયા

(પીટીઆઈ) પેરિસ, તા. ૫

ગુરૂવારે લાખો ટ્રેડ યુનિયનોનાં સભ્યોએ વધારે પગારની માંગ માટે હાઈસ્કૂલ વિરોધ આંદોલનનું સમર્થન કરવા માટે દેશવ્યાપી હડતાળ અને દેખાવોમાં ભાગ લીધો હતો. આ સાથે જ અગાઉથી જ મુશ્કેલીઓમાં ઘેરાયેલી સરકાર પર દબાણ વધી ગયું છે.

પેરિસ, લ્યોન, માર્સિલે અને અન્ય જગ્યાએ ૧૮૦થી વધુ રેલીઓ યોજાઈ, ૨.૭૦ લાખથી વધુ લોકો જોડાયા

સમગ્ર ફ્રાન્સમાં એક મહિનાથી પણ વધુ સમયથી ચાલી રહેલા દેખાવો પછી પેરિસ, લ્યોન, માર્સિલે અને અન્ય જગ્યાઓ પર ફરીથી રેલીઓ કાઢવામાં આવી હતી.

ગૃહ પ્રધાન લોરેંટ નુનેઝનાં એક નજીકનાં અધિકારીએ જણાવ્યું હતું કે બપોર સુધી રાજધાનીની બહાર ૧૮૦ રેલીઓ કાઢવામાં આવી હતી જેમાં ૨,૭૦,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. જો કે આમાંથી મોટા ભાગનાં દેખાવો શાંતિપૂર્ણ રહ્યાં હતાં.

જો કે અધિકારીઓનાં જણાવ્યા અનુસાર લ્યોન, નેનટેસ, પાઉ, ઓરલિયન્સ, રેનેસ અને ટુલુઝ જેવા શહેરોમાં હિંસા થઇ હોવાના સમાચાર મળ્યા છે. વિદ્યાર્થીઓએ આજે નવેસરથી દેખાવો કર્યા હતાં. ફ્રાન્સની ૩૩ ટકા શાળાઓ બંધ રહી હતી અથવા તેમાં કોઇ કામકાજ થઇ શક્યું ન હતું. કેટલીક જગ્યાઓ પર વિદ્યાર્થીઓએ રસ્તા રોકી લીધા હતાં. જ્યારે અન્ય સ્થળોએ શિક્ષકો હડતાળ પર હતાં.

જાહેર પરિવહન વ્યવસ્થાને પણ મોટા પાયે અસર થઇ હતી. એફિલ ટાવર પણ બંધ કરી દેવામાં આવ્યો હતો.

નુનેઝે જણાવ્યું હતું કે ૭૦,૦૦૦ પોલીસ અધિકારીઓ તેનાત કરવામાં આવ્યા છે. ફ્રાન્સનાં અગ્રણી યુનિયનોએ ચેતવણી આપી છે કે દેશ મંદીનાં આરે છે અને છટણીની યોજનાઓ વધી રહી છે.

તેમણે જણાવ્યું છે કે ઇંધણ, ખાદ્ય ઉત્પાદનો, ભાડું, ગેસ, વીજળી સહિતની વસ્તુઓનાં ભાવ વધી રહ્યાં છે. જેની સામે પગાર અને પેન્શનની રકમ વધી રહી નથી.

ભારતે ગુયાનાને ૫૦ કરોડ ડોલરના ધિરાણની મુદત લંબાવી

(પીટીઆઈ) સેન્ટજોન્સ,તા.૫

ભારતીય વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકર અને ગુયાનાના રાષ્ટ્રપતિ ડો. મહમદ ઈરફાન અલી વચ્ચે 'ચોગમ' ની બેઠક ટાણે એન્ટિગુઆ તથા બારબુડામાં થયેલી મીટિંગમાં ભારતે ગુયાનાને એના માર્ગ, આરોગ્ય તથા સંરક્ષણ પ્રોજેક્ટો માટે કરેલા ૫૦ કરોડ અમેરિકી ડોલરના ધીરાણની મુદત લંબાવી આપી છે.

'ચોગમ' (કોમનવેલ્થ હેડસ ઓફ ગવર્નમેન્ટ મીટિંગ) ની બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે મંગળવારે અત્રે આવેલા એસ. જયશંકરે, બુધવારે ગુયાનાના રાષ્ટ્રપતિ ડો. ઈરફાન અલી સાથે બેઠક યોજી હતી.

મણિપુરમાં વંશીય સંઘર્ષ અને એસઓઓ રદ કરવા જનરેલી યોજાઈ

(પીટીઆઈ) ઈમ્ફાલ, તા. ૫

મણિપુરના ઉખરુલ જિલ્લામાં ગુરૂવારે મોટી સંખ્યામાં ઉમટેલા લોકોએ એક રેલી કાઢી હતી. તેઓએ રાજ્યમાં ચાલી રહેલા વંશીય સંઘર્ષનો અંત લાવવા, ઉગ્રવાદી સંગઠનો સાથેનો સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ કરાર રદ કરવા અને નાયબ મુખ્યમંત્રી નેમચા કિપજેનને પદ પરથી દૂર કરવાની માંગ કરવામાં આવી હતી. યુનાઈટેડ નાગા કાઉન્સિલના નેજા હેઠળ તંગખુલ નાગા લોંગ અને અન્ય તંગખુલ સંગઠનો દ્વારા ઉખરુલ જિલ્લાના હેડક્વાર્ટર ખાતે કાઢવામાં આવેલી જનરેલીમાં મહિલાઓ અને વડીલો એ પ્રદર્શનમાં પ્લેકાર્ડ્સ લહેરાવ્યાં હતાં. તેઓની મુખ્ય માંગણી એસઓઓ કરાર રદ કરવા, કુકી ઉગ્રવાદીઓને આતંકવાદી જાહેર કરવા તેમજ કિપજેન કુકી સમુદાયમાંથી આવેલ નેમચા કિપજેનને નાયબ મુખ્યમંત્રી પદેથી હટાવવાની સાથે મણિપુરની રાજકીય કટોકટીનો ઉકેલ લાવવા, નાગા પ્રભાવી વિસ્તારોમાંથી આસામ રાઈફલ્સને હટાવવા, તેમજ રાજ્યમાં ચાલી રહેલ પ્રોક્સી વોર બંધ કરાવવા જેવી માગ કરી રહ્યાં છે. એસઓઓ કરાર એ કેન્દ્ર સરકાર, મણિપુર સરકાર અને કુકી તેમજ ઝોમી સમુદાયના ડઝનબંધ ઉગ્રવાદી સંગઠનો વચ્ચે થયેલ ત્રિપક્ષીય કરાર છે.

સતત ચોથા દિવસે દિલ્હીમાં હવાની ગુણવત્તા ૩૬૯ના જોખમી સ્તરે

દિલ્હી-એનસીઆરની હવાને પાક.થી આવતા ધુમાડાએ ઝેરી બનાવી

નવી દિલ્હી, તા. ૫

દિલ્હીમાં દિવાળી પછી હવાની ગુણવત્તા ખરાબ થતી હોય છે, પરંતુ આ વર્ષે દિવાળી પહેલાં જ હવા ઝેરીલી બની ચૂકી છે. સતત ચોથા દિવસે દિલ્હીમાં હવાને પ્રદૂષણ માઝા મૂકી છે. દિલ્હીના અમુક વિસ્તારોમાં એક્યૂઆઈ ઈન્ડેક્ષ ૪૫૦ને પાર પહોંચી ગયો હતો. મોટાભાગના વિસ્તારોમાં હવાની ગુણવત્તા કથળી ગઈ હતી અને ખરાબ, અતિ ખરાબના લેવલે પહોંચી ગઈ હતી. દરમિયાન સેટેલાઈટ તસવીરોના આધારે થયેલો ખુલાસો વધારે ચિંતાજનક છે.

પાક.ના પંજાબમાં હરિયાણા-પંજાબથી ચાર ગણી વધુ પરાળી બાળવામાં આવતી હોવાનો સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો

પાકિસ્તાની મીડિયામાં નાસાની સેટેલાઈટ તસવીરોને ટાંકીને અહેવાલો રજૂ થયા હતા. એ પ્રમાણે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ખેડૂતો મોટાપાયે પરાળી બાળતા હોવાથી તેનો ધુમાડો ભારત સુધી પહોંચે છે. ૧લી ઓક્ટોબરથી ૨૯મી ઓક્ટોબર સુધીના ડેટાના આધારે કહેવાયું કે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પરાળી બાળવાની ૧૩,૨૪૧ ઘટના બની હતી. તેની સરખામણીએ ભારતના પંજાબમાં આવી પરાળી બાળવાની ઘટનાઓ ૩૧૫૮ હતી. ભારતની સરખામણીએ પાકિસ્તાનમાં આવી ઘટનાઓ ૪.૨ ગણી વધારે છે. પરાળી બાળવાની ઘટનાઓના કારણે લાહોરનો એક્યૂઆઈ ૫૦૦ પહોંચી ગયો હતો અને તે દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું હતું.

વાત આટલેથી અટકતી નથી. પંજાબ-હરિયાણાના ખેડૂતોથી અનેક ઘણી પરાળી પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બળાતી હોવાથી તેનો ધુમાડો ભારતમાં આવે છે અને દિલ્હી-એનસીઆરના પ્રદૂષણમાં તેની અસર થાય છે. કારણ કે ઉત્તર-પશ્ચિમની હવાઓ આ ધુમાડાને આ વર્ષે ભારત તરફ લાવે છે. દિલ્હીમાં છેલ્લાં ચાર દિવસથી હવાની ગુણવત્તા હદ બહાર ખરાબ થઈ ચૂકી છે. દિલ્હીની એર ક્વોલિટી બેહદ ખરાબ કેટેગરીમાં મૂકવામાં આવી છે. કારણ કે દિલ્હીનો સરેરાશ એક્યૂઆઈ ૩૬૯ છે.

કેન્દ્રની સાઈબર સિક્યોરિટી એજન્સીની ચેતવણી

યુઝર્સ સાવધાનઃ એન્ડ્રોઈડ ૧૪થી ૧૭ સુધીના સ્માર્ટફોનમાં હેકિંગનું જોખમ

નવી દિલ્હી, તા. ૫

કેન્દ્ર સરકારની સાઈબર સિક્યોરિટી એજન્સી સર્ટ-ઈને એક નોટિફિકેશનમાં એન્ડ્રોઈડ યુઝર્સને સાવધાન રહેવાની સલાહ આપી છે. કેન્દ્રીય સાઈબર સિક્યોરિટી એજન્સીના ધ્યાનમાં એન્ડ્રોઈડના વર્ઝનમાં સુરક્ષાને લગતી ગંભીર ખામીઓ જણાઈ છે. દેશના કરોડો યુઝર્સ સામે હેકિંગનો ખતરો મંડરાઈ રહ્યો છે. એજન્સીએ ચેતવણી આપી છે તે પ્રમાણે તો ભારતમાં ચાલતા તમામ એન્ડ્રોઈડ ફોન પર જોખમ છે.

ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ્રોઈડમાં ઘણી ખામી જણાઈ : સરકારી એજન્સીએ ૧૪થી ૧૭ના વર્ઝનને ક્રિટિકલ રેટિંગ આપ્યું

મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ્રોઈડથી ચાલતા ફોનનો આંકડો દેશમાં ૯૪ ટકા જેટલો ઊંચો છે. મોટાભાગના લોકો એન્ડ્રોઈડથી ચાલતા ફોનનો વપરાશ કરે છે. આવી સ્થિતિ વચ્ચે કેન્દ્રીય સાઈબર સુરક્ષા એજન્સી સર્ટ-ઈને ચિંતાજનક નોટિફિકેશન આપ્યું છે. એન્ડ્રોઈડના ૧૪થી ૧૭ સુધીના તમામ વર્ઝન્સમાં સુરક્ષાને લગતી ખામી સામે આવી છે. તેનો ગેરલાભ લઈને હેકર્સ સ્માર્ટફોન યુઝર્સને ટાર્ગેટ કરી શકે છે. દેશમાં અત્યારે મોટાભાગના ફોન્સ અથવા કહો કે લગભગ બધા જ ફોન્સ ૧૪થી ૧૭ના એન્ડ્રોઈડ વર્ઝનથી ચાલે છે.

એન્ડ્રોઈડ-૧૭ વર્ઝન તો આ વર્ષે જૂનમાં જ લોંચ થયું હતું. ૨૦૨૩માં એન્ડ્રોઈડ-૧૪ વર્ઝન આવ્યું હતું. એ રીતે જોવા જઈએ તો છેલ્લાં ચાર વર્ષમાં ખરીદાયેલા તમામ સ્માર્ટફોન યુઝર્સ પર હેકિંગનું જોખમ છે.

એજન્સીના કહેવા પ્રમાણે હેકર્સ ફોનને જુદી જુદી રીતે પ્રભાવિત કરી શકે છે. આખેઆખા ફોન પર કંટ્રોલ મેળવવાથી લઈને કોઈ રીતે માલવેર ઘૂસાડીને પણ ડેટા ચોરી શકે છે. ઉલ્લેખનીય છે કે ગૂગલે થોડા દિવસ પહેલાં જ એન્ડ્રોઈડમાં ખામી હોવાનું એલર્ટ આપ્યું હતું. ગૂગલે તો ત્યાં સુધી કહેલું કે એન્ડ્રોઈડમાં જે ખામી છે તેના કારણે હેકર્સને યુઝર્સની પરવાનગીની કે એક્શનની જરૂર પડે તેમ નથી. એ સીધો જ ફોનનો કંટ્રોલ મેળવી શકે છે. સર્ટ-ઈને ભલામણ કરી હતી કે જો મોબાઈલમાં અપડેટ બતાવતું હોય તો વિલંબ કર્યા વગર તુરંત ફોન અપડેટ કરી દેવો જોઈએ. મોબાઈલ કંપનીએ આ ભૂલ સુધારીને નવા સુરક્ષા ફીચર્સ ઉમેર્યા છે એટલે ફોનમાં સલામતી વધી જાય છે. જો તમારા ફોનમાં ૧-૧૦-૨૦૨૬ પછીનું સિક્યુરિટી પેચ લેવલ હોય તો ભલે તમારો ફોન એન્ડ્રોઈડના કોઈ પણ વર્ઝનથી ચાલતો હશે, છતાં સલામત છે.

ગુયેનાના પ્રવાસી પાસેથી ૫ કરોડની ૭૦ ડ્રગ કેપ્સ્યુલ જપ્ત

(પીટીઆઈ) નવીદિલ્હી,તા.૫

અત્રેના એરપોર્ટ પરના કસ્ટમ્સ અધિકારીઓએ ગુયેનાના એક પ્રવાસીના શરીરમાંથી શંકાસ્પદ કેફી પદાર્થ ધરાવતી ૧૦૬૮ ગ્રામ વજનની ૭૦ કેપ્સ્યુલો જપ્ત કરી પ્રવાસીને અટક કર્યો છે. આ કેપ્સ્યુલોની અંદાજિત બજાર કિંમત પાંચ કરોડ છે. પૂર્વ-માહિતીના આધારે અત્રેના ઈંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ-૩ પરના કસ્ટમ્સ અધિકારીઓએ ૨૮ ઓકટોબરે કોનાક્રિથી અડિસ અબાબા (ઈથિયોપિયા) થઈને આવેલા એક પ્રવાસીને રોક્યો હતો.

એરપોર્ટ પરની ગ્રીન ચેનલ ખાતે એની બેગોનું એકસ-રે સ્ક્રીનિંગ કરાયું હતું. એ પછીની તપાસ દરમિયાન પ્રવાસીએ પોતે પોતાના શરીરમાં કેફી પદાર્થો છૂપાવ્યા હોવાનું જણાવ્યું હતું.

કોર્ટના આદેશ મુજબ પ્રવાસીને સફદરજંગ હોસ્પિટલમાં મેડિકલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો હતો. એના શરીરમાં પારદર્શક પ્લાસ્ટિકમાં વીંટાયેલી અને સફેદ પાવડર જેવો પદાર્થ ધરાવતી. અંડાકાર ૭૦ કેપ્સ્યુલો જણાઈ આવી હતી, જેને જપ્ત કરવામાં આવી હતી. પ્રવાસીના શરીરમાં પહેલા ૩૬, જ્યારે પછી વધુ ૩૪ કેપ્સ્યુલ જણાઈ હતી, જેનું કુલ વજન ૧.૦૬ કિલોગ્રામ હતું. કેપ્સ્યુલોમાં કોકેઈન પદાર્થયુક્ત પાવડર હોવાનું પ્રાથમિક પરીક્ષણમાં જણાયું હતું. પ્રવાસીને હોસ્પિટલમાંથી રજા અપાતા તિહાર જેલમાં મોકલી અપાશે, એમ અધિકારીએ જણાવ્યું.

Celebrate Diwali
Khanvel RESORT SILVASSA
Ideal Place For Marriages, Conferences & Relaxation
sales@khanvelresort.com
www.khanvelresort.com

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT
No.EDN. 124/2026/41 Dated Shillong, the 3rd November, 2026

CONTINUATION NOTICE

Subject: Extension of last date for submission of student details for the conduct of examinations for CMJ University, Meghalaya

In continuation of the Public Notice issued by the Education Department vide No.EDN.124/2026/29, dated 30th September, 2026, it is hereby notified for general information of all presently enrolled Diploma, Undergraduate, and Postgraduate students of CMJ University that the last date for submitting personal and academic details via the designated Google Form has been extended.

The online form link: https://forms.gle/3aMvMVWX2DxnNSzv5 will now remain active to accept responses until 1st December, 2026.

All eligible students who have not yet registered are strongly advised to complete the submission within this extended window. Failure to do so will hinder the examination process, as these details are mandatory for arranging examinations under external agencies / third-party institutions supervised by the State Education Department.

Sd/-
Administrator, CMJ University, Meghalaya
& Joint Secretary to the Govt. of Meghalaya
Education Department
MPR No.: 1989
Dated: 03-11-2026

જાહેર સૂચના

દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
સ્વ. કુમુદ નિરંજન યાજ્ઞિક

જાહેર જનતા માટે સાવચેતીની જાહેર સૂચના

Dudhsagar Research And Development Association
Online Tender Notice
Tender ID: 361949
For further details refer our website https://www.dudhsagardairy.coop/tenders/ and on E-Tender Website: https://tender.nprocure.com/
Date: 06.11.2026 Hon. Secretary

જાહેર નોટીસ
અમદાવાદ ખાતે ની શહેર દિવાની અદાલતમાં (સિટી સિવિલ કોર્ટ)

ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોષ્ટકમાં દર્શાવેલ વિગતની જાહેરાતો માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જાહેરાત ક્રમાંક	ઓનલાઈન અરજી	
		શરૂ થવાની તારીખ-સમય	પૂર્ણ થવાની તારીખ-સમય
૧	૬૦/૨૦૨૬-૨૭ થી ૬૫/૨૦૨૬-૨૭	૦૬/૧૧/૨૦૨૬ (બપોરનાં ૧૩:૦૦ કલાક)	૨૦/૧૧/૨૦૨૬ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક)

સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.
તારીખ: ૦૫-૧૧-૨૦૨૬
follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in

उत्तर पश्चिम रेलवे

દેશ-દુનિયા

૧૮૪ વર્ષથી દર્શકોને મંત્રમુગ્ધ કરી રહેલી કહાણી જિઝેલ



પ્રેમ, વિશ્વાસઘાત અને માફીની કહાણી રજૂ કરતી વિશ્વપ્રસિદ્ધ બેલે 'જિઝેલ'ની તાજેતરમાં ચીનની શાંઘાઈ બેલે કંપનીએ ન્યૂયોર્કમાં રજૂઆત કરી હતી. ૧૮૪૧માં પ્રથમ વખત મંચ પર રજૂ થયેલ બેલે આજે પણ દર્શકોમાં લોકપ્રિય છે.કેવી રીતે થઈ શરૂઆત?જિઝેલની શરૂઆત ફ્રાન્સના પેરિસમાં થઈ હતી. લેખક અને કવિ થિયોફિલ ગોટિયરને જર્મન લેખક હેનરિખ હાઈનની એક લોકકથામાંથી આ બેલેનો વિચાર આવ્યો હતો. એડોલ્ફ એડમે તેનું મ્યુઝિક તૈયાર કર્યું હતું. ૨૮ જૂન, ૧૮૪૧ના રોજ પેરિસમાં તેનું પ્રથમ મંચન થયું હતું. તેમાં કાર્લોટા ગ્રિસીએ જિઝેલની મુખ્ય ભૂમિકા ભજવી હતી.જિઝેલની કહાણી શું છે ? જર્મનીના એક ગામમાં રહેતી જિઝેલ નામની યુવતી આલ્બ્રેખ્ટ નામના યુવકના પ્રેમમાં પડે છે. જોકે, આલ્બ્રેખ્ટ પોતાની સાચી ઓળખ છુપાવીને જિઝેલ સાથે પ્રેમનું નાટક કરતો હોય છે. હકીકતમાં તે એક શ્રીમંત પરિવારનો યુવક હોય છે અને તેની સગાઈ બીજી યુવતી સાથે થઈ ચૂકી હોય છે. આ સત્ય જાણીને જિઝેલને મોટો આઘાત લાગે છે અને તેનું મૃત્યુ થાય છે. વાર્તાના બીજા ભાગમાં જિઝેલનું મૃત્યુ પછીનું જીવન દર્શાવવામાં આવ્યું છે. તે વિલિસ નામની યુવતીઓની આત્માઓ સાથે જોડાય છે. આ આત્માઓ રાત્રે પુરુષોને નૃત્ય કરવા મજબૂર કરે છે, જેથી થાકીને તેમનું મૃત્યુ થાય. જોકે, જિઝેલ પોતાના પ્રેમી આલ્બ્રેખ્ટને આ ભયાનક અંતથી બચાવે છે. આ બેલેની ખાસિયત એ છે કે તેમાં સંવાદો વગર માત્ર નૃત્ય, ચહેરાના હાવભાવ અને સંગીત દ્વારા આખી વાર્તા રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને વ્હાઈટ કપડામાં સજ્જ વિલિસનું નૃત્ય આ બેલેનું મુખ્ય આકર્ષણ છે. પ્રેમ, પસ્તાવો અને માફીનો સંદેશ આપતી જિઝેલ આજે પણ વિશ્વની જાણીતી ક્લાસિકલ બેલે કૃતિઓમાંની એક છે.

પહેલીવાર રજનીકાન્ત સાથે સ્ક્રીન શેર કરશે

રજનીકાન્તની ધર્મન ફિલ્મમાં શ્રીલીલાની પણ એન્ટ્રી થઈ

મુંબઈ, તા. ૫

૭૫ વર્ષની વયે જેલર ટુ જેવી સુપરહીટ ફિલ્મ આપનારાં રજનીકાન્તની નવી ફિલ્મમાં ૨૫ વર્ષની ફૂટડી હિરોઈન શ્રીલીલાની એન્ટ્રી થઈ છે. કમલ હાસનના પ્રોડક્શન હાઉસ રાજકમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ દ્વારા એક વીડિયો જારી કરી શ્રીલીલાનું ફિલ્મમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.



રજનીકાન્તની આગામી ફિલ્મ 'ધર્મન'નું નિર્દેશન અશ્વથ મારિમુથુ કરી રહ્યા છે જેમણે ડ્રેગન નામની ફિલ્મ બનાવી છે. ફિલ્મમાં રજનીકાન્ત ઉપરાંત સિમરન, નયનતારા, યોગી બાબુ અને રાશિ ખન્ના પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

ફિલ્મમાં સિમરન, નયનતારા અને રાશિ ખન્ના મહત્વની ભૂમિકાઓમાં

જાહ્નવી, લક્ષ્યની લગ જા ગલેના શૂટિંગની તસવીરો લીક થઈ


'લગ જા ગલે' ફિલ્મના શૂટિંગ દરમ્યાન ઝડપવામાં આવેલી એક તસવીરમાં લક્ષ્ય અને જાહ્નવી કપૂર એકસાથે દેખાતાં આ તસવીર વાઈરલ બની ગઈ છે. આ ફિલ્મમાં ટાઈગર શ્રોફ, જાહ્નવી કપૂર અને લક્ષ્યની ત્રિપુટી એકસાથે જોવા મળશે. ટાઈગર આ ફિલ્મનો મુખ્ય હિરો છે. પરંતુ, લીક થયેલી તસવીરમાં તે દેખાતો નથી. આથી, તે ગોળીબારની ઘટના બાદ હજુ સેટ પર હાજર નહીં થયો હોવાનું મનાય છે. ટાઈગર પર ફાયરિંગ થયા પછી તેની આ ફિલ્મ વધારે ચર્ચામાં છે. 'લગ જા ગલે' ફિલ્મને ૧૪ મે ૨૦૨૭માં થિયેટર્સમાં રિલિઝ કરવાનું આયોજન છે. ફિલ્મમાં તબુ તથા વિદ્યુત જામવાલની પણ મહત્વની ભૂમિકાઓ હોવાનું મનાય છે.

ડોકટરોનાં નકારાત્મક ચિત્રણનો વાંધો લેવાયો હતો

સની દેઓલની ફિલ્મ સૂર્યા સામેની પીઆઈએલ હાઈકોર્ટે ફગાવી

મુંબઈ, તા. ૫

દિલ્હી હાઈકોર્ટે સની દેઓલની ફિલ્મ 'સૂર્યાઃ અંત સે આરંભ તક'ની રજૂઆત સામે કરવામાં આવેલી જનહિતની અરજીને નકારી કાઢતાં આ ફિલ્મ ૨૦ નવેમ્બરે થિયેટર્સમાં રીલિઝ થવા આડેનો અંતરાય હટી ગયો છે.



આ ફિલ્મમાં ડોકટરોનાં નકારાત્મક ચિત્રણ સામે વાંધો લેવાયો હતો.

હાઈકોર્ટના ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે સિંગલ જજ સામે અન્ય એક રીટ પિટિશનમાં આ જ મુદ્દો ઉભો કરવામાં આવેલો હોઈ કોર્ટ આ જનહિતની અરજી નકારે છે.

અદાલતે અરજદારોને સિંગલ જજ સામે કરવામાં આવેલી રીટ પિટિશનમાં જોડાવાની અથવા અન્ય ઓથોરિટી સામે રજૂઆત કરવા જણાવ્યું હતું.

સેન્સર બોર્ડના વકીલે જણાવ્યું હતું કે આ ફિલ્મને હજી પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું નથી અને આ ફિલ્મ ઓરિજિનલ નથી પણ તે દક્ષિણની એક ફિલ્મની રીમેક છે જે પ્રદર્શિત થઈ ચૂકી છે.

અલગ અરજી કરવાને બદલે આવી બીજી રીટમાં જોડાઈ જવા અરજદારોને હાઈકોર્ટની સલાહ

ચીન નારાજ ન થાય તે માટે ફિલ્મને અટકાવાઈ હતી

સલમાનની માતૃભૂમિના ટ્રેલરને સેન્સર બોર્ડની મંજૂરી મળી

મુંબઈ, તા. ૫

સલમાનખાનની ફિલ્મ માતૃભૂમિના પોણા પાંચ મિનિટના ટ્રેલરને બુધવારે સેન્સરબોર્ડે પાસ કરી દીધું છે જોકે, ફિલ્મને સેન્સર બોર્ડની મંજૂરી મળવાની બાકી છે.



ગલવાન વેલીનાં યુદ્ધ પરની આ ફિલ્મથી ચીન સાથેના સંબંધો ખરાબ ન થાય તે માટે ફિલ્મને મહિનાઓથી અટકાવી રખાઈ છે અને તેમાં મૂળ વાર્તા સહિત કેટલીય બાબતોના ફેરફાર પણ કરવા માંડ્યા છે.

આટલા સમયમાં પહેલીવાર આ ફિલ્મ માટે કોઈ સારા સમાચાર આવ્યા છે અને હવે ટ્રેલર પાસ થતાં સમગ્ર ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ મળવાની પણ આશા ઊભી થતાં નિર્માતાઓએ રીલિઝની તૈયારી આદરી છે.

મહિનાઓથી ઠેલાયા કરતી ફિલ્મને તેર નવેમ્બરે રીલિઝ કરવાની તૈયારી કરાઈ હતી પણ હવે સેન્સરનું પ્રમાણપત્ર મોડું મળે તેમ હોઈ ફિલ્મ ૨૦ નવેમ્બરે રિલિઝ કરવામાં આવશે તેમ મનાય છે.

ફિલ્મને ટૂંક સમયમાં રીલિઝ કરવા તૈયારીઓ શરૂ થઈ હોવાની ચર્ચા

ફ્રાંસમાં મરચાથી ઘર સજાવવાની અનોખી પરંપરા



દિવાળીનો તહેવાર આવતાની સાથે બધાના ઘરમાં સફાઈ થવા લાગે છે. ઘણાના ઘર આખું વર્ષ જેટલા ચોખ્ખા નહોતા લાગ્યા તેટલા તહેવારના દિવસોમાં જોવા મળે છે. બેસતા વર્ષના દિવસે ઘરમાં આસોપાલવનું તોરણ મોટાભાગ દરેક ઘરની શોભા વધારે. ત્યારે સવાલ થાય કે, વિશ્વના અન્ય દેશોમાં આવી કોઈ પરંપરા ખરી? ત્યારે, ફ્રાંસના એસ્પેલેટ ગામની યાદ આવે. આ ગામ તેના ખાસ પ્રકારના લાલ મરચા માટે જાણીતું છે. એસ્પેલેટમાં મરચાંની ખેતી માત્ર સ્થાનિક ખેડૂતોની આવકનું સાધન નથી, પરંતુ ઓળખનો પણ મહત્ત્વનો ભાગ છે. લણણી બાદ મરચાંને ઘરોની બહાર દીવાલો પર દોરીથી લટકાવીને સૂકવવાની પરંપરા છે. આ લાલ મરચાં ઘરોને પણ આગવી ઓળખ આપે છે. આ વર્ષે દુષ્કાળ બાદ પણ સ્થાનિકોએ પરંપરાને ટકાવી રાખી હતી. લાલ મરચાથી ઘરને સજાવ્યા હતા.

આ ચૂંટણી અમેરિકી લોકશાહી વ્યવસ્થાને લાગેલો શ્રાપ કહેવાય છે : ઓબામાને સૌથી વધુ નુકસાન થયું હતું

મિડટર્મ કર્સ : ૨૧માંથી ૧૯ ચૂંટણીમાં સત્તાધારી પ્રમુખ હાર્યા છે

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં અને સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. લોકશાહીમાં મીડટર્મ ઈલેક્શનને મિડટર્મ કર્સ એટલે કે રાષ્ટ્રપતિઓ માટે શ્રાપ કહેવામાં આવે છે. અમેરિકામાં તેનો લાંબો અને દાયકાઓ જૂનો કાળો ઈતિહાસ છે. જાણકારોના મતે અમેરિકાની તાજેતરમાં પણ જે પરિણામ આવ્યું તે શ્રાપના કારણે જ આવ્યું તેવું ચારેકોર ચર્ચાઈ રહ્યું છે. ખાસ વાત એ છે કે, અમેરિકી ચૂંટણીઓના ઈતિહાસમાં ૧૯૪૨થી આવું થતું આવ્યું છે.

૧૯૪૨માં ફ્રેન્કલિન રૂઝવેલ્ટ સત્તા ઉપર હતા ત્યારે મિડટર્મમાં તેમની પાર્ટીને ૪૫ બેઠકો ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યારથી શરૂ થયેલો આ શ્રાપ માત્ર બે અમેરિકી પ્રમુખોને જ અસર કરી શક્યો નથી. બાકી છેલ્લાં ૮૪ વર્ષના અમેરિકી ઈતિહાસમાં દરેક મિડટર્મ ચૂંટણીઓ સત્તાધારી પક્ષ અને પ્રમુખને નડી જ છે. તેમાંય સૌથી વધારે અસર અમેરિકાના ૨૦૧૦માં ચૂંટાયેલા સૌથી લોકપ્રિય રાષ્ટ્ર પ્રમુખ બરાક ઓબામાને થઈ હતી. તે વખતે થયેલી મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સે ૬૩ બેઠકો ગુમાવી હતી. ૨૦૦૬માં જ્યોર્જ ડબ્લ્યૂ બુશના બીજા કાર્યકાળમાં મિડટર્મમાં રિપબ્લિકનને ૩૦ બેઠકો ગુમાવવાની આવી હતી. તેવી જ રીતે ડોનાલ્ડ ટ્રમ્પના જ પોતાના પહેલા કાર્યકાળમાં ૨૦૧૮માં રિપબ્લિકને ૪૧ બેઠકો ગુમાવી હતી. બિલ ક્લિન્ટનની બીજા અને જ્યોર્જ ડબ્લ્યૂ બુશના પહેલા કાર્યકાળમાં મિડટર્મ ઈલેક્શનમાં સત્તાધારી પક્ષને નજીવો ફાયદો થયો હતો.

સમજવા જેવી બાબત એ છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિનો કાર્યકાળ ૪ વર્ષનો હોય છે. આ કાર્યકાળના બરાબર મધ્યમાં યોજાતી સંસદીય ચૂંટણીને મિડટર્મ ઈલેક્શન કહેવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકી કોંગ્રેસ એટલે કે સંસદનું કામ માત્ર કાયદા બનાવવા પૂરતું જ નથી, પરંતુ સરકારની દેખરેખ રાખવાનું પણ છે. તેને કોંગ્રેશનલ ઓવરસાઈટ પણ કહેવામાં આવે છે. ચૂંટણી પહેલાં રિપબ્લિકન્સ પાસે હાઉસ અને સેનેટમાં બહુમતી હતી. આ જ ટ્રમ્પની સૌથી મોટી તાકાત હતી. તેઓ પોતાની મરજી મુજબ કાયદા પસાર કરાવતા, યોજનાઓ અને નિર્ણયો માટે બજેટ મંજૂર કરાવતા અને કડક સવાલો વિના સરકાર ચલાવી રહ્યા હતા. હવે હાઉસ અને સેનેટ બંને વિપક્ષી ડેમોક્રેટ્સના હાથમાં જતા દેખાઈ રહ્યા છે.

જાણકારોના મતે કોંગ્રેસ, સેનેટ બંને ગૃહોમાં રિપબ્લિકન્સ પાસેથી બેઠકો ઘટી ગઈ અને ડેમોક્રેટ્સ પાસે વધી ગઈ. તેના કારણે ટ્રમ્પના પ્રમુખપદને અસર નહીં થાય પણ તેમની પાસે રહેલી કેટલીક મહત્ત્વની તાકાત તેમની પાસેથી છીનવાઈ જશે અથવા તો તેના ઉપર લગામ આવશે. સૌથી પહેલાં તો તેમની સમન્સ અને તપાસ કરવાની તાકાત ઘટશે. ટ્રમ્પના કામકાજ પર દેખરેખ વધશે. કારણ કે હાઉસની ઓવરસાઈટ, જ્યુડિશિયરી, ઈન્ટેલિજન્સ અને ફાઈનાન્શિયલ સર્વિસિસ જેવી સમિતિઓના અધ્યક્ષ ડેમોક્રેટ્સ બનશે. તેઓ ટ્રમ્પના નજીકના લોકો અને સરકારી અધિકારીઓ સાથે સંબંધિત તપાસ શરૂ કરી શકે છે. કોઈને પણ કાનૂની સમન્સ મોકલીને હાજર થવા અને પુરાવા રજૂ કરવા માટે ફરજ પાડી શકે છે.

આ ઉપરાંત સરકારી ખજાના પર નિયંત્રણ આવશે. અમેરિકામાં બજેટ અથવા કર સંબંધિત પ્રસ્તાવો પસાર કરવાનો અધિકાર હાઉસ પાસે છે. આવી સ્થિતિમાં ટ્રમ્પ અને ડેમોક્રેટ્સ વચ્ચે સરકારી ખર્ચને લઈને ખેંચતાણ વધી શકે છે. સરકારી કામકાજ ઠપ્પ પડી શકે છે. હવે જો ટ્રમ્પ વધારે આડોડાઈ કરશે તો અમેરિકન અર્થતંત્રમાં મોટી કાઈસિસ પણ સર્જાઈ શકે તેમ છે.

ત્રીજી અને અત્યંત મહત્ત્વની બાબત છે કે, ટ્રમ્પની મનપસંદ નિમણૂંકો કરવાની સત્તા ઉપર લગામ આવી જશે. સેનેટ જ નવા ન્યાયાધીશો, કેબિનેટ મંત્રીઓ અને અન્ય અધિકારીઓની નિમણૂંકોને મંજૂરી આપે છે.

હવે સેનેટમાં ડેમોક્રેટ્સની બહુમતી જણાઈ રહી છે. તેના કારણે ટ્રમ્પની મનપસંદ નિમણૂંકો પર બ્રેક લાગી શકે છે. જોકે અમેરિકામાં રાષ્ટ્રપતિની સત્તાઓ બંધારણમાંથી આવે છે, માત્ર કોંગ્રેસમાં બહુમતીથી નહીં. આવી સ્થિતિમાં ટ્રમ્પની કેટલીક સત્તાઓ ચોક્કસપણે ઓછી થશે, પરંતુ ઘણી સત્તાઓ યથાવત રહેશે. જેમ કે- એક્ઝિક્યુટિવ ઓર્ડર જાહેર કરવા, કોંગ્રેસના કોઈપણ બિલ પર વીટો કરવા, વિદેશ નીતિ અને સૈન્ય કાર્યવાહી અંગે નિર્ણયો લેવા. ટ્રમ્પના વીટોને રદ કરવા માટે બંને ગૃહોમાં બે તૃતીયાંશ મત જરૂરી છે, જે હાલની પરિસ્થિતિમાં મુશ્કેલ છે.

અમેરિકી રાજકારણના જાણકારોમાં ચર્ચા છે કે, મિડટર્મ ઈલેક્શનના જે પરિણામો આવ્યા બાબત છે કે, ટ્રમ્પની મનપસંદ તેની અસર અમેરિકી સરકાર, અમેરિકી તંત્રની સાથે સાથે ટ્રમ્પના પરિવાર ઉપર પણ વધારે પડશે. લોકમુખે ચર્ચા છે કે, ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ દ્વારા એપસ્ટીન ફાઈલો જાહેર કરવામાં થઈ રહેલા વિલંબ અને તેમાં કરવામાં આવી રહેલી લાલીયાવાડી અંગે એટર્ની જનરલ ટોડ બ્લાંશ પાસેથી જવાબ માગવામાં આવી શકે છે.

રાજધાની વૉશિંગ્ટન ડીસીના કાયાપલટને લઈને પણ તપાસ થઈ શકે છે. આ સિવાય ૯૦૦ મિલિયન ડૉલરથી વધુના વ્હાઈટ હાઉસ બ્યુટિફિકેશન પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલા સરકારી બજેટ અને પ્રાઈવેટ ડાન્ત્નેશનનું ઑડિટ માગવામાં આવી શકે છે. તેવી જ રીતે હવે ટ્રમ્પના કારોબાર અને પરિવાર પર સકંજો કસવાની વાત ચર્ચાય છે. ખાસ કરીને ૨૦૨૫માં તેમના વિવિધ બિઝનેસે અંદાજે ૨ અબજ ડૉલરથી વધુ કમાણી કરી છે. હજાર પાનાના નાણાકીય ખુલાસા દસ્તાવેજના આધારે ડેમોક્રેટ્સ અનેક તપાસોની તૈયારીમાં છે. આ સિવાય ટ્રમ્પ અને તેમના પરિવાર સાથે જોડાયેલા ક્રિપ્ટો ડીલ્સ પણ તપાસના શકંજામાં આવી શકે છે. તે સિવાય જમાઈ કુશનર સાથે જોડાયેલા સોદાઓની તપાસ પણ શરૂ થઈ શકે છે.

આ સિવાય Binanceના સ્થાપકને માફ કરવાનો મામલો પણ ફરી તુલ પકડી શકે છે. તેની સાથે સાથે બેલ્જિયમના એન્ટવર્પ વર્લ્ડ ડાયમંડ સેન્ટરના પ્રમુખ ઈસિડોર મોર્સેલે ટ્રમ્પને 'ફ્રીડમ ૨૫૦' નામની હીરા અને રત્નોથી જડેલી સોનાની વીંટી ભેટમાં આપી હતી. તેની કિંમત ૨૫થી ૩૦ હજાર ડૉલર આંકવામાં આવી છે. તેના ૪ અઠવાડિયા બાદ અમેરિકાએ બેલ્જિયમની ડાયમંડ ઈન્ડસ્ટ્રીને ટેરિફમાંથી છૂટ આપી હતી. આ મામલે પણ હિતોના ટકરાવને લઈને તપાસ થઈ શકે છે.

> **૧૯૪૨માં ફ્રેન્કલિન રૂઝવેલ્ટ સત્તા ઉપર હતા ત્યારે મિડટર્મમાં તેમની પાર્ટીને ૪૫ બેઠકો ગુમાવવાનો વારો આવ્યો હતો. છેલ્લાં ૮૪ વર્ષના અમેરિકી ઈતિહાસમાં દરેક મિડટર્મ ચૂંટણીઓ સત્તાધારી પક્ષ અને પ્રમુખને નડી જ છે : ૨૦૧૦માં બરાક ઓબામાના પહેલા કાર્યકાળમાં મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સે ૬૩ બેઠકો ગુમાવી હતી. ૨૦૦૬માં જ્યોર્જ ડબ્લ્યૂ બુશના બીજા કાર્યકાળમાં મિડટર્મમાં રિપબ્લિકનને ૩૦ બેઠકો ગુમાવવાની આવી હતી. તેવી જ રીતે ડોનાલ્ડ ટ્રમ્પના જ પોતાના પહેલા કાર્યકાળમાં ૨૦૧૮માં રિપબ્લિકને ૪૧ બેઠકો ગુમાવી હતી. બિલ ક્લિન્ટનના બીજા અને જ્યોર્જ ડબ્લ્યૂ બુશના પહેલા કાર્યકાળમાં મિડટર્મ ઈલેક્શનમાં સત્તાધારી પક્ષને નજીવો ફાયદો થયો હતો : અમેરિકામાં રાષ્ટ્રપતિની સત્તાઓ બંધારણમાંથી આવે છે, માત્ર કોંગ્રેસમાં બહુમતીથી નહીં. આવી સ્થિતિમાં ટ્રમ્પની કેટલીક સત્તાઓ ચોક્કસપણે ઓછી થશે, પરંતુ ઘણી સત્તાઓ યથાવત રહેશે. જેમ કે- એક્ઝિક્યુટિવ ઓર્ડર જાહેર કરવા, કોંગ્રેસના કોઈપણ બિલ પર વીટો કરવા, વિદેશ નીતિ અને સૈન્ય કાર્યવાહી અંગે નિર્ણયો લેવા.**

ટ્રમ્પ માટે રાજકીય રીતે બે મોટા જોખમો સર્જાઈ શકે તેમ છે

જાણકારોના મતે ટ્રમ્પ ઉપર બે મોટા રાજકીય જોખમો છે. તેમાં સૌથી પહેલું લેમ-ડક રાષ્ટ્રપતિ બનવાનું જોખમ છે. ટ્રમ્પનો આ બીજો કાર્યકાળ છે. કાયદા મુજબ તેઓ ત્રીજી વખત રાષ્ટ્રપતિ બની શકતા નથી. તેમના પર તેથી જ લેમ-ડક રાષ્ટ્રપતિ બનવાનું અને પાર્ટી પરની પકડ નબળી પડવાનું જોખમ છે. લેમ-ડકનો અર્થ છે લંગડી બતક. આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર બનવા માટે કેટલાક રિપબ્લિકન નેતાઓ ટ્રમ્પની વાત માનવાનું અને તેમનો બચાવ કરવાનું બંધ કરી શકે છે. આ ઉપરાંત ટ્રમ્પ અગાઉ ૨૦૧૯ અને ૨૦૨૧માં બે વખત મહાભિયોગનો સામનો કરી ચૂક્યા છે. બંને વખત તેઓ સેનેટમાંથી બચી ગયા હતા. ડેમોક્રેટ્સ ત્રીજી વખત પણ મહાભિયોગ લાવી શકે છે. ટ્રમ્પ પણ કહી ચૂક્યા છે કે જો રિપબ્લિકન જીત્યા નહીં, તો ડેમોક્રેટ્સ મહાભિયોગમાં ફસાવવાનું કોઈ કારણ શોધી લેશે. જાણકારોના મતે થોડા સમય પહેલા થયેલા સર્વેમાં બહાર આવ્યું હતું કે, અડધાથી વધુ અમેરિકનો ટ્રમ્પ સામે મહાભિયોગના પક્ષમાં છે.

૨૦૧૦માં બરાક ઓબામાને સૌથી મોટી હાર મળી હતી

વર્ષ	રાષ્ટ્રપતિ	પક્ષ	બેઠકોનો તફાવત (હાઉસ / સેનેટ)
૧૯૪૨	ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ	ડેમોક્રેટિક	-૪૫ / -૮
૧૯૪૬	હેરી એસ. ટ્રુમેન	ડેમોક્રેટિક	-૫૪ / -૧૦
૧૯૫૦	હેરી એસ. ટ્રુમેન	ડેમોક્રેટિક	-૨૮ / -૫
૧૯૫૪	ડ્વાઈટ ડી. આઈઝનહાવર	રિપબ્લિકન	-૧૮ / -૨
૧૯૫૮	ડ્વાઈટ ડી. આઈઝનહાવર	રિપબ્લિકન	-૪૮ / -૧૨
૧૯૬૨	જ્હોન એફ. કેનેડી	ડેમોક્રેટિક	-૪ / +૪
૧૯૬૬	લિંડન બી. જોનસન	ડેમોક્રેટિક	-૪૭ / -૩
૧૯૭૦	રિચાર્ડ નિક્સન	રિપબ્લિકન	-૧૨ / +૨
૧૯૭૪	જેરાલ્ડ ફોર્ડ	રિપબ્લિકન	-૪૮ / -૪
૧૯૭૮	જિમી કાર્ટર	ડેમોક્રેટિક	-૧૫ / -૨
૧૯૮૨	રોનાલ્ડ રીગન	રિપબ્લિકન	-૨૬ / ૦
૧૯૮૬	રોનાલ્ડ રીગન	રિપબ્લિકન	-૫ / -૮
૧૯૯૦	જ્યોર્જ એચ. ડબલ્યુ. બુશ	રિપબ્લિકન	-૮ / -૧
૧૯૯૪	બિલ ક્લિન્ટન	ડેમોક્રેટિક	-૫૪ / -૯
૧૯૯૮	બિલ ક્લિન્ટન	ડેમોક્રેટિક	+૪ / ૦
૨૦૦૨	જ્યોર્જ ડબલ્યુ. બુશ	રિપબ્લિકન	+૮ / +૨
૨૦૦૬	જ્યોર્જ ડબલ્યુ. બુશ	રિપબ્લિકન	-૩૨ / -૬
૨૦૧૦	બરાક ઓબામા	ડેમોક્રેટિક	-૬૩ / -૬
૨૦૧૪	બરાક ઓબામા	ડેમોક્રેટિક	-૧૩ / -૯
૨૦૧૮	ડોનાલ્ડ ટ્રમ્પ	રિપબ્લિકન	-૪૧ / +૨
૨૦૨૨	જો બાઈડન	ડેમોક્રેટિક	-૯ / +૧
૨૦૨૬	ડોનાલ્ડ ટ્રમ્પ	રિપબ્લિકન	મત ગણતરી ચાલુ છે



અમેરિકામાં મિડટર્મ ચૂંટણી ઈરાન યુદ્ધના કારણે અમે હાર્યા, વાન્સની સોશિયલ મીડિયા પર હૈયાવરાળ

ઉપપ્રમુખ વાન્સે હારનું ઠીકરું ટ્રમ્પના માથે ફોડ્યું

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીના પરિણામોએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના રિપબ્લિકન પક્ષને મોટો ઝાટકા આપ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ પ્રતિનિધિસભા અને સેનેટ બંનેમાં બહુમત હાંસલકરી લીધો છે. ચૂંટણીના પરિણામોના પગલે હવે રિપબ્લિકનમાં જ ટ્રમ્પની નેતાગીરીને લઈને સવાલ ઉઠવા લાગ્યા છે. ટ્રમ્પના એકહથ્થુ શાસન સામે પક્ષમાંથી જ પડકાર ફેંકાવવા લાગ્યો છે.

સમર્થકો મતદાન કરવા બહાર નીકળ્યા જ નહીં તેવું નથી, અમારા મતદારોએ ડેમોક્રેટ્સને મત આપ્યોઃ સેનેટર ટેડ ક્રુઝનો બળાપો

તેમા સૌપ્રથમ મોરચો તો વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે જ ખોલ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખેલી લાંબીલચક પોસ્ટમાં ટ્રમ્પના ઈરાન યુદ્ધના નિર્ણયની ઝાટકણી કાઢી છે અને રિપબ્લિકનના પરાજયનું એકમાત્ર કારણ ટ્રમ્પનું ઈરાન યુદ્ધ ગણાવ્યું છે. ઈરાન યુદ્ધના લીધે મોંઘવારી કાબૂ બહાર જતી રહેતા અમેરિકન પ્રજાએ ધીરજ ગુમાવી હતી અને રિપબ્લિકનોના કટ્ટર સમર્થક કહેવાતા રાજ્યો પણ તેમનાથી નારાજ થઈ ગયા હતા.

આનાથી ફક્ત વોશિંગ્ટનમાં જ સત્તા સંતુલન બદલાયુ છે તેવું નથી, રિપબ્લિકન પાર્ટીમાં પણ સત્તા સંતુલન બદલાતું નજરે પડે છે. પ્રમુખ ટ્રમ્પ અને વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ વચ્ચેના મતભેદ સપાટી પર આવી ગયા છે. વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે ઈરાન યુદ્ધને પક્ષના પરાજયનું સૌથી મહત્ત્વનું કારણ માનતા ટ્રમ્પના જાહેર વલણથી અલગ વલણ અપનાવ્યું છે. અમેરિકન રાજકારણમાં ટ્રમ્પ અને તેના સંભવિત ઉત્તરાધિકાર વેન્સ વચ્ચેના મતભેદની ચર્ચા તેજ થઈ ગઈ છે.

જેડી વાન્સે ઈરાન યુદ્ધને પક્ષના પરાજયનું કારણ ગણાવીને એક રીતે

(અનુસંધાન ૧ ૩મે પાને)

હાર્યો જુગારી બમણુ રમે ઈરાનનો વાન્સ પર કટાક્ષ

તહેરાન,તા.૫

અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે મિડ ટર્મ ચૂંટણીના પરિણામને લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. તેના પર વળતો પ્રહાર કરતાં ઈરાની સંસદના સ્પીકર એમબી ગાલિબાફે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે હારેલા જુગારીઓના વિચાર એકસરખા હોય છે, તે હાર્યા છતાં પણ દાવ છોડી શકતા નથી. સરળ શબ્દોમાં કહીએ તો હાર્યો જુગારી બમણુ રમે તેમ ગાલિબાફ કહેવા માંગે છે. ગાલિબાફે જણાવ્યું હતું કે તમારા બોસ યુદ્ધના આગામી તબક્કાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે ઈઝરાયેલ ફર્સ્ટની નીતિના લીધે અમેરિકા હવે ભયંકર વળાંક પર ઊભું છે. તમે આ બધી વાતો તમારા બોસને કેમ કરતા નથી.

કેદારનાથ ધામનો અદભૂત નજારો



હિમાલયની પર્વતમાળાઓની વચ્ચે સમુદ્ર સપાટીથી આશરે ૧૧,૭૪૫ ફૂટની ઊંચાઈએ આવેલું કેદારનાથ ધામ ભારતનાં સૌથી સુંદર અને પવિત્ર તીર્થસ્થળોમાંનું એક છે. ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગોમાં સ્થાન ધરાવતું આ ધામ માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર જ નથી, પરંતુ પ્રકૃતિના અદ્ભુત સૌંદર્યનો પણ અનોખો અનુભવ કરાવે છે. ચારે તરફ ઊંચા પર્વતો, શાંત વાતાવરણ અને ભવ્ય હિમાલયની વચ્ચે વસેલું આ ધામ જાણે ધરતી પર સ્વર્ગનો અહેસાસ કરાવે છે. તાજેતરમાં ઉત્તરાખંડના કેદારનાથ વિસ્તારમાં થયેલી હિમવર્ષાએ આ સ્થળની સુંદરતામાં ઓર વધારો કર્યો છે. તસવીરમાં એક તરફ ઊંચા અને વિશાળ પર્વતોની હારમાળા નજરે પડે છે, તો બીજી તરફ તેમની વચ્ચે વસેલી કેદારનાથની ઈમારતો બરફથી ઢંકાયેલી જોવા મળે છે. એક તરફ ભગવાન શિવના પવિત્ર ધામની આધ્યાત્મિકતા અને બીજી તરફ હિમવર્ષા બાદ પ્રકૃતિએ સર્જેલું આ અદભુત સૌંદર્ય કેદારનાથને વિશેષ બનાવે છે. અહીં શ્રદ્ધા અને પ્રકૃતિ જાણે એકબીજામાં સમાઈ ગયાં હોય તેવો અનુભવ થાય છે. બરફની સફેદ ચાદરમાં લપેટાયેલું કેદારનાથનું આ મનમોહક રૂપ આંખોમાં વસી જાય તેવું છે.

ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ શસ્ત્રો હાંસલ નહીં કરવા દઈએ

મિડ ટર્મ ચૂંટણીમાં ભલે હાર્યા, પરંતુ ઈરાનને તો નહીં જ છોડીએ : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૫

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સ્વીકાર્યુ હતું કે ઈરાન સાથેનું યુદ્ધ અને તેના કારણે ફૂડ ઓઈલના ઊંચા ભાવના લીધે મોંઘવારી તેમને લઈ ડૂબી છે, પરંતુ તેની સાથે જણાવ્યું હતું કે ઈરાન યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ જ નથી. લાંબા ગાળે પણ ઈરાન સાથે યુદ્ધ જ વિકલ્પ છે. તેથી તેઓ ઈરાન સામેના યુદ્ધની નીતિમાંથી અને તેને પરમાણુ શસ્ત્રો હાંસલ કરતાં રોકવાની નીતિમાંથી પીછેહઠ કરવાના નથી. તેથી યુદ્ધના લીધે હાલમાં જે મોંઘવારી છે, તે ટૂંકા ગાળા માટેની છે. તે યુદ્ધ ખતમ થતાં જ ઓસરી જશે.

ટ્રમ્પનું ઈરાન સામે લશ્કરી કાર્યવાહી ચાલુ રાખવા મુદ્દે અડગ વલણ યથાવત્ : હેગસેથનું રાજીનામુ લેવાની વાત નકારી

અમેરિકન પ્રમુખ ટ્રમ્પને પત્રકારોએ જ્યારે વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે સોશિયલ મીડિયા પર ઈરાન યુદ્ધના લીધે પક્ષનો પરાજય થયો તેવી પોસ્ટની વાત કરી ત્યારે તેના જવાબમાં આ વાત જણાવી હતી.

ટ્રમ્પે જણાવ્યું હતુ કે યુદ્ધને લઈને હું આશ્વસ્ત છું. અમે ઈરાનના લશ્કરને મોટા પાયા પર નુકસાન પહોંચાડ્યુ છે. તેમના નૌકાદળને ખતમ કરી નાખ્યું છે. તેમનું હવાઈદળ ખતમ થઈ ચૂક્યુ છે. તેમની એન્ટી એરક્રાફ્ટ ગન ખતમ થઈ ચૂકી છે.

આ પરાજયનો તેવો અર્થ કાઢવામાં ન આવે કે ઈરાનના મોરચે અમે પીછેહઠ કરીશુ. અમે તે જારી જ રાખીશુ. આના પગલે આજે હોર્મુઝમાંથી ઓઈલનો જબરદસ્ત પ્રવાહ વહી રહ્યો છે. તેમણે આ

(અનુસંધાન ૧ ૩મે પાને)

ઈઝરાયેલમાં આરબ પક્ષોનું આઈસેનકોટને સમર્થન

તેલ અવીવ, તા.૫

ઈઝરાયેલમાં અંતે નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થઈ રહ્યો છે. આ સાથે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની વિદાય નક્કી થઈ ગઈ છે. આરબ પાર્ટી જોઈન્ટ લિસ્ટે બેન્જામિન નેતન્યાહુના પ્રતિસ્પર્ધી ગાદી આઈસેનકોટને સમર્થન આપવાની જાહેરાત કરી છે. ૧૧ બેઠકો જીતનારી જોઈન્ટ લિસ્ટનું કહેવું છે કે તેઓ રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગને આગામી વડાપ્રધાન તરીકે યાશાર પાર્ટીના ચેરમેન ગાદી આઈસેનકોટના નામની ભલામણ કરશે. અન્ય એક આરબ પાર્ટી રાઆમ પક્ષ પહેલાથી જ ગાદી આઈસેનકોટને સમર્થન કરવાની જાહેરાત કરી ચૂકી છે.

ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ હેઠળ કાર્યવાહી

ચૂંટણી હારતા જ ટ્રમ્પ ત્રાટક્યા ભારતની નવ કંપનીઓ પર પ્રતિબંધ

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીમાં પરાજય થતાં જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય કંપનીઓને સાણસામાં લેવાનું શરૂ કરી દીધું છે. અમેરિકાએ ભારતીય કારોબારી તેની પત્ની અને ભારતની નવ કંપનીઓ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

ભારતીય કારોબારી સુનીલકુમાર શર્મા અને પત્ની પર ઈરાનને મદદ કરવાનો આરોપ

આ કંપનીઓ પર ઈરાનના ઓઈલ કારોબાર પર લાગેલા પ્રતિબંધોથી બચવાનો આરોપ છે. અમેરિકાના નાણા મંત્રાલય મુજબ આ આખુ નેટવર્ક દરિયાઈ છેતરપિંડી દ્વારા ઈરાનના પ્રતિબંધિત ઓઈલનો કારોબાર જારી રાખવામાં મદદ કરી રહ્યું હતું. મંત્રાલયે તેને મોટું કાઈમ નેટવર્ક ગણાવ્યું છે.

અમેરિકન નાણા મંત્રાલયે ભારતીય

(અનુસંધાન ૧ ૩મે પાને)

આરોપીની ધરપકડ મુદ્દે પોલીસની મનમાની પર સુપ્રીમની બ્રેક

સત્તાવાર ધરપકડ નહીં, અટકાયતની સાથે જ ૨૪ કલાકનો સમય શરૂ : સુપ્રીમ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં સ્પષ્ટ કર્યું છે કે કોઈ વ્યક્તિની ધરપકડ બાદ મેજિસ્ટ્રેટ સમક્ષ તેને હાજર કરવાની ૨૪ કલાકની બંધારણીય મર્યાદા પોલીસ સત્તાવાર રીતે તેની ધરપકડ જાહેર કરે ત્યારથી નહીં પરંતુ તેની અટકાયત સાથે જ શરૂ થઈ જાય છે. બંધારણની કલમ ૨૨(૨)ના હેતુઓ માટે 'ધરપકડ' અને 'અટકાયત' વચ્ચે કૃત્રિમ તફાવત ઊભો કરવા બદલ સુપ્રીમે પોલીસની ઝાટકણી કાઢી હતી.

ધરપકડ-અટકાયત વચ્ચે ફરક કરવો ગેરબંધારણીય, વ્યક્તિને ૨૪ કલાકમાં મેજિસ્ટ્રેટ સામે હાજર ના કરાય તો છોડવી પડે

ન્યાયાધીશો ઉજ્જવલ ભુઈયાં અને અતુલ એસ. ચંદુરકરની બેન્ચે જણાવ્યું હતું કે, કોઈ આરોપીને મેજિસ્ટ્રેટ સામે ૨૪ કલાકની અંદર હાજર કરવા માટે બંધારણ હેઠળની જોગવાઈનો સમય તેની સ્વતંત્રતા છીનવાય ત્યારથી જ શરૂ થાય છે. આરોપીએ કોઈ ગૂનો કર્યો છે તેમ માનીને પોલીસ કે ઓથોરિટી તેની ધરપકડ કે અટકાયત કરે ત્યારથી જ ૨૪ કલાકની સમય મર્યાદા શરૂ થઈ જાય છે. આ સમય મર્યાદામાં આરોપીને મેજિસ્ટ્રેટ સામે રજૂ કરવામાં ના આવે તો તેને તાત્કાલિક છોડી

(અનુસંધાન ૧ ૩મે પાને)

મેજિસ્ટ્રેટે આરોપીના હાજર થતા અટકાયતની વાસ્તવિક તારીખ અને સમય નોંધવા પડશે

સરકારી બ્લડ સર્વિસના ત્રણ ફ્રુલિંગ સ્ટોરેજને નિશાન બનાવાયા

ફ્રાન્સમાં બ્લડ બેન્ક પર સાઈબર એટેક સ્ટોરેજનું તાપમાન ૧૧૦ ડિગ્રી કર્યું

પેરિસ, તા. ૫

ફ્રાન્સમાં નેશનલ બ્લડ સર્વિસના ત્રણ કોલ્ડ સ્ટોરેજને નિશાન બનાવીને હેકર્સે તેનું તાપમાન માઈનસ ૩૦ ડિગ્રીથી વધારીને ૧૧૦ ડિગ્રી કરી દેતા ખળભળાટ મચી ગયો હતો. દર્દીઓને ચડાવવા માટે અને દવા બનાવવા માટે જે પ્લાઝમાનો મોટો જથ્થો સ્ટોરેજમાં રખાયો હતો તેના પર જોખમ આવી પડ્યું હતું. એ પ્લાઝમા સલામત છે કે કેમ તેની તપાસ શરૂ થઈ છે. હુમલો ક્યા દેશમાંથી થયો તેની તપાસ નેશનલ સુરક્ષા એજન્સીઓએ શરૂ કરી છે.

કોલ્ડ સ્ટોરેજને માઈનસ ૩૦ ડિગ્રીએ સેટ કરીને દર્દીને ચડાવવા માટે સંખ્યાબંધ પ્લાઝમા-પેક રખાયા હતા : તપાસનો આદેશ

ફ્રાન્સની ઈએફએસ નામની નેશનલ બ્લડ સર્વિસ પર સાઈબર હુમલો થયો હતો. જે ત્રણ કોલ્ડ સ્ટોરેજમાં પ્લાઝમાનો જથ્થો સાચવી રખાયો હતો તેનું તાપમાન કોન્ટ્રાક્ટ ફૂલવર્લ્ડ નામની કંપનીને આપ્યો હતો. હેકર્સે તે કંપનીના સ્ટોરેજને નિશાન બનાવ્યા હતા. જોકે, બેંકના મેનેજમેન્ટે કહ્યું હતું કે તુરંત જાણકારી મળી હોવાથી પ્લાઝમા સલામત છે, છતાં એની તપાસ શરૂ થઈ છે. કેટલી મિનિટ સુધી તાપમાન બદલાયેલું રહ્યું હતું તેની તપાસ હાથ ધરાઈ છે.

કોલ્ડ સ્ટોરેજમાં દર્દીઓને ચડાવવા માટે બ્લડમાંથી અલગ કરેલા પ્લાઝમા ચાલવવામાં આવ્યા હતા. એમાંથી દવા પણ બનતી હતી. કયા દેશના હેકર્સે કે હેકર્સના ગ્રુપે આ કારસ્તાન કર્યું છે તેની જાણકારી હજુ મળી નથી. અગાઉ ફ્રાન્સ, નેધરલેન્ડ, બેલ્જિયમ, સ્વીડન, આયર્લેન્ડ, ફિનલેન્ડ જેવા આઠ-દસ યુરોપિયન દેશોના સુપરમાર્કેટમાં ફ્રીજરનું તાપમાન ૫૦ કરી દેવાયું હતું. આઠ-દસ દિવસના અંતરે જ બબ્બે વખત યુરોપમાં હેકર્સે સુપરમાર્કેટને ટાર્ગેટ કરતાં ડેરી પ્રોડક્ટ સહિતની કેટલીય

(અનુસંધાન ૧ ૩મે પાને)

યુરોપની સુપરમાર્કેટના ફ્રીજનું તાપમાન ૫૦ ડિગ્રી કર્યા પછી હેકિંગની વધુ એક ઘટના

દૂર બેઠા બેઠા હેકર્સે માઈનસ ૩૦ ડિગ્રીમાંથી ૧૧૦ કરી નાખ્યું હતું. સમયસર એલર્ટ આવી જતાં તુરંત સેટિંગ બદલવાની કવાયત હાથ ધરાઈ હતી. નેશનલ બ્લડ સર્વિસે કોલ્ડ સ્ટોરેજનો

ટ્રમ્પની મિડટર્મમાં હાર બાદ ઈરાનમાં રાર



અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાટીને મોટો ફટકો પડ્યા બાદ ઈરાનમાં તેની રાજકીય અસર જોવા મળી છે. ઈરાનની રાજધાની તેહરાનમાં યોજાયેલી એક વિશાળ રેલી દરમિયાન પ્રદર્શનકારીઓએ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સાથીઓનાં ફોટા ધરાવતું વિશાળ પોસ્ટર સળગાવીને વિરોધ નોંધાવ્યો હતો. આ પોસ્ટરમાં ટ્રમ્પ ઉપરાંત અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુનાં ફોટા પણ હતા. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના મોતનો બદલો લેવાની માગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. રેલીમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. પ્રદર્શનકારીઓએ લાલ રંગના ઝંડા લહેરાવ્યા હતા અને અમેરિકા વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. કેટલાક ઝંડા પર 'અમે ટ્રમ્પને મારી નાખીશું' લખેલું હતું.

મહિલા હેકર દ્વારા અજબ રીતે સ્ટોક ફ્રોડ

ડીમેટ એકાઉન્ટ હેક કરી ૪.૫૮ કરોડના શેર વેચી પેની સ્ટોક્સ ખરીદ્યા

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૫

ડીમેટ એકાઉન્ટને હેક કરીને ઉચ્ચ મૂલ્યના શેર વેચીને અને તેમાંથી મળેલી રકમથી પેની સ્ટોક્સ ખરીદવાના આરોપસર પોલીસે એક મહિલાની ધરપકડ કરી હતી.

ઈમેઈલ, ઓટીપીનો એક્સેસ મેળવી લીધોઃ પોલીસે ધરપકડ કરી ૨.૮૬ કરોડના શેર ફ્રીઝ કર્યા

પીડિત મહિલા દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે દક્ષિણ ક્ષેત્ર સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ગત ઓગસ્ટમા મહિલા ભેજાબાજે ફરિયાદીનું ડીમેટ એકાઉન્ટ હેક કર્યું હતું. ગુનેગારે રૂ. ૪. ૫૮ કરોડના શેર વેચ્યા હતા, તેમાંથી મળેલા પૈસાનો ઉપયોગ રૂ. ૧.૭૧ કરોડના પેની સ્ટોક્સ ખરીદવા માટે કર્યો હતો. આ ઘટના બાદ પોલીસે સફળતાપૂર્વક રૂ. ૨,૮૬,૭૪,૫૪૭ ના શેર ફ્રીઝ કર્યા હતા.તપાસમાં પુષ્ટિ મળી કે ડિમેટ એકાઉન્ટમાં લોગ ઈન કરવા માટે જરૂરી

(અનુસંધાન ૧ ૩મે પાને)

સુપરમાર્કેટમાં સાયબર એટેક, ડ્રોન ઘૂસણખોરીથી યુરોપમાં ગભરાટ

યુરોપમાં અનેક ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવવાની ધમકીથી હોબાળો મચ્યો

(પીટીઆઈ) મિલાન, તા.૫

યુરોપમાં ગુરુવારે અનેક વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હોબાળો મચી ગયો હતો. ધમકીના પગલે અનેક વિમાનોના રસ્તા બદલવા પડ્યા હતા અને તકેદારીના ભાગરૂપે તેમને અન્યત્ર ઉતારવા પડ્યા હતા જ્યારે ફ્રાન્સમાં એક વિમાનને એસ્કોર્ટ કરીને ઉતરાણ કરાયું હતું. જોકે, આ ધમકીઓ માત્ર અફવા નીકળી હતી, પરંતુ તેના પગલે હજારો પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. યુરોપમાં મંગળવારે પણ આ રીતે અનેક વિમાનોને બોમ્બને ઉડાવી દેવાની મળેલી ધમકીઓ અફવા નીકળી હતી.

ફ્લાઈટ્સ ડાયવર્ટ કરાઈ કે ઈમરજન્સી લેન્ડિંગ, કોઈ જોખમી કે શંકાસ્પદ મટિરિયલ મળ્યું નહીં : હજારો પ્રવાસી મુશ્કેલીમાં મુકાયા

યુરોપમાં કોપનહેગન, ડબલિન, હેલસિન્કી, મેડ્રીડ, મિલાન અને વોરસો સહિત એક ડઝનથી વધુ શહેરોમાં વિમાનોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હોવાની પુષ્ટી કરાઈ હતી. મોટાભાગની ફ્લાઈટ્સને ઈમરજન્સી લેન્ડિંગ માટે અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરાઈ હતી જ્યારે અન્ય કેટલીક ફ્લાઈટ્સે ગંતવ્ય સ્થળે જ લેન્ડિંગ કર્યું હતું. એરપોર્ટ પર વિમાનોના ઉતરાણ બાદ તેમની સઘન તપાસ કરાઈ હતી, પરંતુ તંત્રને કોઈ જોખમી અથવા શંકાસ્પદ વસ્તુઓ મળી નથી.

ચેકગણરાજ્યની પોલીસે જણાવ્યું હતું કે, ચાર વિમાનોને પ્રાગમાં લેન્ડ કરાયા હતા અને તેમની સર્ચ કરાઈ હતી. જોકે, સરકારે આ અંગે વધુ કોઈ વિગતો

(અનુસંધાન ૧ ૩મે પાને)

મારિસાના કેમ્પેઈનનું સૂત્ર હતું લેટ્સ સ્યુ ઈટ

મેટાને ઝૂકાવનારાં ભારતીય મૂળનાં મારિસા રોય લોસ એન્જલ્સના એટર્ની

લોસ એન્જલ્સ,તા.૫

સોશિયલ મીડિયા જાયન્ટ મેટાને કેલિફોર્નિયા સ્ટેટના કેસમાં ધોબી પછાડ આપીને ૧૭ અબજ ડોલરમાં સેટલમેન્ટ કરવાની ફરજ પાડનારાં ભારતીય મૂળનાં મારિસા રોય અમેરિકા બીજા નંબરના સૌથી મોટા શહેર લોસ એન્જલ્સનાં એટર્ની બન્યાં છે. અહીં તે નોંધવુ જરૂરી છે કે લોસ એન્જલ્સના મેયર તરીકે ભારતીય મૂળનાં જ નિત્યા રમન ચૂંટાઈને આવ્યાં છે. હવે વધુ એક ભારતીયને લોસ એન્જલ્સ જેવા શહેરમાં મહત્ત્વનો હોદ્દો મળ્યો છે. જ્યારે અન્ય એક ભારતીય મૂળના મમદાની અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂયોર્કના મેયર છે.

મારિસાએ ૪.૮૮ લાખ વોટ મેળવીને જીત મેળવી, તેમને કુલ વોટના ૬૬ ટકા તો હરીફને ૩૩ ટકા મત મળ્યાં

ભારતીય મૂળનાં મારિસા રોયે ૪,૮૮,૦૬૪ મત મેળવ્યા છે, જ્યારે રિપબ્લિકન હરીફ જોન મેકિનીને ૨.૪૫



લાખ મત મળ્યા છે. રોયે પ્રચાર માટે પરંપરાગત સ્ટાઈલ કરતાં જરા હટકે સ્ટાઈલ અપનાવી હતી. તેમની ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ જરા હટકે છે. તેમા બોલિવૂડ ગીતો છે. તેમના વોર્ડરોબનું એમેથિસ્ટ અને જ્વેલ ટોન્ડ બ્લેઝર જાણે તેમનો

મારિસાની કામગીરીના લીધે મેટાએ કેલિફોર્નિયાના કેસમાં ૧૭ અબજ ડોલરમાં સમાધાન કર્યું હતું

ટ્રેડમાર્ક બની ગયું છે. તેમના પ્રચાર અભિયાનની શૈલી પણ અલગ હતી. તેમના કેમ્પેઈનનું સૂત્ર હતુ લેટ્સ સ્યુ ઈટ. એટલે કે ચાલો કેસ કરીએ.

માતા અને અમેરિકન પિતાનું સંતાન છે. તેમનો ઉછેર કેલિફોર્નિયામાં મોનરોવિયા ખાતે થયો છે. તેમણે ફ્રિલેન્ડ્રિજ પ્રીપેરેટરી સ્કૂલમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી છે. તેમણે સધર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી સ્કોલરશિપ મેળવી તો યેલ યુનિવર્સિટીમાંથી લોની ડિગ્રી મેળવી હતી.

(અનુસંધાન ૧ ૩મે પાને)



HAPPY
Dhanteras

KALYAN
JEWELLERS

kalyan
Bhava

WIN
50
CRORE
WORTH PRIZES
& OFFERS*

UP TO
40% OFF
ON MAKING CHARGES

0%
DEDUCTION ON
OLD GOLD
EXCHANGE

₹1 CRORE
CASH PRIZE FOR
1 MEGA WINNER

₹5 LAKH
CASH PRIZE FOR
25 WINNERS

₹1 LAKH
CASH PRIZE FOR
100 WINNERS

Get 1 COUPON
ON EVERY ₹25K WITH GOLD JEWELLERY

Get 2 COUPONS
ON EVERY ₹25K WITH STUDDED JEWELLERY

Get 2X COUPONS
ON OLD GOLD EXCHANGE

ASSURED STORE LEVEL PRIZES

KALYAN SPECIAL GOLD RATE

SHOWROOMS OPEN AT 8:00 AM ON DHANTERAS

OPEN ON ALL DAYS

AHMEDABAD: AMBAWADI - PH: 95863 23433, MANINAGAR - PH: 83138 12433, HIMATNAGAR - PH: 87404 57033, VADODARA - PH: 73560 69033 | RAJKOT: DR. YAGNIK RD. - PH: 94265 53833 | 150 FT. RING RD. - PH: 73562 66033
JAMNAGAR - PH: 90995 01333 | SURAT - PH: 94091 99883 | BHAVNAGAR - PH: 73563 29333 | VADODARA: JETALPUR RD. - PH: 96879 79073, VIP RD. - PH: 81687 04543 | ANAND - PH: 70165 58944 | ADAJAN SURAT - PH: 87996 02733
GANDHINAGAR - PH: 83203 75249 | GODHRA - PH: 88495 85434 | MEHSANA - PH: 73561 42333 | GANDHIDHAM - PH: 73562 25333 | NIKOL - PH: 73560 90033 | BHUJ - PH: 73562 78333 | VAPI - PH: 73563 19333 | VARACHHA - 79948 68333

FOR MORE DETAILS CONTACT US ON TOLL FREE NUMBER: 1800 425 7333 | WWW.KALYANJEWELLERS.NET | FOLLOW US ON | BUY ONLINE @ WWW.CANDERE.COM | FOR FRANCHISE ENQUIRIES WRITE TO FRANCHISE.ENQUIRY@KALYANJEWELLERS.NET

SCAN HERE TO KNOW MORE

T&C Apply. *Minimum purchase value of ₹ 1 Lakh